સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ


વાર્ષિક લવાજમ
રૂા. ૧૨૫/-
જુલાઈ, ૨૦૨૧



## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં
# ગુરુની વિભાવના







### યોગીજયંતીએ યોગીમય બનેલા સ્વામીશ્રી...

તા. ૭-૬-૨૦૨૧ના રોજ ભક્તિભાવપૂર્વક ઊજવાયેલી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની ૧૨૯મી જન્મજયંતી વેળાએ પોતાના પ્રાણપ્યારા ગુરુદેવ યોગીજી મહારાજની દિવ્ય સ્મૃતિઓમાં તલ્લીન થઈને સ્વામીશ્રીએ યોગીજી મહારાજની ગુણગાથાઓ ગાઈ હતી. પંચદિવસીય યોગીપર્વ દરમ્યાન સંસ્થાના વિદ્વાન અને વરિષ્ઠ સંતવર્યોએ યોગીજી મહારાજના મહિમાની સૌને ઓનલાઈન માધ્યમો દ્વારા ઝાંખી કરાવી હતી.

શતાબ્દી પ્રકાશમાળા

સંપાદકીય

# તે શ્રીગુરુદેવને વારંવાર નમસ્કાર હો...

## વિરલ ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને ગુરુપૂર્ણિમાએ વંદના...



ભારત એક કૃષિપ્રધાન દેશ છે, એવું શાળાઓમાં શીખવાય છે. પરંતુ ભારતીય સંસ્કૃતિના સંસ્કારો અને વિશ્વના ઇતિહાસનો અભ્યાસ કરીએ ત્યારે ઉપરોક્ત વાક્યમાં આમ થોડો ફેરફાર કરવાનું મન થાય છે: ભારત ઋષિપ્રધાન દેશ છે. આ ઋષિઓની સંસ્કૃતિ અને ઋષિઓના સંસ્કારોની ભૂમિ છે. યુગોથી ભારતનું કુળ ઋષિકુળ રહ્યું છે. એટલે પ્રત્યેક વ્યક્તિના ગોત્રમાં ઋષિઓનાં નામ આદરપૂર્વક લેવામાં આવે છે.

ઋષિસંસ્કૃતિની વિશેષતા એ છે કે અહીં ગુરુ દ્વારા શિષ્યને આધ્યાત્મિક અને ભૌતિક જ્ઞાનની ચરમસીમાએ પહોંચાડવામાં આવે છે. ગુરુને જ આ સંસ્કૃતિમાં પરમાત્માનું સ્વરૂપ માનીને પૂજવામાં આવે છે, એની પાછળ વ્યક્તિપૂજા કે અંધશ્રદ્ધાનો પડછાયો નથી, પરંતુ ગુરુ દ્વારા સર્વોત્તમ પ્રાપ્તિના અનુભવની વાત છે. વ્યક્તિગત રીતે સાધના કરી કરીને માનવી જે ન પામે તે ગુરુકૃપાથી સહજમાં પામી જાય છે.

એટલે જ મુંડક ઉપનિષદ કહે છે: 'તદ્ વિજ્ઞાનાર્થં સ ગુરુમ્ એવ અભિગચ્છેત્ સમિત્પાણિઃ શ્રોત્રિયં બ્રહ્મ નિષ્ઠમ્' (૧-૨-૧૨) એટલે કે બ્રહ્મવિદ્યાનો સાક્ષાત્કાર કરવા માટે મુમુક્ષુએ બ્રહ્મસ્વરૂપ અને પરમાત્મામાં નિષ્ઠ એવા ગુરુના આશ્રયે જવું. શ્રીમદ્ ભાગવત ઉચ્ચારે છે: 'ગુરોઃ અનુગ્રહેણ પુમાન્ પૂર્ણઃ પ્રશાન્તયે' (૧૦-૮૦-૪૩) અને 'તસ્માદ્ ગુરું પ્રપદ્યેત જિજ્ઞાસુઃ શ્રેય ઉત્તમમ્' (૧૧-૩-૨૧) અર્થાત્ ગુરુની કૃપાથી જ વ્યક્તિ પૂર્ણ થઈને પરિપૂર્ણ શાંતિ મેળવે છે અને પોતાનું કલ્યાણ પામવા ઇચ્છતા મુમુક્ષુએ ગુરુના શરણે જવું. ચિત્તોડની રાજરાણી મીરાંબાઈને રોહીદાસ ગુરુ તરીકે મળી ગયા ને મીરાંને પરમાત્માનો સાક્ષાત્કાર ગુરુ થકી થઈ ગયો. મીરાંબાઈ લખે છે:

'મીરાંને ગોવિંદ મિલિયા રે,
ગુરુ મિલિયા રૈદાસા...'

એક બીજા પદમાં મીરાંબાઈ ગાય છે:

'વસ્તુ અમૌલિક દી મેરે સત્ગુરુ,
કિરપા કર અપનાયો,
મીરા કે પ્રભુ ગિરધર નાગર,
હરખ હરખ જસ પાયો...'

કબીરજીએ ગુરુમહિમાની અનોખી ઊંચાઈ દર્શાવી છે. હિન્દુ, મુસ્લિમ સૌ કોઈમાં સ્વીકાર્ય એવા કબીરજીએ ગુરુપૂજામાં તમામ પૂજાનો સમાવેશ બતાવ્યો છે. કબીરજીને ગુરુપૂજાનો મહિમા કહેતાં વ્યક્તિપૂજાના આરોપનો ભય લાગતો નથી. તેઓ લખે છે:

'પૂજા ગુરુ કી કિજિયે,
સબ પૂજા જિહિ માંહિ,
જબ જલ સિંચે મૂલ,
તરુ શાખા પત્ર અઘાહિ...'

એટલે કે ગુરુની પૂજા કરો તેમાં બધાની પૂજાનો સમાવેશ થઈ જાય છે, જેવી રીતે વૃક્ષના મૂળમાં જળ સિંચો તો સમગ્ર વૃક્ષને તે પાણી પહોંચે છે તેવી રીતે. ગુરુનો આટલો મહિમા કહેતાં કબીરજી નીડર બનીને કહે છે:

'ગુરુ બિન જ્ઞાન ન ઊપજૈ,
ગુરુ બિન મિલૈ ન મોક્ષ,
ગુરુ કી સેવા મુક્તિ ફલ,
યહ ગિરહી સહિદાનિ,
કહૈં કબીર તા દાસ કો,
તીન લોક ડર નાહિં...' અર્થાત્ ગુરુ વિના ન જ્ઞાન પ્રાપ્ત થાય, ન મોક્ષ

> ‘લોકો કહે છે :
> ‘ભગવાન પાસે જવામાં
> અત્યારથી શું તૈયારી કરવી ?’
> પણ અવકાશયાત્રીઓને
> ચંદ્ર પર જવું હતું તો
> તૈયારી ક્યાં કરી?
> અહીં પૃથ્વી ઉપર જ.
> એમ આ દેહે જ
> ભગવાન અને સંત-ગુરુને
> ઓળખી લેવાના છે.’
> – પ્રમુખસ્વામી મહારાજ

## ક્રમિકા


૩. શતાબ્દી પ્રકાશમાળા - સંપાદકીય – સાધુ અક્ષરવત્સલદાસ

૬. શતાબ્દી સ્મૃતિ - આવા વિરલ ગુરુદેવને આજેય ભક્તો યાદ કરે છે...

૮. શતાબ્દી બોધકથા - બાદશાહ! મહેલ કોને બનાયા?

૧૦. શતાબ્દી અનુભૂતિ - ઈતિહસ નિરંતર તેઓનું સ્મરણ કરશે..

૧૨. સાચા ગુરુ નૌકા સમાન છે. – સંકલિત

૧૬. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં ગુરુની વિભાવના (પૂર્વાર્ધ) – સાધુ બ્રહ્મવિહારીદાસ

૨૪. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં ગુરુની વિભાવના (ઉત્તરાર્ધ) – સાધુ બ્રહ્મવિહારીદાસ

૩૪. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૪૪. તાઉતે વાવાઝોડામાં સંસ્થા દ્વારા રાહતકાર્ય

૪૬. જ્હોનિસબર્ગ મંદિરનો શિલાપૂજન વિધિ

૪૮. અક્ષરવાસ

૫૦. યોગાસન


પ્રાપ્ત થાય. ગુરુની સેવાનું ફળ મુક્તિ છે. એવા ગુરુના દાસ આ કબીરને ત્રણેય લોકમાં કોઈનો ડર નથી.

ઉપનિષદ યુગથી લઈને વર્તમાન યુગ સુધી ગુરુમહિમાની આ ગાથા અસંખ્ય લોકોએ પોતાના જીવનમાં સત્ય ચરિતાર્થ થતી અનુભવી છે.

૨૦મી સદીના મહાન ભારતીય ચિંતક શ્રીઅરવિંદ તો ત્યાં સુધી કહે છે કે ‘ગુરુના શરણે જવું તે તમામ શરણાગતિઓથી પરની ગતિ છે. તેના દ્વારા તમે અહંકારથી પર થઈ જાઓ છો.’ (Letters on Yoga, pg. 614, 1972)

સ્વામી વિવેકાનંદજી તો ત્યાં સુધી કહે છે કે ‘જેમણે આધ્યાત્મિકતાનો સાક્ષાત્કાર કર્યો છે તેવા મહાન ગુરુ પૃથ્વી પર પરમાત્માનું જીવંત સ્વરૂપ છે. જ્યાં સુધી માણસનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી એવા ગુરુ પૂજાતા રહેશે.’ (What Religion Is, In the Words of Swami Vivekanand, pg. 297, 333, 1972)

માત્ર ભારત નહીં, પરંતુ વિદેશોમાં પણ ભારતીય ગુરુ-શિષ્ય પરંપરાની અસર ફેલાઈ હતી.

જેમકે, પ્રાચીન ગ્રીસમાં એથેન્સમાં પણ આવી જ ગુરુમહિમાની ગાથા સાથે ગુરુ-શિષ્ય પરંપરા વહેતી થઈ હતી. ગુરુ સોક્રેટિસના શિષ્ય પ્લેટો, અને પ્લેટોના શિષ્ય એરિસ્ટોટલની ગુરુપરંપરાની વાતો ઈતિહાસ-પ્રસિદ્ધ છે. એરિસ્ટોટલનો શિષ્ય સિકંદર તો એટલી હદ સુધી ગુરુમહિમાથી રંગાયો હતો કે તે મહાન સમ્રાટ હોવા છતાં પોતાના પિતા કરતાં પણ ગુરુ એરિસ્ટોટલને વિશેષ આદર-માન આપતો. એક દિવસ કોઈએ તેમને પૂછ્યું: ‘તમે તમારા પિતા કરતાં ગુરુને વધારે આદર આપો છો તેનું શું કારણ છે? શું તમારા પિતાનું ઋણ તમારા પર ઓછું છે?’

સિકંદરે જવાબમાં કહ્યું: ‘પિતાએ મને જીવન આપ્યું છે. એટલે તેમનું ઋણ હું ચોક્કસ સ્વીકારું છું, પરંતુ ગુરુએ મને જીવનને સાર્થક કેમ કરવું એ શીખવ્યું છે. આથી, ગુરુનું ઋણ હું વિશેષ માનું છું.

એકવાર સિકંદર ગુરુ ઓરિસ્ટોટલ સાથે પ્રવાસ કરી રહ્યા હતા. પ્રવાસ દરમ્યાન એક નદી પાર કરવાની વેળા આવી. એરિસ્ટોટલે કહ્યું: હું પહેલાં નદી પાર કરી જઈશ પછી તું આવજે. પરંતુ સિકંદરે ગુરુનું આ વચન ન માન્યું. સિકંદરે પહેલાં નદી પાર કરી પછી એરિસ્ટોટલ નદી પાર કરીને સામે કિનારે પહોંચ્યા. કોઈએ સિકંદરે પૂછ્યું: તમે ગુરુનું વચન કેમ ન માન્યું? ત્યારે સિકંદરે કહ્યું: ‘હું પહેલાં નદી પાર કરવા માગતો હતો તેનું કારણ એ હતું કે કદાચ સિકંદર ડૂબી જાય તો એરિસ્ટોટલ બીજા દસ નવા સિકંદર જેવા શિષ્યો પકાવી શકશે. પરંતુ જો એરિસ્ટોટલ ડૂબી જાય તો દસ સિકંદર ભેગા મળીને પણ એક એરિસ્ટોટલ ન બનાવી શકે.’

પ્રથમ વિશ્વયુદ્ધમાં રોયલ ઍરફોર્સના ફાઈટર પાઈલોટ તરીકે ફરજ બજાવનાર બ્રિટિશ લેફ્ટનન્ટ રોનાલ્ડ હેનરી નિક્સન કેમ્બ્રિજ યુનિવર્સિટીના

ઇંગ્લિશ લિટરેચર અને ફિલોસોફીના વિદ્વાન હતા. એક ફાઈટર પાઈલોટમાંથી પ્રગતિ કરીને તેઓ બ્રિટિશ શાસન ભારત હેઠળના લખનૌ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પણ બન્યા હતા. અહીંથી તેમને ભારતીય અધ્યાત્મનો રંગ લાગ્યો અને કૃષ્ણભક્તિના રંગે રંગાઈ ગયા. તેમણે દીક્ષા લઈને યોગી કૃષ્ણપ્રેમ નામ ધારણ કર્યું. એક દિવસ તેમને કોઈએ પૂછ્યું: 'તમે એક પાઈલોટ અને વિદ્વાન તરીકેની કારકિર્દી છોડીને આ ભગવાં કપડાં પહેરીને કૃષ્ણની મૂર્તિ રાખીને ફરો છો, તેનાથી તમને શું ફાયદો થયો?' મર્માળું સ્મિત કરીને યોગી કૃષ્ણપ્રેમે કહ્યું: 'જે મારી પહેલાં આ આધ્યાત્મિક માર્ગે ચાલીને સુખી થયા છે, એવા મહાન ગુરુએ મને પોતાના અનુભવ વડે જે રસ્તો ચીંધ્યો છે એ રસ્તે હું જાઉં છું અને કૃષ્ણને મેળવું છું.'

દિવ્ય જીવન સંઘના પૂર્વ અધ્યક્ષ અને મહાન સંત પૂજ્ય ચિદાનંદજી મહારાજે એક વખત કહ્યું હતું: 'ગુરુએ જેનો સ્વીકાર કર્યો છે તેને તે કદી છોડતા નથી. તમે ક્યારેય એકલા નથી હોતા, અર્ધી ક્ષણ પણ નહીં. તમે સદાય તમારા મહાન ગુરુના કવચથી સુરક્ષિત છો. તમે ચાલો છો ત્યારે તે તમારી સાથે ચાલે છે, તમે વિશ્રામ કરો છો, તમે ગાઢ નિદ્રામાં હો છો ત્યારે પણ તે તમારી સંભાળ લે છે.'

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની અનુગામી ગુણાતીત ગુરુપરંપરામાં આજપર્યંત અસંખ્ય ભક્તોને તેનો અનુભવ થતો રહ્યો છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા એવી ગુરુમુખી સંસ્થા છે, જ્યાં પરમાત્માના દૃઢ આશ્રય સાથે ગુરુને જીવનના કેન્દ્રમાં રાખવામાં આવે છે. ગુરુ-આજ્ઞાને સાધનાનો સાર માનવામાં આવે છે. કારણ કે અહીં અક્ષરબ્રહ્મ તત્ત્વ જ ગુરુ તરીકે સૌને દિવ્ય અને શીતળ છત્ર આપે છે. એવા મહાન ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને કેન્દ્રમાં રાખીને 'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં ગુરુની વિભાવનાની સુંદર છણાવટ કરે છે, અને એવા મહાન અને અજોડ ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજને ગુરુપૂર્ણિમાએ વંદન કરે છે.

ગુરુ-મહિમાની એ ગાથા સુણતાં, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાન ગુરુદેવની સ્મૃતિ કરતાં શ્રી ગુરુગીતામાં ભારતીય ઋષિએ ઊંચે સ્વરે ગાયેલા આ શબ્દો હૃદયમાં ગુંજવા લાગે છે:

'ન ગુરોઃ અધિકમ્ તત્ત્વમ્,
ન ગુરોઃ અધિકમ્ તપઃ,
ગુરુજ્ઞાનાન્ન પરં તત્ત્વં
તસ્મૈ શ્રીગુરવે નમઃ'

ગુરુથી અધિક કોઈ તત્ત્વ નથી, ગુરુના વચનમાં વર્તવાથી અધિક કોઈ તપ નથી, ગુરુએ કૃપા કરી આપેલા જ્ઞાનથી મોટું કોઈ તત્ત્વજ્ઞાન નથી. તેથી તે શ્રીગુરુદેવને મારા વારંવાર નમસ્કાર હો. – સાધુ અક્ષરવત્સલદાસ ◆

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥


# સ્વામિનારાયણ પ્રકાશ

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૩, અંક : ૭, જુલાઈ, ૨૦૨૧**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.


**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહારઃ**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહારઃ**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**

શતાબ્દી સ્મૃતિ



# આવા વિરલ ગુરુદેવને આજેય ભક્તો યાદ કરે છે...

એક મહાન સંસ્થાના અધ્યક્ષ, લાખો ભક્તોના ગુરુદેવ અને લબ્ધ પ્રતિષ્ઠિત વ્યક્તિત્વ હોવા છતાં પ્રમુખસ્વામી મહારાજ નાનામાં નાના વ્યક્તિના આત્મીય સ્વજન બની રહ્યા હતા. એટલે ગુરુ હોવાનો ભાર રાખ્યા સિવાય અનેક અગવડો અને કષ્ટો વેઠતાં તેઓ ભક્તો-ભાવિકોના ઘરોઘર ઘૂમવામાં ક્યારેય નાનપ અનુભવતા નહોતા. તેઓ ગામડાંના એ અભણ કે અબુધ ભક્તો વચ્ચે પણ રાષ્ટ્રપ્રમુખો અને માંધાતાઓ વચ્ચે બિરાજ્યા હોય એવો આનંદ અનુભવતા.

કેવી કેવી વિકટ પરિસ્થિતિમાં સ્વામીશ્રી થાક્યા વગર ગામોગામ ફર્યા છે એની વાત યાદ કરતાં સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના માળોદના લાલજીભાઈ નાનજીભાઈ પટેલ કહે છે કે ''લગભગ ૧૯૭૧-૭૨ની સાલ હતી. ત્યારે સમગ્ર ઝાલાવાડ પંથકમાં સખત વરસાદ વરસ્યો હતો. ભાદરવાનો એ સમય હતો. એ અરસામાં પ્રમુખસ્વામી મહારાજ ખારવા પધાર્યા હતા. અમે લોકો સ્વામીશ્રીને માળોદ પધારવાનું આમંત્રણ આપવા ગયા. સ્વામીશ્રીએ આમંત્રણ સહર્ષ સ્વીકાર્યું. ખારવામાં પારાયણ પૂરું થયા પછી હેમંત વીરા તથા ગંગારામ માવજીના ટ્રેક્ટરની ટ્રોલીમાં વિરાજીને સ્વામીશ્રી ખારવાથી નીકળ્યા.

વરસાદને લીધે રસ્તા સાવ બગડી ગયા હતા. રસ્તામાં ઠેર ઠેર ભૂવા પડી ગયા હતા. રસ્તા એ રીતે તૂટી ગયા હતા કે જાણે હવે ફરીથી ક્યારેય સરખા જ થવાના ન હોય એવું લાગે. ખારવાથી માળોદ પંદર કિલોમીટર થાય. ટ્રેક્ટર સાવ બળદગાડાની ગતિએ આગળ વધતું હતું અને પાછળ ટ્રોલીમાં બેઠેલા સ્વામીશ્રી પેટની પિચોટી ખસી જાય એ રીતે ઊછળતા હતા. ખેડૂતો પણ આવી પરિસ્થિતિમાં બેસવા તૈયાર ન થાય એવી પ્રતિકૂળતા હતી. છતાં હસતે મોઢે સ્વામીશ્રી ઠેઠ માળોદ પધાર્યા. અહીં ઉતારો કરીને તરત જ પંદર કિલોમીટર દૂર આવેલા રામપરા ગામમાં આ જ પરિસ્થિતિમાં પધરામણીએ પધાર્યા. વચ્ચે વચ્ચે ક્યાંક વરસાદ પણ વરસી જતો હતો. અહીં સભા કરીને પાછા પંદર કિલોમીટર માળોદ પધાર્યા. આવા રસ્તાઓમાં લગભગ ૪૫ કિલોમીટરની મુસાફરી સ્વામીશ્રીએ એક જ દિવસમાં કરી હતી.

રાત્રે ૧૦ વાગે પાછા માળોદ પધાર્યા ને સભા કરી, જમ્યા, થાક્યાપાક્યા રાતના એકાદ વાગે સૂતા અને બીજે દિવસે તો પાછા પરવારીને ગામમાં પધરામણીએ નીકળી પડ્યા. વરસાદને લીધે ગામમાં ગારો પણ હતો, પરંતુ એને ગણકાર્યા વગર વીસેક ઘરોમાં ચાલતાં ચાલતાં જ સ્વામીશ્રીએ પધરામણી કરી. સૌના હૈયામાં ઉમંગ હતો કે સ્વામીશ્રી મારા ઘરે પધારે. એટલે દરેકને રાજી કરવા અને કેવળ સૌના મનોરથ પૂરા કરવા માટે સ્વામીશ્રી અપાર પરિશ્રમ કરી રહ્યા હતા.''



સૌરાષ્ટ્રના ઝાલાવાડ પ્રાંતમાં ગામડાંઓમાં ટ્રેક્ટરમાં બેસીને ઘૂમતા પ્રમુખસ્વામી મહારાજ ધોમધખતા તાપમાં કે વરસતા વરસાદમાં કષ્ટો માટે એક હરફ પણ ઉચ્ચાર્યા સિવાય આનંદથી વિચરતા તેની એક વિરલ સ્મૃતિછબિ...

ચચાણા, અચારડા, બોરણા અને ભોયકા ગામના દરબારો પણ એ વાતને યાદ કરતાં કહે છે, ''એ વખતે ભયંકર વરસાદ. ચચાણાથી ટ્રેક્ટરમાં બેસીને સ્વામીશ્રી અચારડા ગયા. અહીંથી ભોયકા જવાનું હતું. રણુભા ટ્રેક્ટર ચલાવી રહ્યા હતા. વરસાદને લીધે જમીન રણવટ હતી અને ટ્રેક્ટર નાળા પાસે ફસાયું. સ્વામીશ્રી ટ્રોલીમાં બેઠા હતા, સાથે સંતો-હરિભક્તો પણ હતા. સૌ નીચે ઊતર્યા અને ભીની ગારાવાળી જમીનમાં ટાયર નીચે પથરા મૂક્યા, પણ ટ્રેક્ટર આગળ વધી ન શક્યું. ગામમાંથી બીજા બે ટ્રેક્ટર લાવવામાં આવ્યાં. આ ટ્રેક્ટર સાથે દોરડું બાંધીને ખેંચવામાં આવ્યું તોપણ મેળ ન પડ્યો. છેલ્લે ભોયકા ગામના જીલુભા ટ્રેક્ટર લઈને ગયા અને બળ કર્યું ને ટ્રેક્ટર બહાર નીકળી ગયું.'' એ ગામમાં રાત્રે ૮ વાગે સ્વામીશ્રી પહોંચ્યા.

ભોયકાથી પાંદરીના રસ્તાની પણ આવી જ અવદશા થઈ હોવાથી સ્વામીશ્રી ટ્રેક્ટરની ટ્રોલીમાં નીકળ્યા. પણ ટ્રેક્ટરના ટાયરનેય કાદવ-કળણે પોતાના જડબામાં જકડી લીધું. એક નાળા પાસે વાહન ફસાયું. સૌ નીચે ઊતર્યા અને ટાયર આગળ પથરા મૂકી તેને ધક્કે-મુક્કે આગળ ઠેલવાનો પ્રયત્ન કરવા લાગ્યા, પરંતુ ટ્રેક્ટર તસુભાર હલવાનું નામ લેતું નહોતું.

છેવટે હાથી ખૂંત્યો તે હાથીથી નીકળશે એ ન્યાયે, બીજું ટ્રેક્ટર મંગાવીને તાણિયા બાંધી ટ્રેક્ટર કાઢવાનો પ્રયત્ન કર્યો; પણ ડૂબતો જણ બચાવકારને ડુબાડતો જાય તેમ બીજું ટ્રેક્ટર પણ ગારામાં ગરક થઈ ગયું. તેને કાઢવા ત્રીજું ટ્રેક્ટર લાવ્યા; એ પણ આગલા ટ્રેક્ટરની પેઠે ફસાયું. છેવટે ચોથા ટ્રેક્ટરે મેળ પડ્યો. ત્યાં સુધી બે-ત્રણ કલાક જેટલો સમય સ્વામીશ્રી ટ્રોલીમાં બેઠાં બેઠાં ઠેલાં ખાતાં રહ્યાં!

અંતે મોડી રાત્રે પાંદરી પહોંચ્યા. એ દિવસોમાં સ્વામીશ્રી ઝાલાવાડ અને આસપાસનાં ગામડાંઓમાં જે રીતે વિચરણ કરતા હતા તે આજે કલ્પી પણ શકાય તેવું નથી. રસ્તા માત્ર નામના જ. વાહનના નામે ટ્રેક્ટર. ઊછળતી ટ્રોલીમાં બેઠાં બેઠાં ભજન-કીર્તનની રમઝટ સાથે સ્વામીશ્રી એક ગામથી બીજા ગામ ઘૂમતા, ત્યારે અપાર તકલીફો વચ્ચે ફરિયાદનો તેમણે ક્યારેય હરફ સુદ્ધાં ઉચ્ચાર્યો નથી.

આવા વિરલ ગુરુદેવને આજેય લાખો ભક્તો અશ્રુભીની આંખે વંદન કરે છે. ◆


શતાબ્દી બોધકથા

## બાદશાહ! મહેલ કોને બનાયા?

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ હળવી શૈલી અને સરળ શબ્દોમાં એવી રીતે ઉપદેશગંગા વહાવતા કે જેમાં સહજતાથી સૌને બોધ મળી જતો. અહીં પ્રસ્તુત છે એવી એમની એક પ્રાસાદિક બોધકથા. આ બોધકથા તેઓ લડાવીને એવી રીતે રજૂ કરતા કે સૌ હસી હસીને બેવડ વળી જતા. સ્વામીશ્રીની શતાબ્દીના પર્વે શતાબ્દી પ્રકાશ-માળામાં તેઓની બોધકથા માણીએ...

એક નવાબ મહેલમાં સૂતો હતો.

નવાબના મહેલની ઓસરીમાં એક દિવસ એક સાધુએ પડાવ નાંખ્યો. નવાબના સેવકોએ આ જોયું એટલે એને ટૈડકાઈને કહે, 'એ ફકીરિયા! યહાં ક્યું આયા? તમારા ઉતારે જતા રહો. યે નવાબકા મહેલ હૈ, તમકુ માલૂમ નહિ હૈ? યહાં નહિ રહેવાય.'



'પણ મારે ક્યાં નવાબનો મહેલ લઈ જવો છે? રાત રે'વું છે એમાં તમને શું વાંધો છે?' ફકીરે કહ્યું.

સિપાહીએ બહુ પ્રયત્ન કર્યો પણ સાધુ ના હટ્યો.

નવાબને આ વાતની ખબર પડી એટલે જાતે આવ્યોઃ 'અય ફકીર! અહીં ક્યાં આવ્યો? ઊઠ.'

સાધુ જ્ઞાની હતા. કહે, 'બાદશાહ! તુમ્હારા મહેલ કોને બનાયા?'

'હમેરા દાદાજીને.'

'એ ક્યાં ગયા?'

'એ તો ગયા ઉપર.' નવાબે કહ્યું.

'તો તમારા પિતાજી?'

'એ પણ ગયા.'

'જેનો મહેલ હતો એને ય તમે મહેલમાં ના રાખ્યો, તો તમને મહેલમાં રાખશે?' સાધુએ નવાબને પ્રશ્ન કર્યો ને નવાબની આંખો ઊઘડી ગઈ.

સાધુ કહે, 'હું આ મહેલમાં એક રાતનો મુસાફર છું ને તું થોડા વર્ષોનો. હવે બોલ! કોનો મહેલ ને કોણે જવાનું?'

નવાબ સાધુના પગે પડી ગયો.

આપણને પણ આટલી જ સમજણ આવી જાય તો મોટા બંગલામાં રહીએ કે ગમે એટલો વ્યવહાર કરીએ તો પણ શાંતિ રહે.

...જ્ઞાન થશે પછી વ્યવહાર કરશો તોય બંધન નહિ થાય. આપણે કોઈને ત્યાં મે'માન થયા હોઈએ. ત્યાં પાંચ દા'ડા ખઈએ, પીએ, રહીએ. ખાટલો-પાટલો બધું સારામાં સારું આપે. ઘર કરતાં પણ સારી વ્યવસ્થા હોય પણ કોઈ પૂછે, 'આ મકાન તમારું છે?' તો શું કહો?


'ના ભઈ! હું મે'માન છું.'

લ્યા! ઘર કરતાં ય વધારે સુખ છે છતાં મારું છે એમ નથી મનાતું?

એમ ગૃહસ્થમાં ઘરમાં રહો, મોટર, ગાડી, બંગલા બધું ભોગવો, વ્યવહારની જવાબદારીમાંથી છટકો નહીં, પણ ૬૦-૭૦ વર્ષના મે'માન છીએ ને જે છે એ ભગવાનનું છે એમ સમજીને રહો, તો ભોગવીએ છતાં બંધન નહીં થાય.'

પહેલાંના જમાનામાં રજવાડી ગામોમાં આપણે જમીન ખેડતા હોઈએ ને સારાં-સારાં મકાનો કર્યાં હોય તોય આપણું કાંઈ નહીં. રાજાઓને અડધી રાત્રે સ્વપ્નું આવે ને હુકમ કરે તો રાતોરાત ઘરવખરી લઈને નીકળી જવું પડે. ને ઘરવખરી ન લેવા દે તો ખાલી હાથેય નીકળી જવું પડે. આ જગતમાં પણ આપણા આવી રીતે અચાનક ઉચાળા છે. માટે વ્યવહાર ભલે કરો પણ છેવટે આત્માને ક્યાં જઈને બેસવાનું છે એનો વિચાર પણ ભેગેભેગો રાખવો.

'આર્દ્રાની વાવણી ને ઘીની તાવણી'માં મૂરત જોવા ન જવાય. એમાં તો સમય સાચવી લેવાનો હોય. આર્દ્રા નક્ષત્ર વરસે એટલે ખેડૂત બળદની શિંગોટીનું પૂજન કરી, ચાંલ્લા કરીને વાવણી શરૂ જ કરી દે. પણ જો તે ઘડીએ બ્રાહ્મણ પાસે ટીપણું ખોલાવા જાય ને બ્રાહ્મણ ધન, મકર ને કુંભ કરતો કારતક સુદ એકાદશીનું મૂરત આપે તો એમાં વાવણીનો સમો વીતી જાય. પછી કાંઈ હાથ ન આવે. એમ ભગવાન અને સંત મળ્યા છે, તો સમો સાચવી લેવો. પછી આવો જોગ નહીં મળે. ◆



શતાબ્દી અનુભૂતિ

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

# પ્રમુખસ્વામી મહારાજ: ઇતિહાસ નિરંતર તેઓનું સ્મરણ કરશે...



**આચાર્ય સુશીલકુમારજી**
(પ્રખર જૈન આચાર્ય,
સિદ્ધાચલમ્, ન્યુજર્સી, અમેરિકા)

વિશ્વનો ઇતિહાસ સાક્ષી છે કે જ્યારે સંતત્વનો ઉદય થયો ત્યારે ત્યારે જ સંસ્કૃતિ અને સભ્યતાનો અભ્યુદય ચરમ ઉત્કર્ષ પર પહોંચ્યો છે. અને જ્યારે સંતત્વનો હ્રાસ થયો છે ત્યારે ત્યારે મનુષ્ય અધોગતિ પામ્યો છે.

પ્રમુખસ્વામી મહારાજે એવા એક સંત તરીકે મારા મન પર પોતાનો પ્રભાવ અને અમીટ છાપ છોડ્યાં છે. દેખાવમાં ભલે સામાન્ય લાગે, પરંતુ તેમનો પ્રભાવ અને આકર્ષણ અસાધારણ છે. આ અનુભવ મારા એકલાનો જ નથી, પરંતુ કરોડો લોકોનો છે. સ્વામીજીએ જનતાના માનસમાં સંતભાવ જગાડ્યો છે.

સ્વામીજી દ્વારા આયોજિત યજ્ઞ-વિધાન, લાખો લોકોના યોગદાનની સુંદર વ્યવસ્થાઓ, સુંદર કાર્યપ્રણાલીઓ દ્વારા જનમાનસમાં ઉચ્ચ વિચારોનું સિંચન, અને વ્યવસ્થિત વિકસિત જીવનસ્વરૂપોને જોઈને મારા મન પર તેનો ઊંડો પ્રભાવ પડ્યો છે. મેં લંડન, જર્મની, બેલ્જિયમ, અમેરિકા વગેરે દેશોમાં એમના અક્ષુણ્ણ પ્રભાવનો અનુભવ કર્યો છે. સ્વામીજીના સામાન્ય પરિવેશમાં વિરલ વ્યક્તિત્વ લઈને કોઈ અસાધારણ ચમત્કારિક મહાપુરુષ દેખાય છે. એક યુગપુરુષ અને સન્માનિત મહાપુરુષ તરીકે આવનારો ઇતિહાસ નિરંતર તેઓનું સ્મરણ કરતો રહેશે.

બુદ્ધ અને તીર્થંકર, રામ અને કૃષ્ણ, કબીર અને નાનક વગેરે સંતોએ અને અવતારોએ ભારતને સંવર્ધિત કર્યું છે. હવે કોઈ આવે એની રાહ જોઈએ છીએ કે જે ભારતીય સંસ્કૃતિને દોરે. કૌટુંબિક, આધ્યાત્મિક, સામાજિક અને રાજકીય સ્તરે પુષ્ટિ આપે. ભગવાનની કૃપાથી એવા મહાપુરુષ મળ્યા છે. એમનું નામ છે – પ્રમુખસ્વામી મહારાજ. ભારતને એક કરવું હોય તો તે પ્રમુખસ્વામીજીના નેતૃત્વ હેઠળ એક બની શકશે. પ્રમુખસ્વામીજી સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રમુખ નથી, હિંદુ ધર્મના પ્રમુખ છે. હિંદુ ધર્મના નહીં, પણ ભારતીય સમાજના પ્રમુખ છે.

પુરાણોમાં વિશ્વકર્માની કલ્પના આવે છે. આજના યુગમાં એક એવા વિશ્વકર્માની આવશ્યકતા હતી, જે આધ્યાત્મિક સમાજનું નિર્માણ કરે. પ્રમુખસ્વામી મહારાજનું દર્શન કરતાં મને વિશ્વાસ દૃઢ થાય છે કે, એમની છોટી સી કાયામાં એક વૈજ્ઞાનિક વિશ્વકર્મા મૌજૂદ છે. મેં સતત જોયું કે, એમણે પોતાના નામ માટે કશું જ કર્યું નથી. મારા મત પ્રમાણે પ્રમુખસ્વામી એક વ્યક્તિ જ નથી, તે સમસ્ત ભારતનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ જ્યાં જાય છે ત્યાં ભારત જાય છે. તેઓ ગમે ત્યાં ભારતનું દર્શન કરાવી શકે છે. ◆

સ્વામિનારાયણ અક્ષરપીઠની
તમામ સામગ્રી ખરીદો હવે ઓનલાઈન...


# બી.એ.પી.એસ. સ્ટોર

## સ્વામિનારાયણ અક્ષરપીઠ

**BAPS.STORE**
**SWAMINARAYAN AKSHARPITH**

સ્વામિનારાયણ અક્ષરપીઠનું નૂતન સોપાન એટલે BAPS.STORE વેબસાઇટ. આ વેબસાઈટમાં ૭૦૦ કરતાં વધારે સામગ્રીઓ આપણે ઘરે બેઠાં પ્રાપ્ત કરી શકીએ છીએ. જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોનાં જીવનચરિત્રો, ઉત્તમ જીવનની પ્રેરણા આપતાં પ્રકાશનો તેમજ કેલેન્ડર્સ, ડાયરીઝ, માળા, કંઠી, નિત્યપૂજા સામગ્રી, વિવિધ પ્રકારની અગરબત્તીઓ, ઘરમંદિરો, લેમિનેટેડ મૂર્તિઓ, ગિફ્ટ આર્ટિકલ્સ, ટી-શર્ટ અને અન્ય સામગ્રીઓ પણ તમે ઓનલાઇન નિહાળીને પ્રાપ્ત કરી શકશો.

**(નોંધ : આ વ્યવસ્થા હાલ માત્ર ભારત પૂરતી ઉપલબ્ધ છે.)**
























પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણના અનેક ઉપદેશોમાં ગુરુમહિમા અપરંપાર છલકાય છે. ક્યાંક સંત, ક્યાંક સત્પુરુષ, ક્યાંક એકાંતિક અને પરમ એકાંતિક તો ક્યાંક વડવાનળ અગ્નિ જેવા સંત કહીને ભગવાન સ્વામિનારાયણે એવા ગુણાતીત ગુરુનો અપરંપાર મહિમા સમજાવ્યો છે. ગુરુના મહિમાની સાથે સાથે એવા સાચા ગુણાતીત ગુરુને ઓળખવા માટે ગુરુ-લક્ષણની પણ તેમણે સ્પષ્ટતા કરી છે.

અહીં ભગવાન સ્વામિનારાયણના સમકાલીન સંત આધારાનંદ સ્વામી કૃત 'શ્રી હરિચરિત્રામૃતસાગર'માંથી ભગવાન સ્વામિનારાયણની સંકલિત પરાવાણીમાંથી કેટલાંક સૂક્તિરત્નો દ્વારા ગુરુપૂર્ણિમાના અવસરે ગુરુમહિમા તથા ગુરુલક્ષણોને માણીએ...

### ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીમુખે ગુરુમહિમા...

# સાચા ગુરુ નૌકા સમાન છે.

### એ નૌકામાં બેસે તે ભવસાગર તરે...



## ગુરુલક્ષણનાં ૧૦ વચનો

**૧**

પાણીને ગાળીને પીવું તેમ સમજીને ગુરુ કરવા. જોઈ તપાસીને સંગ કરે તેને પસ્તાવાનું રહેતું નથી.[૧]

જગતનો જીવ જેવા તેવા ગુરુમાં વળગી જાય છે, તે ગુરુની તપાસ કરતો નથી. ગુરુ પોતાની રુચિ અનુસાર શિષ્યને વર્તાવે છે, પણ મોક્ષદાતા ગુરુની રીત જુદી છે. તે વર્તન જોતાં જણાઈ આવે છે.[૨]

**૨**

ભગવાન કે ભગવાનના સાચા સંત જ્યારે પ્રગટ થાય છે ને જ્યારે તેના મુખે શાસ્ત્ર સાંભળે છે, ત્યારે જીવનો ઉદ્ધાર થાય છે. બાકી સ્ત્રી-ધનમાં લપટાયેલા ગુરુઓનો પાર નથી. તેનું શરણું લેવાથી કોઈ ભવજળ પાર ઊતરી શકતું નથી. તરતાં ન આવડતું હોય તે બીજાને શું તારે?[૩]

**૩**

સુવર્ણની કસોટી જેમ અગ્નિ છે, તેમ ગુરુની કસોટી વર્તન છે. વર્તન ઉપરથી તેનું સ્વરૂપ ઓળખાય છે. જેમ સાત સામેલિયો બળદ હોય તે તેના કાર્ય પરથી ઓળખાઈ આવે છે. વિવિધ ધૂંસરીએ જોડવાથી સાત સામેલિયાની કુશળતા પરખાય છે, તેમ સત્સંગમાં ત્યાગી-ગૃહી જેટલા કંઈ આશ્રિતો છે તેને પ્રસન્ન મનથી એક રહેણીમાં વર્તાવવા તે સમર્થ ગુરુ વિના શક્ય થતું નથી. સમર્થ ગુરુ સૌને પોતાની ઇચ્છા પ્રમાણે વર્તાવે છે.

ધાતુ, કાષ્ઠ, પાષાણ ને માટી - તેમાં એક પણ ઘાટ દેખાતો નથી, પરંતુ કુશળ શિલ્પી તેમાં અનેક ઘાટ રચે છે એવો તેનો પ્રતાપ છે.[૪]

**૪**

સાચા ગુરુ ધર્મની વૃદ્ધિ કરે છે. અધર્મનું ખંડન કરે છે.

નીતિ-નિયમ અનુસાર સૌને વર્તાવે છે. અનીતિમાં ક્યારેય પ્રીતિ રાખતા નથી.

નારી અને ધન દેખી તેમાં તણાતા નથી. ચક્રવર્તી રાજમાં પણ લોભાતા નથી.

પાતાળથી પ્રકૃતિપુરુષ સુધી સૌમાં દુઃખ દેખે છે.

જ્ઞાન વિના કશામાં લાભ જોતા નથી.

લોકમાં કોઈને ઘણું બધું પ્રાપ્ત થયેલું જુએ, પણ તેને ભગવાનની સમજ ન હોય તો બધું શૂન્ય ગણે છે.

અક્ષરધામમાં રહેલી ભગવાનની મૂર્તિને સદા સાકાર માને છે. બીજાને સ્વધર્મમાં વર્તાવી ભગવાનનું જ્ઞાન દૃઢ કરાવે છે.

પોતાના હૃદયમાં હરિ વગર કોઈને સ્થાન આપતા નથી.

ઉત્તમ વિષય પ્રાપ્ત થાય તો તરત ત્યાંથી અળગા થઈ જાય છે. અળગા થવાની મુખ્ય નિશાની એ કે મનવાંછિત કશુંક નાશ પામે ત્યારે રંચમાત્ર દુઃખ ન થાય.

ખાન-પાન કે સ્ત્રી-દ્રવ્ય કાજે ક્યારે યત્ન કરતા નથી.

કોઈ સન્માન ન કરે તોપણ મનમાં મગન રહે છે.

આવું જીવથી ન થાય. સિદ્ધ પણ આવું વર્તી ન શકે. એ નિશાની જોઈ સાચા ગુરુની ખાતરી કરવી.

બીજું પણ અનંત પ્રકારનું સામર્થ્ય તેમાં રહેલું છે. એવા ગુરુ નિશ્ચય ભગવાન તુલ્ય છે, એમ બધાંનાં અંતરમાં સાક્ષી કબૂલે છે.[૫]

**૫**

ગુરુ પરમેશ્વરના દાસ થઈને તેની ઉપાસના કરે છે.

પરમેશ્વરના બાંધેલા નિયમમાં ગુરુ વર્તે છે ત્યારે તેનો જશ સકલ લોકમાં વધે છે. ગુરુ થઈને પરમેશ્વરના બાંધેલા નિયમ લેશ પણ લોપે તો તે દંડને પાત્ર બને છે. આ અમારો મત છે.[૬]

**૬**

બ્રહ્મસ્વરૂપ ગુરુનું પ્રથમ લક્ષણ એ છે કે પોતે બ્રહ્મચર્યવ્રતનું દૃઢપણે પાલન કરે ને બીજા પાસે કરાવે.

બીજું, પોતે ફેલ ન કરે, કેફ ન કરે કે વ્યસન ન રાખે.

ત્રીજું, મન-કર્મ-વચને થતી હિંસામાત્રનો ત્યાગ રાખે ને બીજા પાસે ત્યાગ રખાવે. અર્થાત્ અહિંસા ધર્મમાં દૃઢ વર્તે. આવું વર્તન ગુરુનું બ્રહ્મસ્વરૂપપણું દર્શાવે છે.

ચોથું એ કે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ - અર્થાત્ એકાંતિક ધર્મ પોતે પૂર્ણ રીતે ધારણ કરે ને એમાં પોતે શૂરા હોય એવા ગુરુને બ્રહ્મસ્વરૂપ ગુરુ જાણવા.[૭]

**૭**

વળી, પાંચમું લક્ષણ એ કે દિવસ-રાત ભગવાન સંબંધી જ ક્રિયા કરે, ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ફેલાવે. કથા-કીર્તનમાં મગ્ન રહે. તેમાં ક્યારેય તૃપ્તિ ન પામે, પરંતુ દિન-પ્રતિદિન તેમાં અધિક ચઢતો ને ચઢતો રંગ રહે.

છઠ્ઠું લક્ષણ એ કે ભગવાનનાં લીલાચરિત્રો રૂપી મહાસાગરમાં નિમગ્ન રહે, તેમાંથી ક્યારેય બહાર ન નીકળે. મીન જે રીતે સિંધુમાં મગ્ન રહી આનંદ કરે, નાચે-કૂદે, ક્રીડા કરે પણ તેમાંથી બહાર પલમાત્ર નીકળે તો પ્રાણ ખૂએ, આનંદ ઊડી જાય તેમ આવા બ્રહ્મસ્વરૂપ સદ્ગુરુ ભગવાનમાં રહીને બધી દેહક્રિયા કરે. આ તેની ઉત્કૃષ્ટ બ્રહ્મદશા કહી છે.

વળી, સાતમું લક્ષણ એ કે ભગવાન સિવાય બીજી વાત મુખે ઉચ્ચારે નહિ.[૮]

**૮**

બ્રહ્મસ્થિતિનાં આવાં અપાર લક્ષણોથી યુક્ત ગુરુને મુમુક્ષુએ



ઓળખવા. ગ્રંથોમાં પણ શુક-સનકાદિક, શિવજી, જડભરત, કપિલ, દત્તાત્રેયને એવી બ્રહ્મદશા હતી. તેમના જેવાં ચરિત્ર જેમાં હોય તેવા ગુરુનાં લક્ષણ ઓળખવાં.
એવાં લક્ષણ ન હોય ને પોતાને બ્રહ્મ કહેવડાવતો હોય પણ એમ કોઈ બ્રહ્મ થઈ શકતું નથી. આ મર્મ સુબુદ્ધિ જન પામી જાય છે. કુબુદ્ધિજન તો એ માર્ગે ચાલી જ શકતા નથી.[૯]

**૯**

જે ગુરુ નિયમ-ધર્મ રાખે અને રખાવે તે જ સાચા ગુરુ કહેવાય. જેને ભગવાનના સ્વરૂપનું, બ્રહ્મનું જ્ઞાન નથી એવા ગુરુ બની બેસે તો નિત્ય એક બ્રહ્માંડનો નાશ કર્યાનું પાપ તેને લાગે છે.[૧૦]

**૧૦**

સ્ત્રીનો સંગ કરનાર ગુરુને રાજા પણ કપાળમાં બળબળતો ડામ દઈ તડીપાર કરે છે. કામી ગુરુને કૂતરા જેવા કહ્યા છે, લોભીને ચાંડાલ કહ્યા છે. તેનો સંગ કરનારને વારંવાર કાળ કોળિયો કરે છે.[૧૧]

## ગુરુમહિમાનાં ૧૦ વચનો

**૧**

બ્રહ્મવિદ્ ગુરુ મળ્યા વિના પરબ્રહ્મની પ્રાપ્તિ થતી નથી.[૧૨]
બ્રહ્મવિદ્યા અપાર છે અને અમાયિક છે. તે અમાયિક ગુરુ મળ્યા વગર સિદ્ધ થતી નથી.
બ્રહ્મવિદ્યાની જેટલી કંઈ વાત કહેવાય છે તે અમાયિક ગુરુ થકી શિખાય છે. માયિક ગુરુથી કદી શિખાતી નથી.
અમાયિક ગુરુ ચૌદ લોકના પંચવિષયમાં સાર માનતા નથી. વળી, ભગવાન વિના કોઈને સત્ય દેખતા નથી.[૧૩]

**૨**

જગતમાં અનેક પ્રકારની ક્રિયા પ્રવર્તે છે, તેના પ્રેરક ગુરુઓ જુદા જુદા છે. તેવી જ રીતે મોક્ષદાતા ગુરુ જગતમાં એક જ પ્રગટ હોય છે.
એ મોક્ષદાતા ગુરુને શરણે જે મનુષ્ય આવે છે, તે પછી ત્યાગી હોય કે ગૃહસ્થ - સર્વેને તે ભવસાગર પાર કરાવે છે. એ ગુરુના વચનમાં એવો પ્રતાપ રહ્યો છે કે એમના વચને જીવનાં અનંત જન્મોનાં પાપ છૂટે છે. સમર્થ ગુરુ વિના જીવને જન્મોનાં પાપથી રહિત કરવો અશક્ય છે. આ તેમની પ્રત્યક્ષ પરખ છે. પાપ છૂટે તેની પરખ એ છે કે ગમે તેવો પાતકી હોય પણ આવા મોક્ષદાતા ગુરુની કૃપાદૃષ્ટિથી તેનું પરિવર્તન થઈ જાય છે.[૧૪]

**૩**

ગુરુનાં ધર્મયુક્ત વચન તે ગુરુરૂપે છે એમ માનવું.

ગુરુરૂપી સૂર્ય વિના જે જ્ઞાન છે તે અંધારામાં દર્પણ ધરવા જેવું છે. કક્કો લખેલો હોય અને બે નેત્રથી જુએ છતાં કહેનાર ગુરુ ન હોય તો અક્ષરજ્ઞાન થાય નહિ.

સત્પુરુષના સંગ વિનાનું જ્ઞાન, આંધળો આપમેળે માર્ગ પામવા મથે તેના જેવું છે. નિયમ-ધર્મ વિનાનાં જ્ઞાન બધે એવાં જ છે, જે દીવો લઈને કૂવામાં પડે છે.

સાચા ગુરુ તેને જ્ઞાનનું નેત્ર ખોલી આપે છે. આંખો પણ હોય અને સૂર્ય પણ હોય છતાં નેત્રની જ્યોતિ ન હોય તો કંઈ દેખાતું નથી.

ગુરુ જ્ઞાનની જ્યોતિ પ્રગટ કરી આપે છે, પછી માયિક વસ્તુ-માત્ર તેને તુચ્છ થઈ જાય છે.[૧૫]

**૪**

ગાઢ વનમાં ભોમિયા વિના અજાણ્યાને રસ્તો જડે નહિ, તેમ શાસ્ત્રના વિવિધ શબ્દો જોઈને પંડિતો પણ નહિ સમજીને નાસ્તિક થઈ જાય છે.

મહાસિંધુ તરવો હોય તો આપ-બળે તરાય નહિ. પાંખવાળાં પ્રાણીઓ પણ પાર થઈ શકે નહિ, પણ સિદ્ધ ગતિ પામેલા સાગરને ઉલ્લંઘી જાય છે.

સાચા સિદ્ધ ગુરુ નૌકા સમાન છે. એ નૌકામાં બેસે તે સમુદ્ર (ભવસાગર) તરે.[૧૬]

**૫**

મનુષ્યમાત્રને અજ્ઞાનરૂપી તમસ વળગ્યું છે, તે બ્રહ્મરૂપ ગુરુ મળ્યા વિના જતું નથી.[૧૭]

મિથ્યા ગુરુ જીવને યમપુરીના દુઃખથી છોડાવી શકતા નથી. સાચા ગુરુ હોય તે જ છોડાવી શકે છે, માટે તેમનો આશ્રય કરવો.[૧૮] સાચા ગુરુ જીવનું હિત કરે છે. એવા ગુરુના આશ્રયે શિષ્ય ક્યારેય દુઃખ પામતા નથી. આ લોક-પરલોકનું હિત બતાવે તે સાચા ગુરુ છે.[૧૯]

**૬**

શુદ્ધ વર્તન વિના અનંત જન્મ સુધી શાસ્ત્રો ભણે, પણ તેનો મોક્ષ થતો નથી. શુદ્ધ ગુરુ મળ્યા વિના શુદ્ધ મોક્ષ ક્યારેય થતો નથી.[૨૦]

**૭**

કનક-કામિનીરૂપી સિંધુમાં દેવ, મનુષ્ય ને પ્રાણી સર્વે ડૂબકાં ખાય છે, દુઃખ ભોગવે છે, તેને ઉગારનાર આવા ગુરુ છે. કારણ કે તેને ભગવાનનું જ્ઞાન છે, જેટલું કંઈ સુખ છે તે ભગવાનની વાતમાં રહ્યું છે, તેમ તેને દૃઢ છે.

સાચા ગુરુને જીવનો મોક્ષ કરવાનું જ એક તાન હોય છે.[૨૧]

**૮**

જેને સાચા ગુરુ ન મળે તેનો મનુષ્ય જન્મ એળે જાય છે.[૨૨]

સાચા ગુરુ મળે ને તેને સન્મુખ થાય તો દોષમાત્ર ટાળી દે.

સાચા ગુરુ વિના મોક્ષનો સાચો માર્ગ કોટિ યુગે પણ મળે નહિ. મોક્ષની ઇચ્છા હોય તેણે સાચા ગુરુની કીર્તિનું (મહિમાનું) ગાન કરવું.

ડહાપણ તજી નિષ્કપટ થઈ ગુરુ કહે તેમ કરવું.

સાચા ગુરુ ભગવાન સાથે નેહ દૃઢ કરાવે છે.[૨૩]

**૯**

પંચ જ્ઞાનેન્દ્રિયો જીવને અમૃત અને ઝેર બેઉ દેખાડે છે. વિષયો ઝેર છે, સત્સંગ અમૃત છે. જેને સદ્‌ગુરુ મળે છે તે ઝેર ત્યજી દે છે ને અમૃતપાન કરે છે.[૨૪]

ઇન્દ્રિયો-અંતઃકરણને જેણે જીતી લીધાં છે એવાને કોઈથી જીતી ન શકાય, એવા અજિત ગુરુ જ્યાં છે ત્યાં કલ્યાણ રહ્યું છે.[૨૫]

સૌ પોતાને દેહરૂપ માને છે, પણ દેહથી જીવ જુદો જ છે. એ જ્ઞાન ગુરુ વગર તેને થતું નથી.[૨૬]

સાચા સંતને મનથી નિર્દોષ જાણી તેમની સાથે સરળ વર્તે એવા ભક્તને સત્સંગનો આનંદ અખંડ રહે છે.[૨૭]

**૧૦**

જે હરિજન મોક્ષના દ્વારસમા ગુરુ-સંતનો અવગુણ કહે તો તેને અમે અમારો દ્રોહી કહીએ છીએ. કપટ અને કુટિલપણું ટાળ્યું ન હોય અને નિયમ-ધર્મ યથાર્થ પાળતો હોય ને બીજા દોષે યુક્ત હોય તો તેને અમે બદરિકાશ્રમ, શ્વેતદ્વીપમાં તપ કરાવીને શુદ્ધ કરીએ, પણ દ્રોહી શુદ્ધ થતો નથી. તપ કરતાં પણ સાચા સંતના ગુણ ગ્રહણ કરવા તેનું બળ વધારે છે. એ અપાર બળને પ્રતાપે દ્રોહના પાપથી બચી જાય છે. પછી તે સરળપણે વર્તીને ભવસિંધુ સહેજે તરી જાય છે.[૨૮]

(અક્ષરજીવનદાસ સ્વામી દ્વારા સંપાદિત
'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે' ગ્રંથમાંથી સંકલિત) ◆

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૩/૩૪/૫૧-૫૨ | ૮. | ૮/૨૬/૧-૧૬ | ૧૫. | ૧૩/૫૮/૩૩-૩૬ | ૨૨. | ૪/૫૧/૧૦ |
| ૨. | ૪/૬૬/૨૭-૪૦ | ૯. | ૮/૨૬/૧-૧૬ | ૧૬. | ૧૫/૩/૨૯-૩૩ | ૨૩. | ૨૫/૪૦/૩૪-૩૮ |
| ૩. | ૬/૮૫/૧૪-૪૦ | ૧૦. | ૨૮/૫/૧૮-૨૬ | ૧૭. | ૧૧/૩/૩૧-૩૨ | ૨૪. | ૮/૩૨/૩૪-૩૮ |
| ૪. | ૧૨/૧૯/૧૦-૨૪ | ૧૧. | ૨૮/૫/૧૮-૨૬ | ૧૮. | ૩/૪૧/૯ | ૨૫. | ૨૬/૨૭/૩૩-૩૮ |
| ૫. | ૪/૬૬/૨૭-૪૦ | ૧૨. | ૧૨/૫૨/૩૨-૩૪ | ૧૯. | ૫/૧૯/૧૮-૨૪ | ૨૬. | ૧૯/૭/૧-૪૦ |
| ૬. | ૫/૩૩/૧૭-૪૦ | ૧૩. | ૧૧/૬૧(૫૧-બ)/૨૫-૪૦ | ૨૦. | ૫/૩૩/૧૭-૪૦ | ૨૭. | ૧૪/૩૧/૧૭-૨૮ |
| ૭. | ૮/૨૬/૧-૧૬ | ૧૪. | ૧૨/૧૯/૧૦-૨૪ | ૨૧. | ૨૪/૫૧/૧-૧૪ | ૨૮. | ૧૪/૩૧/૨૮-૩૫ |



■ સાધુ બ્રહ્મવિહારીદાસ

પૂર્વાર્ધ

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં
# ગુરુની વિભાવના

*'અસંખ્ય ભક્તો પોતાના ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો પરિચય આપતાં આનંદ સાથે બોલી ઊઠે છે: 'પ્રમુખસ્વામી મહારાજ વિના હું ભગવાન સુધી પહોંચી જ ન શક્યો હોત!'*

કબીરજી કહે છે: ગુરુ બિન કૌન બતાવૈ બાટ...
ગુરુમહિમાની આવી અનેક કંડિકાઓ ભારતની રજેરજમાં ગુંજે છે.
ગુરુની મહિમા-ગાથાઓ ઉપનિષદો અને ભગવદ્ ગીતાથી લઈને અનેક મહાન સંત-કવિઓનાં અનુભવપૂર્ણ કવનોમાં અનુભવી શકાય છે.
સનાતન હિન્દુ વૈદિક ધર્મની એવી મહાન ગુરુ-પરંપરાનું વહન કરતી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં પણ સાધનાના કેન્દ્રમાં ગુરુ અને પરમાત્મા છે. ગુરુપૂર્ણિમાએ પ્રસ્તુત આ લેખમાં બી.એ.પી.એસ. સંસ્થામાં ગુરુની મહત્ત્વપૂર્ણ ભૂમિકાની એક અભ્યાસપૂર્ણ ઝલક પ્રસ્તુત છે. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે, એવા મહાન ગુણાતીત ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વિશેષ સંદર્ભ સાથે આ વિસ્તૃત લેખના પૂર્વાર્ધમાં ગુરુની બે ભૂમિકાઓ અને ત્યારબાદ ઉત્તરાર્ધમાં અન્ય ત્રણ ભૂમિકાઓ વિશે સમજ પ્રાપ્ત કરીશું.

## પૂર્વભૂમિકા

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનાં સ્થાપક નથી કે નથી તેના માલિક. આમ છતાં આ સંસ્થાનાં વિશ્વવ્યાપી હજારો સત્સંગકેન્દ્રો અને મંદિરો, ૧૦૦૦થી વધુ સંતો અથવા અસંખ્ય હરિભક્તોમાંથી કોઈપણ વ્યક્તિ, સંત કે મંદિરની મુલાકાત લેનાર વ્યક્તિના મનમાં પ્રમુખસ્વામી મહારાજ માટે સહજ આદર જન્મ્યો છે.

કારણ? તેમના શાંત અને નિરાળા સંતત્વનો એક દિવ્ય પ્રભાવ એ સૌએ અનુભવ્યો છે.

સંસ્થાના અસંખ્ય ભક્તો પોતાના ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો પરિચય આપતાં પોતાના અનુભવોને યાદ કરે છે અને આનંદ સાથે બોલી ઊઠે છે: 'પ્રમુખસ્વામી મહારાજ વિના હું ભગવાન સુધી પહોંચી જ ન શક્યો હોત! એમના આશીર્વાદથી જ મારું જીવન બદલાઈ ગયું છે. હું આજે જે કંઈ પણ છું તે ફક્ત સ્વામીશ્રીના લીધે જ છું. તેમના મુખ પર ભગવાન સ્વામિનારાયણનું સૌમ્ય અને દિવ્ય તેજ મેં અનુભવ્યું છે.'

એક યુવાન સાધુએ કહ્યું હતું કે 'પ્રમુખસ્વામી મહારાજને મળ્યા પછી મને ખાતરી થઈ ગઈ હતી કે એક દિવસ હું જરૂરથી ભગવાનને પામી શકીશ.'

અસંખ્ય લોકોના આવા અનુભવપૂર્ણ ઉદ્ગારો છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં પણ અસંખ્ય લોકોનો આવો જ દિવ્ય અનુભવ રણકે છે.

આવા અનેક અનુભવોમાં હિંદુ સનાતન ધર્મની ગુરુપરંપરાનો પડઘો પડઘાય છે. જેને સંત કબીરે કાવ્યાત્મક રીતે મૂક્યો છે:

*'ગુરુ, ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય,*
*બલિહારી ગુરુદેવ કી, જિન ગોવિંદ દીયો બતાય.'*[1]

શિષ્યોની આંતર-બાહ્ય શુદ્ધિ કરીને, તેને ભગવાનનો મહિમા સમજાવવાનું, તેને ભવસાગર પાર કરાવવાનું, જીવન-મૃત્યુના ચક્રમાંથી મોક્ષ આપવાનું મુખ્ય કાર્ય ગુરુ કરે છે. શિષ્યના રોજિંદા જીવનની ઘટમાળમાં ગુરુ તેને આધ્યાત્મિક અને ભૌતિક મુશ્કેલીઓમાં માર્ગદર્શન આપે છે. ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને એટલે જ લાખો હરિભક્તો

૧. કબીરનાં આધ્યાત્મિક પદો, ત્રીજી આવૃત્તિ, સન ૧૯૭૮, પૃષ્ઠ - ૧૦૪, સંપાદક : વાડીલાલ એમ. શાહ, સસ્તું સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ.

પોતાના હૃદયમાં મિત્ર, બંધુ, વડીલ, પિતા અને સર્વસ્વ તરીકેનું સ્થાન આપે છે. ગુરુને માતા સાથે પણ સરખાવાય છે. જેમ ધૂળમાં રમીને ગંદા થયેલા બાળકને નવડાવીને, સ્વચ્છ કપડાં પહેરાવીને માતા, એ શુદ્ધ થયેલા બાળકને પિતાના હાથમાં સોંપે છે, તેવી જ રીતે ગુરુ પણ ભક્તનાં દોષો-પાપોને ધોઈને તેને ભગવાનના હાથમાં આપી દે છે.

## ગુરુ-મુખી સંપ્રદાય

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા એટલે કે બી.એ.પી.એસ.માં સનાતન ધર્મની ભક્તિ-પરંપરા અનુસાર ગુરુની ભૂમિકા મુખ્ય અને અદ્વિતીય છે. આથી આ સંસ્થા 'ગુરુ-મુખી સંપ્રદાય' તરીકે પણ ઓળખાય છે. વધારે સ્પષ્ટ અર્થઘટન કરીએ તો 'ગુરુ-મુખી' એટલે ગુરુના મુખ તરફ દૃષ્ટિ રાખનારો અને પરમાત્માને કેન્દ્રમાં રાખનારો સંપ્રદાય. અર્થાત્ 'ગુરુના આદેશ કે વચન અનુસાર પરમાત્માની ઉપાસના-ભક્તિ કરનાર' સંપ્રદાય. ગુરુમુખી સંપ્રદાય હોવા છતાં તેના કેન્દ્રમાં ભગવાન જ છે. અહીં સંપ્રદાયના સ્થાપક અને ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણનું મહત્ત્વ કદાપિ ઓછું થયું નથી કે નથી તેઓ કદી વિસરાયા. અહીં બધી જ પ્રવૃત્તિઓ ગુરુના માર્ગદર્શન હેઠળ પોષાય છે છતાં તે ગુરુ સુધી જ અટકી જતી નથી, તેનું લક્ષ્ય ભગવાન સ્વામિનારાયણ જ છે. કોઈપણ વસ્તુ, પ્રસાદ, થાળ, ગુલાબની પાંખડીઓ, જળ કે સ્તુતિ હોય, તે સૌ પ્રથમ ભગવાનને જ અર્પણ કરવામાં આવે છે, ત્યારબાદ ગુરુને અર્પણ કરવામાં આવે છે. ભગવાનને અર્પણ કર્યા વગર ગુરુને કંઈ પણ આપવામાં આવે તે ગુરુને ક્યારેય કોઈપણ સંજોગોમાં સ્વીકાર્ય નથી.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં, ભગવાન સુધી પહોંચવા માટેનું સબળ માધ્યમ ગુરુ છે તેમજ ભગવાન સ્વામિનારાયણનું પ્રગટ અને પ્રત્યક્ષ સ્વરૂપ પણ ગુરુ જ છે. તેમના રોમ રોમમાં ભગવાનનું સાંનિધ્ય અનુભવાય છે. ભગવાન સ્વામિનારાયણના આધ્યાત્મિક ધ્યેય અને સંકલ્પોને પૂર્ણ કરવાના લક્ષ્ય સાથે ગુરુ કાર્ય કરે છે.

આ સંસ્થાની ગુરુપરંપરાની બીજી વિશેષતા એ છે કે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીથી માંડીને અત્યાર સુધીના તમામ ગુરુઓની વરણી તેમના પૂર્વ ગુરુઓએ દિવ્ય પ્રેરણાથી કરી છે. પ્રત્યેક ગુરુના શબ્દોમાં સંપ્રદાયને સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે એટલે જ છેલ્લાં ૨૦૦ વરસથી આ ગુરુપરંપરા અવિરતપણે ગતિમાન રહી છે.

એ શ્રદ્ધા અને વિશ્વાસના મૂળમાં ભગવાન સ્વામિનારાયણના આદર્શોમાં શ્રદ્ધા છે. ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે કે 'ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો, તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે. અને જ્યારે એવા સાધુ પણ ન હોય ત્યારે ભગવાનની પ્રતિમાને વિષે દૃઢ પ્રતીતિ રાખવી ને સ્વધર્મમાં રહીને ભક્તિ કરવી, તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.'[૨]

ભગવાન ગુરુમાં પ્રગટ હોય છે, એ સત્યને વધુ દૃઢ બનાવતાં ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે: 'જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે.'[૩]

આ શબ્દોમાં અસંખ્ય હરિભક્તોની અનુભૂતિ અને આસ્થા છે.

ગુરુના દિવ્ય અને પ્રભાવશાળી વ્યક્તિત્વ તેમજ આ ગુરુ-મુખી પરંપરાને લીધે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા મૂળભૂત મૂલ્યોને જાળવી રાખીને સતત પ્રગતિના પંથે ધપી રહી છે. પરિણામે આજે લાખો ભક્તો, હજારો યુવાનોનું સ્વયંસેવકદળ, ૧૦૦૦થી વધુ તેજસ્વી સંતો અને દેશ-વિદેશમાં હજારો સત્સંગકેન્દ્રો ધરાવતી બી.એ.પી.એસ. સંસ્થા આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત અનેક સાંસ્કૃતિક, શૈક્ષણિક, તબીબી, સામાજિક સહોદર સંસ્થાઓ સાથે વિસ્તરી રહી છે.

આજે ઘણા ધર્મ-સંપ્રદાયોમાં યુવાનો સાધુ બનવા માટે તૈયાર નથી થતા, ત્યારે પ્રમુખસ્વામી મહારાજની સાથે નવયુવાન સાધુઓનું શિષ્યવૃંદ જોઈને રોમન કેથલિક ખ્રિસ્તી વડા પૉપ જ્હૉન પોલ(દ્વિતીય)ને ખૂબ જ આશ્ચર્ય થયું હતું.[૪]

સંતોની એવી સમર્પિતતા જોઈને વિખ્યાત ધારાશાસ્ત્રી અને ચિંતક નાની પાલખીવાલાએ બી.એ.પી.એસ. સંસ્થા માટે કહ્યું હતું: 'જો ભારત અને સમગ્ર માનવજાતિનો ઉદ્ધાર કરવો હોય તો એવા ઉચ્ચ આદર્શો થકી જ તે શક્ય છે જે મને અહીં દેખાય છે.'[૫]

કૅનેડાના પૂર્વ એટર્ની જનરલ બોબ કપ્લાન પ્રમુખસ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. વિશે લખે છે : 'પ્રમુખસ્વામી મહારાજ ઉચ્ચ કોટિના આધ્યાત્મિક અને પવિત્ર સંત છે. તેમના સંપર્કમાં આવ્યા પછી તેમની પવિત્રતાનો કોઈપણ વ્યક્તિને અનુભવ થઈ જાય છે. મને ગુજરાતી કે હિન્દી ભાષા ન આવડતી હોવા છતાં હું તેમની સાથે સંવાદ સાધી શકું છું.

૨. વચનામૃત વરતાલ પ્રકરણ ૧૦.
૩. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨.
૪. સ્વામિનારાયણ બ્લીસ, એપ્રિલ-૧૯૮૪, ટાઈટલ પૃષ્ઠ ૨.
૫. સ્વામિનારાયણ બ્લીસ, દ્વિશતાબ્દી વિશેષાંક, ૧૯૮૬, પૃષ્ઠ ૨૨.

> સંપ્રદાયનાં આધ્યાત્મિક સિદ્ધાંતો કે મૂલ્યોમાં જરા પણ સમાધાન કર્યા વગર, એક ગુરુ તરીકે સ્વામીશ્રી આધુનિકતા સાથે કેવી રીતે તાલ મિલાવી શકે છે, તે એક રસપ્રદ વિષય છે...

તેઓ ખૂબ જ આધ્યાત્મિક અને ગતિશીલ પુરુષ છે.'[૬]

બે સદી પુરાણા સંપ્રદાયના આધ્યાત્મિક સિદ્ધાંતો કે મૂલ્યોમાં જરા પણ સમાધાન કર્યા વગર, એક આધ્યાત્મિક ગુરુ તરીકે પ્રમુખસ્વામી મહારાજ કેવી રીતે આધુનિકતા સાથે તાલ મિલાવી શકે છે, તે ખરેખર સૌને એક રસપ્રદ અભ્યાસ-વિષય લાગતો હતો. ભગવાનના મૂળ શબ્દોમાં ફેરફાર કર્યા વગર તેઓ તેનો સાચો મર્મ સમજાવતા; ભગવાનને હાંસિયામાં ધકેલ્યા સિવાય તેઓ ભગવાનનું પ્રતિનિધિત્વ અને વહન કરતા; સંપ્રદાયની ચેતનાનું તેઓ સંવર્ધન કરતા, તેનો જરા પણ યશ લીધા સિવાય!

## ગુરુની આધુનિક સ્થિતિનું અવલોકન

વિશ્વમાં દિવસે ને દિવસે અસંખ્ય નવાં સંગઠનો, સંપ્રદાયો, ધાર્મિક ચળવળો, પંથો વગેરે ઊભરી રહ્યાં છે ત્યારે ગુરુની ઐતિહાસિક ભૂમિકાનું મહત્ત્વ અનેકગણું વધી ગયું છે. આધુનિક યુગમાં સેવાભાવી, ઉદાર, ચેરિટેબલ સંસ્થાઓથી લઈને ભ્રષ્ટ અને ભયાનક એવાં કહેવાતાં ધાર્મિક સંગઠનો પણ વિકસ્યાં છે, જે હત્યા કે સમૂહ-આત્મહત્યાના બનાવોનું કારણ બને છે.

વિશ્વમાં અરાજકતા, ચિંતા, હતાશા અને નિરાશા ફેલાયાં છે ત્યારે, થોડી ઘણી શક્તિઓ, દૂરંદેશિતા કે ચમત્કારોના દાવા કરતા લોકો માટે ગુરુ થવા માટેનું જાણે એક અનુકૂળ હવામાન સર્જાઈ ગયું છે! લોકો સહેજે તેમની ઝપટમાં આવી જાય છે. જેમને મોક્ષનો ખપ નથી અને જીવનમાં 'ચેઈન્જ' ખાતર ધર્મ જોઈએ છે એવા લોકોને આવા જાતે બની બેઠેલા ગુરુઓ બંધ-બેસતા મળી જાય છે.

વિખ્યાત લેખક એન્થોની સ્ટોરે પોતાના પુસ્તક 'ફીટ ઑફ ક્લે'(Feet of clay)માં બની બેઠેલા ગુરુઓ વિશે ઘણી વાતો કરી છે. તેઓ કહે છે કે 'આ કહેવાતા ગુરુઓ પોતાના શિષ્યોને આત્મવિકાસ અને મોક્ષના નવા નવા રસ્તાઓ બતાવે છે. એ ગુરુઓ માટે કોઈ શાળા-કૉલેજ નથી અને ગુરુ બનવા માટે કોઈ લાયકાતની જરૂર નથી એટલે તેઓ જાતે જ ગુરુ તરીકે પોતાની પસંદગી કરી લે છે. એવા કેટલાય ગુરુઓને ઈશ્વરનો કે પાપનો કોઈ ડર નથી. પોતાની શક્તિઓનો પ્રયોગ કરીને વિવિધ રીતોથી ભક્તોનું શોષણ કરતાં અચકાતા નથી. કારણ કે પોતે મહાજ્ઞાની, સર્વોપરી અને ગૂઢ આધ્યાત્મિક રહસ્યોના જાણકાર તરીકે પોતાની છબી ઉપસાવી લીધી હોય છે. કોઈપણ પ્રકારની ટીકા સહન કરવામાં તેઓ અસહિષ્ણુ બની જાય છે. કારણ કે તેઓ માને છે કે તેમની માન્યતાઓ સાથે સંપૂર્ણ સહમત ન થવું એ તેમની સાથે દુશ્મનાવટ બરાબર છે. એક તરફ સૌથી વધુ સુસંસ્કૃત હોવાનો પ્રયત્ન કરે છે અને ઉપરછલ્લી દેખાડાની સમાજસેવાઓ કરીને લોકશાહી વિરુદ્ધ વર્તે છે. ગુરુ-શિષ્ય વચ્ચેનો સંબંધ મૈત્રીનો નહીં, પણ શિષ્ય પર આધિપત્ય જમાવવા માટેનો જ હોય છે. તેઓ લોકોને પ્રભાવિત કરવામાં જ પોતાની મહત્તા માને છે. આ 'મોડર્ન' ગુરુઓ શિષ્યો જોડે વિચારોની આપ-લે ભાગ્યે જ કરે છે, તેઓ વિચારોને ઠોકી જ બેસાડે છે.'[૭]

આધ્યાત્મિકતાનું મહોરું પહેરીને જાતે બની બેઠેલા એવા ગુરુઓ માટેનું એન્થોની સ્ટોરનું આ નિરીક્ષણ વિચાર માંગી લે તેવું છે. પરંતુ આ નિરીક્ષણ તે પણ સિદ્ધ કરે છે કે તેવા કહેવાતા ગુરુઓ કરતાં સાચા ગુરુનું જીવન અને વર્તન બિલકુલ ઊલટું છે. તેઓ નથી જાતે ગુરુ બની બેઠા કે નથી કોઈના પર આધિપત્ય જમાવવાની તેમની વૃત્તિ. તેમની જીવનશૈલી સૌ કોઈ સાથે મૈત્રીપૂર્ણ છે. તેઓ ભક્તોની અને માનવ માત્રની સેવા અને સંભાળ માટે મથ્યા રહે છે. ભક્તો સાચા સ્નેહથી તેમનામાં જોડાય છે. અને સૌથી અગત્યની વાત તો એ છે કે તેમને એક પરંપરા છે, ઇતિહાસ છે અને આધ્યાત્મિક વારસો છે.

આપણાં શાસ્ત્રો એ વાત પર ખૂબ ભાર મૂકે છે કે કોઈપણ સંપ્રદાયનો આધારસ્તંભ એવા સાચા ગુરુ છે.

---

૬. એજન.

૭. Storr, Anthony, 1966, Feet of Clay: A study of Gurus, some characteristics of gurus, (Introduction page, xi, xv, xiii, xiv) London: Harper Collins Publishers.



પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની આધ્યાત્મિક પરંપરામાં ગુણાતીત ગુરુઓને સાક્ષાત્ અક્ષરબ્રહ્મ તરીકે માનવામાં આવે છે. અક્ષરબ્રહ્મ ગુરુઓની એ વહેતી સરિતામાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ સુધીની ગુરુપરંપરામાં લાખો લોકોએ દિવ્ય સ્નાન કર્યું છે...

મૂલ્યોને પોષણ તે જ આપે છે. સંસ્થા કે સંપ્રદાયની પરંપરાનું પ્રતિનિધિત્વ અને પોષણ તે જ કરે છે.

ગુણાતીતાનંદ સ્વામીએ ખૂબ ભારપૂર્વક તેમની વાતોમાં કહ્યું છે કે, ગુરુનો મહિમા જાણવો હોય તો ત્રણ બાબત તપાસવી જોઈએ. એક તો તેમના જીવનનો અભ્યાસ કરવો જોઈએ. બીજું, ગુરુના ગુરુનું જીવન પણ તપાસવું જોઈએ અને ત્રીજું, ગુરુ થકી નીવડેલા શિષ્યોના જીવનને પણ તપાસવું જોઈએ.[૮] શું ગુરુ પવિત્ર છે? શું તેમને આધ્યાત્મિક જ્ઞાન પવિત્ર ગુરુ પાસેથી પરંપરામાં પ્રાપ્ત થયું છે? શું પોતે પ્રાપ્ત કરેલી પવિત્રતા અને સાક્ષાત્કાર શિષ્યોને પણ કરાવી શકશે? આમ, ગુરુનો મહિમા જાણવા-સમજવા માટે માત્ર વર્તમાન નહીં, પરંતુ તેમના ભૂતકાળ અને ભવિષ્યકાળના સ્રોત જોવા એ પણ અત્યંત જરૂરી છે.

કદાચ એન્થોની સ્ટોરે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની ગુરુપરંપરા, તેનો ઇતિહાસ અને સાચા ગુરુ - પ્રમુખસ્વામી મહારાજના જીવનનો અભ્યાસ કર્યો હોત તો તેઓ 'ગુરુ' શબ્દનો મહિમા અને સાચો મર્મ બરાબર સમજી શક્યા હોત.

ખેર, અહીં આપણે એવા સાચા ગુરુની વિવિધ ભૂમિકાઓ હવે સમજીશું. એ ભૂમિકા સમજવાની સાથે સાથે એવા સાચા ગુરુ - બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના એક ગુરુ તરીકેના દિવ્ય વ્યક્તિત્વને પણ સમજીશું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે તેઓનાં ચરણોમાં એ આપણી વિનમ્ર ગુરુવંદના બની રહેશે.

## ગુરુની પ્રથમ ભૂમિકાઃ
## અક્ષરબ્રહ્મ તરીકેની ગુરુની ભૂમિકા

'ગુરુ હોવું અને બનવું' - આ બે બાબતો વચ્ચે બહુ જ મોટો ફર્ક છે. આથી, જ્યારે પણ કોઈ ધાર્મિક સંસ્થામાં ગુરુની આધ્યાત્મિક ભૂમિકા સમજવાની હોય ત્યારે મનમાં કેટલાક પાયાના પ્રશ્નો જાગે છે : શું એ ગુરુએ પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો હતો? કર્યો હતો તો ક્યારે સાક્ષાત્કાર કર્યો

૮. સ્વામીની વાતો, પ્રકરણ - ૨/૧.

> આવા ગુરુ ગુણાતીત હોય છે. પ્રમુખસ્વામી મહારાજ એવી ગુણાતીત ગુરુની ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાએ બિરાજમાન હતા. એમના પૂર્વ ગુરુવર્યો પણ ગુણાતીત જ હતા. એટલે જ સૌ અનન્ય પ્રીતિથી જોડાઈ રહે છે.

હતો? ગુરુએ પોતાની ઊર્ધ્વગતિ-આધ્યાત્મિક પ્રગતિ કેવી રીતે કરી હતી? ગુરુ તરીકે વરણી થયા પહેલાં તેમનો જગત માટેનો અભિગમ કેવો હતો? વગેરે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં ગુરુ તત્ત્વજ્ઞાનની એક ઉચ્ચ ભૂમિકા પર બિરાજે છે. ભગવાન સ્વામિનારાયણના તત્ત્વજ્ઞાન - અક્ષરપુરુષોત્તમ દર્શન મુજબ અક્ષરબ્રહ્મ એ જ ગુરુ છે. અક્ષરબ્રહ્મ - એક અને અદ્વિતીય, આરંભ કે અંતવિહીન, શાશ્વત, સદા પ્રસન્ન અને પરમ જ્ઞાની છે. એટલે જ અહીં ગુરુની નિયુક્તિ વંશપરંપરાગત કે અન્ય કોઈ રીતે નથી હોતી. પરા પૂર્વથી, જન્મ પૂર્વેથી જ તેમનો આત્મા ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકા પર હોય છે. ગુરુ પરંપરામાં યોગ્ય સમયે પૂર્વ ગુરુ દ્વારા જ ઉત્તરાધિકારી ગુરુનું સ્વરૂપ ઓળખાય છે. આવા ગુરુ ગુણાતીત હોય છે. પ્રમુખસ્વામી મહારાજ એવી ગુણાતીત ગુરુની ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાએ બિરાજમાન હતા. એમના પૂર્વ ગુરુવર્યો પણ ગુણાતીત કે અક્ષરબ્રહ્મ જ હતા અને એમના અનુગામી મહંત સ્વામી મહારાજ પણ ગુણાતીત કે અક્ષરબ્રહ્મ તત્ત્વ જ છે. સૌ એક જ અક્ષરબ્રહ્મનાં સ્વરૂપો છે. આથી ગુરુના અનુગામી પ્રત્યે પણ આ જ ભાવ ભક્તોને કાયમ રહે છે. ભક્તો પણ તેમની સાથે પૂર્વગુરુ સમાન જ ભક્તિ અને પ્રીતિથી જોડાઈ રહે છે.

આ કેવળ પોકળ માન્યતા નથી, પરંતુ લાખો હરિભક્તોના અનુભવો છે. જેમ કે પ્રમુખસ્વામી મહારાજમાં અનેક હરિભક્તોએ ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનાં દર્શન કર્યાં છે!

અમદાવાદના સંનિષ્ઠ હરિભક્ત શ્રી નીલકંઠભાઈ મહેતાએ તેમનો અનુભવ જણાવતાં કહ્યું હતું: 'સન ૧૯૯૩માં પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી પ્રસંગે હું કોલકાતા ગયો હતો. આ ઉત્સવ ખૂબ જ ભવ્ય હતો અને તેમાં હજારોની ભક્તમેદની એકઠી થઈ હતી. જ્યારે બધાની સાથે સ્વામીશ્રીનાં દર્શન માટે લાઈનમાં હું ઊભો હતો ત્યારે મને મનમાં થતું કે જ્યારે સ્વામીશ્રીનાં ચરણસ્પર્શ માટે મારો વારો આવશે ત્યારે શું કહીશ? એક કલાક પછી, જ્યારે મારો વારો નજીક આવ્યો ત્યારે લાઈન ખૂબ જ ઝડપથી આગળ વધી રહી હતી અને તેમની સાથે વાત કરવી અશક્ય જ હતી. મનમાં મુંઝાતો હું જેવો સ્વામીશ્રી પાસે આવ્યો, ત્યાં જ તેમણે મારો હાથ પકડ્યો, સેકંડો માટે પ્રમુખસ્વામી અલોપ થઈ ગયા અને તેમના સ્વરૂપમાં યોગીજી મહારાજનાં મને દર્શન થયાં હતાં.' આ ક્ષણ જીવનભર ન ભૂલી શકનાર નીલકંઠ મહેતા સેન્ટ્રલ બૅંક ઑફ ઇન્ડિયામાં સિનિયર એકાઉન્ટન્ટ ઑફિસર તરીકે રહેલા. તેમણે તેમની યુવાવસ્થામાં યોગીજી મહારાજની સેવા કરી હતી. આમ, તેમને ૨૫ વરસ પછી કલ્પનામાં પણ ન આવે તેવો અનુભવ થયો હતો.

એકવાર યોગીજી મહારાજ, પોતાનો ફોટોગ્રાફ જોઈને બોલી પડ્યા હતા કે 'આ શાસ્ત્રીજી મહારાજ છે.'

પ્રમુખસ્વામી મહારાજ તમામ ગુરુઓની એકતાને આ રીતે વ્યક્ત કરે છે કે 'યોગીજી મહારાજના વિચારથી મારું મન ક્યારેય નોખું પડ્યું નથી. યોગીજી મહારાજનો વિચાર એ જ મારો વિચાર.'[૯]

પ્રમુખસ્વામી મહારાજના અનુગામી મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં પણ અનેક ભક્તો-ભાવિકોને આવો જ અનુભવ થયો છે. મહંત સ્વામી મહારાજમાં પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સાંનિધ્યની અનુભૂતિ અનેક લોકોએ કરી છે. તા. ૧૩ ઑગસ્ટ ૨૦૧૬ના રોજ પ્રમુખસ્વામી મહારાજ અંતર્ધાન થયા બાદ મુંબઈના થાણા વિસ્તારમાં રહેતા હરિભક્ત મોહનભાઈ ભાનુશાળીએ પણ એવી અનુભૂતિ અનુભવી છે. મહંત સ્વામી મહારાજ સમક્ષ ગળગળા સ્વરે તેમણે કહેલી પોતાની અનુભૂતિ આ રહી:

'૧૩મી ઑગસ્ટના રોજ હું પત્ની સાથે મોટરસાઇકલ પર જઈ રહ્યો હતો ત્યારે મને અચાનક જ ફોન દ્વારા સમાચાર મળ્યા કે પ્રમુખસ્વામી મહારાજ ધામમાં પધાર્યા છે. મારા માટે આ સમાચાર અસહ્ય હતા. હું ભાંગી પડ્યો.

૯. સારંગપુરમાં વાર્તાલાપ, સન ૧૯૮૬.

બાઈક થંભાવી દીધું. એ જ જગ્યાએ બાઈક મૂકી હું રસ્તા પર જ પોકે પોકે રડવા લાગ્યો. મારાં પત્ની પણ રડે. છેવટે પત્નીએ મારા એક મિત્રને બોલાવ્યો. તે અમને ઘરે લઈ ગયો, પણ મનમાં ખૂબ દુઃખ થતું હતું અને મનોમન નક્કી કરી લીધું હતું કે સ્વામીબાપાનાં અંતિમ દર્શન કરીને આત્મહત્યા કરી લેવી છે. હવે જીવીને શું કામ છે?

'તાત્કાલિક સારંગપુર પહોંચ્યો. મૂર્તિમંડપમાં સ્વામીબાપાનાં અંતિમ દર્શન કરીને ખૂબ રડ્યો. મુંબઈ પરત આવ્યો. રોજના ક્રમ મુજબ સવારે નિત્યપૂજામાં મેં માનસીપૂજા દરમ્યાન સ્વામીબાપાને જગાડવાનો પ્રયત્ન કર્યો, પણ સ્વામીબાપા ઊઠે જ નહીં. આથી હું ખૂબ જોરથી રડવા લાગ્યો. આજુબાજુના બધા ભેગા થઈ ગયા. મારાં પત્નીએ કોઈક હરિભક્ત દ્વારા મુંબઈના કોઠારી સ્વામીને ફોન કરાવી બધી વાત કહેવડાવી. કોઠારી સ્વામીને મેં કહ્યું: 'સ્વામીબાપા જાગતા નથી, મારે પણ હવે મરી જ જવું છે.' કોઠારી સ્વામીએ મને શિક્ષાપત્રીની આજ્ઞા સમજાવી ધીરજ આપીને કહ્યું: 'હવે તમે મહંત સ્વામી મહારાજમાં હેત કરી તેમની માનસીપૂજા કરો. સ્વામીબાપા ઊઠી જશે.' મેં પ્રયત્ન કર્યો, પણ મન માનતું નહોતું. આત્મહત્યાના વિચારો આવ્યા કરે, પણ સંજોગો એવા મળતા નહોતા.

'એ દરમ્યાન આપ અહીં પધારવાના છો એવા સમાચાર મળ્યા અને સેવા પણ આપના ઉતારામાં મળી. મુંબઈમાં સ્વામીબાપા પધારે ત્યારે વર્ષો સુધી મેં તેમના ઉતારામાં સેવા કરી છે. મને સેવા મળી તે સારું લાગ્યું, પરંતુ ગઈકાલે રાત્રે મને સ્વામીબાપાએ દર્શન આપ્યાં. હું તેમની પાસે ખૂબ રડ્યો. મેં કહ્યું કે 'બાપા! મને તમારા વિના ગમતું નથી. તમારી ખૂબ યાદ આવે છે. મને પણ તમારી સાથે લઈ જાવ.' ત્યારે સ્વામીબાપાએ કહ્યું: 'હું ક્યાં ગયો છું? હું મહંત સ્વામી મહારાજમાં પ્રગટ જ છું. તમે હવે મહંત સ્વામી મહારાજમાં પ્રીતિ કરો.'

'સ્વામીશ્રી આટલું કહીને અદૃશ્ય થઈ ગયા. હું સફાળો બેઠો થઈ ગયો. નાહી-ધોઈને, પૂજા કરવા બેઠો ને માનસીપૂજામાં આપને જગાડ્યા તો તરત આપ જાગી ગયા. મારી આંખમાં આંસુ આવી ગયાં. સ્વામીબાપાનાં વચનથી મને શાંતિ શાંતિ થઈ ગઈ. બસ, હવે મને આપનામાં પ્રીતિ થાય એવા આશીર્વાદ આપો.'

આટલું બોલતાં મોહનભાઈની આંખોમાંથી અશ્રુની ધારા વહેવા લાગી, પરંતુ આ અશ્રુધારા વિરહની નહોતી, પ્રાપ્તિની પ્રતીતિની હતી, પ્રમુખસ્વામી મહારાજ પુનઃ મળી ગયાના હર્ષની હતી.

મહંત સ્વામી મહારાજે મંદ સ્મિત સાથે તેમને આશીર્વાદ આપ્યા. ત્યારે આસપાસ ઊભેલા સૌ કોઈના હૈયે એ જ પ્રતીતિ ફરી વળી: 'શ્રીજી પ્રગટ છે રે, સદા સત્સંગમાં...'[૧૦]

દેહ ભલે અલગ હોય પણ અક્ષરબ્રહ્મ તત્ત્વ એ જ આ ગુણાતીત ગુરુઓની તાત્ત્વિક એકતાનું બીજ છે.

વધુમાં, પરબ્રહ્મ શ્રી ભગવાન સ્વામિનારાયણની સૌથી નિકટ આ અક્ષરબ્રહ્મ છે, જેમાં તેઓનો શાશ્વત નિવાસ છે. આ અનંત, અમાપ, સદા પ્રસન્ન અને સનાતન અક્ષરબ્રહ્મ સદાય પુરુષોત્તમની સેવામાં રહે છે.[૧૧] ભગવાન સ્વામિ-નારાયણ કહે છેઃ પુરુષોત્તમ ભગવાન સર્વેમાં કારણપણે અંતર્યામી રૂપે પ્રવેશ કરીને રહ્યા છે, પણ જેવા અક્ષરમાં છે તેવા કોઈમાં રહ્યા નથી.[૧૨]

આમ, ભગવાનની સૌથી સમીપમાં અક્ષરબ્રહ્મ હોય છે, જેમાં ભગવાન સદાય પૂર્ણરૂપે બિરાજતા હોય છે. ભગવાન સ્વામિનારાયણના તત્ત્વજ્ઞાન અનુસાર આ અક્ષરબ્રહ્મ તે જ આદિ-અનાદિ ગુરુ છે. તે ભગવાનનું સ્વરૂપ છે, તેમના દ્વારા ભગવાન પૃથ્વી પર વિચરતા હોય છે, અને તેમના દ્વારા ભગવાન ભક્તોનું કલ્યાણ કરે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું વૈદિક તત્ત્વજ્ઞાન સમજાવે છે કે જે કોઈ ગુરુનો અક્ષરબ્રહ્મ તરીકેનો મહિમા જાણે છે, તે સહેજે સર્વોપરી પરમાત્માનો જ મહિમા પામે છે. તૈત્તિરીય ઉપનિષદમાં કહે છે કે, 'બ્રહ્મવિદ્ આપ્નોતિ પરમ્.' અર્થાત્ જે બ્રહ્મને જાણે છે, તે પરબ્રહ્મને પામે છે.[૧૩]

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છેઃ 'જેનો સત્સંગમાં જન્મ થયો છે તેનો એક પગ અક્ષરધામમાં છે અને જેણે આ સાધુને (અક્ષરબ્રહ્મને) જાણ્યા છે તેના તો બંને પગ અક્ષરધામમાં છે.'[૧૪]

આમ, તત્ત્વજ્ઞાનની રીતે ગુરુની ભૂમિકા સ્પષ્ટ થાય છે ત્યારે એટલું ચરિતાર્થ થાય છે કે આ અક્ષરબ્રહ્મ ગુરુ અદ્વિતીય છે, દિવ્ય છે અને સદાય તેમના દ્વારા જ ભગવાન પ્રગટ રહે છે.

અક્ષરબ્રહ્મ તરીકે ગુરુની ભૂમિકાની સાથે સાથે આવા સાચા ગુણાતીત ગુરુ બીજી અનેક ભૂમિકાઓ પણ અદા કરે છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની એવી કેટલીક

---

૧૦. સાધુ અક્ષરવત્સલદાસ, સાધુતાનું શિખર મહંત સ્વામી મહારાજ, સ્વામિનારાયણ અક્ષરપીઠ, સાતમી આવૃત્તિ (૨૦૧૯), પૃ. ૬૯.
૧૧. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૨૧.
૧૨. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૪૧.
૧૩. તૈત્તિરીય ઉપનિષદ - ૨/૧/૧.
૧૪. સ્વામીની વાતો - ૩/૨૬.

> ભગવાન શ્રી સ્વામિનારાયણનું વૈદિક તત્ત્વજ્ઞાન સમજાવે છે કે જે કોઈ ગુરુનો અક્ષરબ્રહ્મ તરીકેનો મહિમા જાણે છે, તે સહેજે સર્વોપરી પરમાત્માનો જ મહિમા પામે છે. તૈત્તિરીય ઉપનિષદ પણ એ જ કહે છે.

ભૂમિકાઓની સ્મૃતિ કરીએ.

## ગુરુની દ્વિતીય ભૂમિકાઃ વિધિ-વિધાનોના પ્રણેતા

પ્રમુખસ્વામી મહારાજ સદાય વૈદિક ધાર્મિક વિધિ-વિધાનોના પુરસ્કર્તા રહ્યા છે. આજે જ્યારે ધર્મમાં પ્રસાર માધ્યમો અને આધુનિક ટેક્નોલોજીની ભરમાર વધી રહી છે ત્યારે એક ગુરુ તરીકે પ્રમુખસ્વામી મહારાજે આધુનિકતાના વાયરામાં ક્યારેય ધાર્મિક પરંપરા વિસરાઈ ન જાય તેની તકેદારી રાખી છે. તેઓએ ભારપૂર્વક ઉચ્ચાર્યું છેઃ 'વિધિ-વિધાનોની મૂળ પરંપરા જાળવી રાખો.' ધર્મના પ્રસારમાં આધુનિકતમ ટેક્નોલોજીનો ભરપૂર ઉપયોગ થતો હોવા છતાં પણ બી.એ.પી.એસ. સંસ્થામાં સ્વામિનારાયણીય વિધિ-વિધાનો યથાતથા જાળવવામાં આવ્યાં છે. ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલી પરંપરા અનુસાર ઠાકોરજીની સેવારીતિ યથાતથા અનુસરાય છે. સંસ્થાનાં શિખરબદ્ધ મંદિરોમાં દરરોજ પાંચ વખત ભગવાનની આરતી ઉતારવામાં આવે છે અને રથયાત્રા, હિંડોળા, રામનવમી, જન્માષ્ટમી, આદિ ઉત્સવ-તહેવારો પણ પરંપરાગત રીતે ઊજવાય છે. લાખો હરિભક્તો રોજ નિયમિત પ્રાતઃપૂજા કરીને જ પાણીનું ટીપું મુખમાં મૂકે છે, એકાદશીના દિવસે ઉપવાસ કરે છે, ગીતા આદિક શાસ્ત્રોનું પઠન પણ કરે છે, ખાસ કરીને 'વચનામૃત' અને 'સ્વામીની વાતો'. પંચવર્તમાનનું પાલન કરતા સંતો નિત્યપૂજા, કથા, ધ્યાન અને રાત્રિ સમયે ભગવાનનાં ચરિત્રોનું ચેષ્ટાગાન કરે છે. આ સઘળી દૈનિક બાબતો ઉપરાંત પ્રમુખસ્વામી મહારાજે સત્સંગી ગૃહસ્થો માટે બે મુદ્દા ઉમેર્યા છેઃ (૧) કુટુંબના સભ્યો સાથે ઘરસભા. (૨) અઠવાડિક સત્સંગસભા.

નવદીક્ષિત સંતોને તાલીમ દરમ્યાન સંસ્કૃતશિક્ષણ આપવામાં આવે છે તેમજ વેદોક્ત પૂજા-વિધિ-વિધાનોની શાસ્ત્રીય તાલીમ આપવામાં આવે છે. ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત શાસ્ત્રીય યજ્ઞો અને ધાર્મિક વિધિઓમાં સ્વામીશ્રી ખૂબ ભક્તિભાવપૂર્વક જોડાય અને સૌને જોડે. સંપ્રદાયની ઘણી ધાર્મિક વિધિઓ એવી છે કે જેમાં ગુરુની ભૂમિકા અનિવાર્ય છે. જેમ કે -

**(૧) મૂર્તિપ્રતિષ્ઠાવિધિ :** મૂર્તિઓમાં પ્રાણપ્રતિષ્ઠા કરવાનું સાચું સામર્થ્ય માત્ર ગુણાતીત ગુરુમાં હોય છે. તેઓ જ મૂર્તિઓમાં પ્રાણ અને દિવ્યતાનો સંચાર કરી શકે છે. પ્રમુખસ્વામી મહારાજે ૧૨૦૦ કરતાં પણ વધારે મંદિરોમાં પ્રાણપ્રતિષ્ઠાવિધિ કરી છે.

**(૨) સંતદીક્ષા વિધિ :** સંસ્થામાં પ્રમુખસ્વામી મહારાજ દ્વારા જ સાધુઓને દીક્ષા અને નામ આપવામાં આવે છે. ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા અનુસાર તેઓ નવદીક્ષાર્થી સંતને આધ્યાત્મિક ગુરુમંત્ર આપે છે. ગુરુ સિવાય કોઈ પણ વ્યક્તિને દીક્ષા આપવાનો અધિકાર નથી. ફક્ત ગુરુ જ જીવનાં કર્મો અને ગતિ જાણતા હોય છે. પ્રમુખસ્વામી મહારાજે એવા ૧૦૦૦થી વધુ નવયુવાન સંતોને દીક્ષા આપી છે.

**(૩) આશ્રયદીક્ષા વિધિ :** ભગવાન સ્વામિનારાયણે આવા ગુરુ થકી આશ્રયમંત્ર ગ્રહણ કરવાનો સત્સંગીઓને આદેશ આપ્યો છે. આ વિધિને 'વર્તમાન વિધિ' પણ કહે છે. પ્રમુખસ્વામી મહારાજે લાખો લોકોને એવી વર્તમાન વિધિ દ્વારા સત્સંગ-દીક્ષા આપી છે. સામાન્યપણે ગુરુ દ્વારા આશ્રયદીક્ષા-મંત્ર હરિભક્તોને આપવામાં આવે છે. પરંતુ મુમુક્ષુઓનો વ્યાપ વધતાં સ્વામીશ્રીએ સંતોને પણ આશ્રયદીક્ષા-મંત્ર આપવાની આજ્ઞા કરી છે. ભગવાન સ્વામિનારાયણના વચન અનુસાર ગુરુના હસ્તે કે તેમની આજ્ઞા અનુસાર આશ્રયદીક્ષા મંત્ર ગ્રહણ કરવાથી પૂર્વે કરેલાં પાપકર્મનો નાશ થાય છે. આ વિધિના ભાગરૂપે જ્યારે કોઈ વ્યક્તિ ગળામાં કંઠી ધારણ કરે છે ત્યારે તે ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત ભક્ત બને છે. મહિલા ભક્તોને આ વિધિ આગેવાન મહિલા દ્વારા જ કરવામાં આવે છે.

ગુરુની આવી બે ભૂમિકાઓ પર નજર કરી. અન્ય ત્રણ ભૂમિકાઓ પર હવે પછીના ઉત્તરાર્ધમાં નજર કરીએ. ◆



■ સાધુ બ્રહ્મવિહારીદાસ

**ઉત્તરાર્ધ**

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં

# ગુરુની વિભાવના

> ગુરુ તરીકે લાખોના જીવનમાં ઓતપ્રોત થઈ રહેવાનું પ્રમુખસ્વામી મહારાજ માટે સહજ હતું. આથી તેઓ એક સાથે અનેક ભૂમિકાઓ પર સહજતાથી બિરાજીને સૌને સહજતાથી રાજી કરતા.

સનાતન હિન્દુ વૈદિક ધર્મની એવી મહાન ગુરુ-પરંપરાનું વહન કરતી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં પણ સાધનાના કેન્દ્રમાં ગુરુ અને પરમાત્મા છે. અહીં ગુરુને સાક્ષાત્ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ માનવામાં આવે છે એટલું જ નહીં, પરંતુ એ બ્રહ્મના સંગે બ્રહ્મરૂપ થવાની ભાવના સેવવામાં આવે છે. અને ગુરુ વ્યક્તિ-વ્યક્તિ સાથે અનુસંધાન સાધીને તેને બ્રહ્મની ઉચ્ચ સ્થિતિ સુધી લઈ જવા માટે અહોરાત્ર પુરુષાર્થશીલ રહે છે.

ગુરુપૂર્ણિમાએ પ્રસ્તુત આ લેખમાં બી.એ.પી.એસ. સંસ્થામાં ગુરુની મહત્ત્વપૂર્ણ ભૂમિકાની એક અભ્યાસપૂર્ણ ઝલક પ્રસ્તુત છે. આ વિસ્તૃત લેખના પૂર્વાર્ધમાં ગુણાતીત ગુરુની બે ભૂમિકાઓ માણ્યા બાદ ઉત્તરાર્ધમાં અન્ય ત્રણ ભૂમિકાઓ વિશે સમજ પ્રાપ્ત કરીશું.

## ગુરુની તૃતીય ભૂમિકાઃ સામાજિક ભૂમિકા

અમુક ગુરુઓ સામાન્યતઃ લોકોથી અમુક અંતર રાખીને જીવતા હોય છે. તેઓ અનુયાયીઓ સાથે પોતાનો સંબંધ ફક્ત ધાર્મિક કથાવાર્તાઓ પૂરતો જ મર્યાદિત રાખે છે, પરંતુ લોકોના દૈનિક જીવનના પ્રશ્નો કે સામાજિક સમસ્યાઓના ઉકેલમાં તેમને કોઈ રસ હોતો નથી. પ્રમુખસ્વામી મહારાજે સત્સંગીઓના આધ્યાત્મિક પ્રશ્નોની સાથે સાથે તેમના દૈનિક જીવનના અતિ સામાન્યમાં સામાન્ય પ્રશ્નો ઉકેલવામાં પણ એટલો જ રસ દાખવ્યો છે. વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજ પણ હરિભક્તોનાં સુખ-દુઃખમાં માર્ગદર્શન આપે છે. ગુણાતીત ગુરુપરંપરાની આ વિશેષતા છે.

ભગવાન સ્વામિનારાયણની પ્રથમ પંક્તિના સંત ગોપાળાનંદ સ્વામીએ બોટાદના શિવલાલ શેઠને કહ્યું હતું કે 'જો તમારે વહેવાર શીખવો હોય તો સુંદરિયાણાના પૂંજા શેઠ પાસે જજો અને જો વ્યવહાર અને મોક્ષ બંને શીખવા હોય તો જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામી પાસે જજો.' સાચા ગુણાતીત ગુરુ જ ભક્તોની સામાજિક અને આધ્યાત્મિક - બંને જરૂરિયાતો પૂર્ણ કરી શકે છે.

પ્રમુખસ્વામી મહારાજને કોઈ પણ વ્યક્તિ વિના સંકોચે મળી શકે. નાનકડો બાળક પણ તેમને મળી શકે. કિશોરો પોતાની લાગણીનાં ઘોડાપૂર સાથે સ્વામીશ્રી પાસે દોડી આવે અને યુવાનો પણ પોતાની સફળતા કે નિષ્ફળતાની વાત કરવા માટે પહોંચી જાય. સ્વામીશ્રીની આજ્ઞાથી સંસ્થાની સામાજિક પ્રવૃત્તિમાં સક્રિય સંતો પણ સ્વામીશ્રી પાસે સામાજિક અને આધ્યાત્મિક બાબતોનાં આયોજન માટે વ્યક્તિગત માર્ગદર્શન મેળવે. આમ, સ્વાભાવિકપણે પ્રમુખસ્વામી મહારાજ ત્રણ રીતે સામાજિક ભૂમિકા અદા કરી રહેલાઃ (૧) કૌટુંબિક વડીલ (૨) સંસ્થાકીય અધ્યક્ષ (૩) સમાજના સૂત્રધાર.

**(૧) કૌટુંબિક વડીલઃ** અસંખ્ય હરિભક્તોના પરિવારોએ પ્રમુખસ્વામી મહારાજનાં માર્ગદર્શન અને આશીર્વાદ મેળવીને જીવનના મુખ્ય અને અગત્યના નિર્ણયો લીધા છે. આવો કોઈ ધાર્મિક આદેશ નથી, પરંતુ સ્વામીશ્રી સાથેના સ્નેહસંબંધને લીધે ભક્તો પોતાના અનેક પ્રકારના પ્રશ્નોના ઉકેલ માટે સ્વામીશ્રી પાસે દોડી આવતા સૌએ જોયા છે. પછી ભલેને નવજાત બાળકનું નામ શું પાડવું તે બાબત હોય, નવું મકાન ખરીદવાનો પ્રશ્ન હોય, કારકિર્દીની



પ્રમુખસ્વામી મહારાજ લાખો પરિવારોના આત્મીય સ્વજન બની રહેલા. જીવનની સંધ્યાએ પહોંચેલા વડિલો સ્વામીશ્રીનું સાંનિધ્ય પામીને જીવનની કૃતાર્થતા અનુભવતા. પરિવારના એક વડીલ સ્વજન કરતાં પણ વધારે હેતની વર્ષાથી પ્રમુખસ્વામી મહારાજ હરિભક્તોની સામાજિક કે પારિવારિક સમસ્યાઓનું નિવારણ કરવામાં એટલા ઓતપ્રોત થઈ જતા કે પોતાની જાતનું અનુસંધાન પણ વીસરી જતા.

પસંદગીની વાત હોય, માંદગીની પરેશાની હોય કે પ્રિય સ્વજનના આઘાતજનક મૃત્યુની વેદના હોય! હરિભક્તો પત્ર, ફેક્સ કે ફોન દ્વારા પોતાની વાત સ્વામીશ્રી પાસે પહોંચાડે અને સ્વામીશ્રી એમના પ્રશ્નોના ઉકેલ માટે ખાસ સમય કાઢે. પરિવારના વડીલ સ્વજન કરતાં પણ વધારે હેતથી સ્વામીશ્રી હરિભક્તોની સામાજિક સમસ્યાનું નિરાકરણ કરતા, તેમાં કોઈ યંત્રવત્ રીતે કે ઉપરછલ્લું નહીં, પરંતુ સૌએ તેમાં નિઃસ્વાર્થ પ્રેમ, વિશ્વાસ અને જવાબદારી અનુભવી છે.

હજારો પરિવારો એવા છે કે જેની ત્રણ-ચાર પેઢીઓથી સ્વામીશ્રી તેમના આત્મીય સ્વજન બનીને રહ્યા છે. એક ઉદાહરણઃ એકવાર ન્યૂજર્સીમાં રહેતો નાનકડો બાળક યોગેશ પ્રમુખસ્વામી મહારાજ પાસે આવ્યો. યોગેશ સ્વામીશ્રીને પોતાની ઓળખ આપવા લાગ્યો. પરંતુ યોગેશ કાંઈ વધુ બોલે તે પહેલાં તો સ્વામીશ્રીએ તેને કહ્યું કે ‘તારા પિતા મહેશભાઈ છે, તેના પિતા રમણલાલ છે, તેમના પિતા હરિલાલ છે અને તેમના પિતા માણેકલાલ દણાક છે.’ સ્વામીશ્રીના મુખેથી પોતાની ચાર પેઢીનાં નામ સાંભળીને યોગેશ દંગ રહી ગયો! આવાં તો હજારો પરિવારોની ચાર-ચાર પેઢીઓની નામાવલિ સ્વામીશ્રીની જીભ પર સહજતાથી રમતી હતી. તેમાં સ્વામીશ્રીની એ પરિવારો સાથેની અનોખી આત્મીયતા પ્રગટતી હતી. નિઃસ્વાર્થ પ્રેમ જ હજારો હરિભક્તો સાથે આવી આત્મીયતા પ્રગટાવી શકે છે.

બીજાને મદદ કરવી તેને ફરજ નહીં, પરંતુ ફરજથી અનેકગણી અધિક સેવા માનીને પ્રમુખસ્વામી મહારાજ દિવસ-રાત તેમાં તન્મય રહેતા. નહીંતર, સ્વામીશ્રી કોઈક હરિભક્તનો ૭૨ પાનાંનો લાંબો કંટાળાજનક પત્ર વાંચીને તેનો ઉત્તર આપે? અથવા કલાકોની કંટાળાજનક ટ્રાફિકવાળી મુસાફરી કરીને એક હરિભક્તની અંતિમવિધિમાં ભાગ લેવા પહોંચે! ૬ઠ્ઠી ઓક્ટોબર, ૧૯૯૦માં લંડનમાં એવો એક પ્રસંગ બન્યો હતો. આમ, કરવાનું કારણ માત્ર એટલું જ હતું કે હૉસ્પિટલથી જયકૃષ્ણ પટેલ નામના હરિભક્તે પોતાની

*બીજાને મદદ કરવી તેને ફરજથી અનેકગણી અધિક સેવા માનીને પ્રમુખસ્વામી મહારાજ દિવસ-રાત તેમાં તન્મય રહેતા. નહીંતર, કોઈક ભક્તનો ૭૨ પાનાંનો કંટાળાજનક પત્ર વાંચીને તેનો ઉત્તર આપે?*

અંતિમ વિધિ સ્વામીશ્રીના હસ્તે થાય તેવી ઇચ્છા દર્શાવી હતી!

લાખો હરિભક્તો આજે વિશ્વાસપૂર્વક ઉચ્ચારે છે કે સ્વામીશ્રી એટલે અમારા પરિવારોની છત્રછાયા. લાખો ગૃહસ્થ હરિભક્તોની જેમ સંસ્થાના ૧૦૦૦થી વધુ ત્યાગાશ્રમી સંતોએ પણ સ્વામીશ્રીની છત્રછાયામાં માતા-પિતાનું વાત્સલ્ય અનુભવ્યું હતું. જીવનભર પરિવારત્યાગ, કઠિનાઈઓ, ભક્તિ, સાદાઈ, બ્રહ્મચર્ય, સામૂહિક જીવન વગેરે સાધુજીવનનાં અગત્યનાં પાસાં છે અને તે પ્રત્યેક પાસું અભ્યસનીય છે. વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં પણ એવી જ સ્વજનની શીતળ છત્રછાયા સૌ કોઈ અનુભવી રહ્યા છે.

(૨) **સંસ્થાકીય અધ્યક્ષ:** વિશ્વવ્યાપી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંચાલન અને વિકાસમાં ગુરુ સાર્વત્રિક છત્રછાયા પૂરી પાડે છે.

સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓ જેવી કે બાળ-યુવા-મહિલા કે સંયુક્ત સત્સંગ પ્રવૃત્તિઓમાં સ્વામીશ્રીનું સતત માર્ગદર્શન પ્રાપ્ત થયું છે. શિક્ષણ અને આરોગ્ય પ્રવૃત્તિઓ, મંદિર-નિર્માણથી માંડીને આદિવાસી ઉત્કર્ષ તેમજ ખેતી અને ગૌશાળા સુધીની અનેક બાબતોની મિટિંગ પ્રમુખસ્વામી મહારાજ નિયમિતપણે કરે અને સૌને અજોડ માર્ગદર્શન આપે. દરેક ક્ષેત્રમાં તેમની આગવી કોઠાસૂઝ સૌ કોઈએ અનુભવી છે. નવાં વિકાસકાર્યો માટે તેઓ સૌની સાથે મુક્ત ચર્ચા કરે, પરંતુ મૂળભૂત સિદ્ધાંતો અને પરંપરાઓ જાળવીને જ વિકાસ થાય તેનો તેઓ ખાસ ખ્યાલ રાખે. ૯૦ વર્ષની ઉંમરે પણ દરેક બાબતમાં તેમની સતર્કતા આશ્ચર્ય ઉપજાવે તેવી રહેલી.

એકવાર સંસ્થાના વહીવટી કાર્યાલયમાંથી સંસ્થાના જનરલ સેક્રેટરી શ્રી હરીશભાઈ દવેએ વિદેશયાત્રાએ ગયેલા પ્રમુખસ્વામી મહારાજને એક અહેવાલ મોકલ્યો હતો. વિદેશયાત્રાના અત્યંત વ્યસ્ત કાર્યક્રમ વચ્ચે પણ સ્વામીશ્રીએ સમય કાઢીને તે અહેવાલ વાંચીને તરત જ તે સંબંધિત ૨૨ પ્રશ્નોનો ઉત્તર ફેક્સ દ્વારા ગણતરીની ક્ષણોમાં મોકલી દીધો હતો!

આધ્યાત્મિક બાબત અને નિત્ય જીવનની ભૌતિક બાબતમાં સ્વામીશ્રીને એક સરખો રસ. આથી દરેક કાર્ય ચોકસાઈપૂર્વક થાય તેનું તેઓ ખૂબ ધ્યાન રાખે. સ્વામીશ્રીની પ્રેરણા અને ચોકસાઈને લીધે બી.એ.પી.એસ. સંસ્થાએ ગુણવત્તાનું એક આગવું ધોરણ વિકસાવ્યું છે. વિશ્વમાં જેમ ગુણવત્તા માટે જાપાનીઝ સ્ટાન્ડર્ડ, જર્મન સ્ટાન્ડર્ડ છે, તેવી જ રીતે ઘણા તજ્જ્ઞ લોકો ધાર્મિક સંસ્થાઓમાં 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સ્ટાન્ડર્ડ'ને ગુણવત્તાનું એક નિરાળું પરિમાણ ગણે છે.

(૩) **સમાજના સૂત્રધાર:** સ્વયં પરબ્રહ્મ પરમાત્મા હોવા છતાં સમાજના નાનામાં નાના માણસના ઉત્કર્ષ માટે ભગવાન સ્વામિનારાયણે સમાજસેવા અને સમાજસુધારણાનું મહાન કાર્ય કર્યું હતું. તે જ પરંપરાને અનુસરીને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે પણ વિરાટ પાયે સમાજની સેવાનાં ઉદાત્ત કાર્યો કર્યાં છે. તેઓની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વ્યસનો અને દૂષણોથી સમાજને મુક્ત કરવા માટે સતત પ્રયાસ કરી રહી છે. તેઓના માર્ગદર્શન મુજબ સમાજના કલ્યાણ માટે સંસ્થા દ્વારા મૂલ્ય આધારિત શિક્ષણથી લઈને આરોગ્યસેવાઓ સુધી અનેક પ્રવૃત્તિઓ ગતિમાન છે. કુદરતી આપત્તિઓ વખતે પીડિતોની સેવામાં સંસ્થા જોડાઈ જાય છે. વિરાટ વ્યસનમુક્તિ અભિયાનથી લઈને ચેકડેમો, વૃક્ષારોપણ વગેરે પર્યાવરણ સેવાઓમાં સ્વામીશ્રીએ સંસ્થાને સતત વેગ આપ્યો છે. વિદેશમાં વસતા ભારતીયો માટે સંસ્કૃતિ અને પરંપરાની માંગ પૂરી કરવા સ્વામીશ્રીએ ઠેર ઠેર મંદિરો તથા સાંસ્કૃતિક સંકુલો ખડાં કર્યાં છે. ગાંધીનગર અને દિલ્હીનાં અક્ષરધામ પરિસરો તેઓની સંસ્કૃતિસેવાનાં સીમાચિહ્નો છે, એ જ શૃંખલામાં તેઓના સંકલ્પ મુજબ અમેરિકામાં પણ ભવ્ય અક્ષરધામનું નિર્માણકાર્ય ગતિમાન છે.

સમાજના એક નિઃસ્વાર્થ સૂત્રધાર તરીકે સ્વામીશ્રીએ

એક આગવો વિશ્વાસ સંપાદન કર્યો છે. બે સદીથી ભાવનગર જિલ્લાનાં ઓદરકા અને કુકડ નામનાં ગામો અને આજુબાજુનાં ૪૪ ગામોમાં ક્ષત્રિયોની પરસ્પર વેરભાવનાને લીધે કેટલાય લોકોને મારી નંખાયા હતા. અંગ્રેજોના સમયથી આ ૪૪ ગામોની શાંતિ માટે બે સદીથી કેટલાય પ્રયાસો થયા હતા, છતાં સફળતા ન મળી, પરંતુ બંને સમાજના લોકો સ્વામીશ્રીની સમજાવટથી આ વેરભાવનાનો ભૂતકાળ ભૂલી જઈ શાંતિભરી જિંદગી સ્વીકારવા તૈયાર થયા, એ એક મોટી ઘટના હતી. ૧૨ એપ્રિલ, ૧૯૯૦ના દિવસે તેઓએ સ્વામીશ્રીની સમક્ષ શાંતિપૂર્વક રહેવાનો સંકલ્પ કર્યો. આજે તેઓ સાચે જ શાંતિપૂર્વક પોતાનું જીવન વિતાવી રહ્યા છે.

આવા તો અનેક સામાજિક પ્રશ્નો, સાંસ્કૃતિક સમસ્યાઓ અને પારિવારિક કલહોને સ્વામીશ્રીએ શમાવ્યા છે.

સામાજિક ભૂમિકા નિભાવવાની આ જવાબદારી સ્વામીશ્રીએ પોતાના પૂરતી જ સીમિત નથી રાખી, પરંતુ નિષ્ઠાવાન સંતો અને સ્વયંસેવકોના વિશાળ સમૂહને પણ તેમાં જોડ્યો છે. સન ૧૯૭૯માં મોરબીમાં આવેલા પૂરસંકટની દુર્ઘટનાને યાદ કરીને તત્કાલીન મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલે કહેલું : 'રેડિયો પર પ્રમુખસ્વામીનો એક શબ્દ સાંભળીને હજારો યુવાનો મોરબીમાં મદદ કરવા માટે પહોંચી ગયા હતા.' એનું એકમાત્ર કારણ એ છે કે સ્વામીશ્રી પણ બીજાની મદદ કરવા હંમેશાં દોડી ગયા છે, તેમને અનુસરીને લોકો બીજાને મદદ કરવા પ્રેરિત થાય છે. અને, સ્વામીશ્રીની આ બહુવિધ સમાજસેવાઓમાં ભગવાન સ્વામિનારાયણની કરુણાભરી પ્રાર્થનાનો જ પડઘો અનુભવાય છે. ભગવાન સ્વામિનારાયણે પ્રાર્થના કરી હતી કે 'જો ભક્તના ભાગ્યમાં વીંછીના એક ડંખની પીડા ભોગવવાની હોય તો તેમના બદલે મને અનેકગણી પીડા થાય, પરંતુ એ ભક્ત એ પીડાથી મુક્ત રહે.'

## ગુરુની ચતુર્થ ભૂમિકાઃ નૈતિક મૂલ્યોના રક્ષકની ભૂમિકા

સદાચારરૂપી ધર્મનું જતન કરવું એ ગુરુનું એક એવું કાર્ય છે, જેમાં નૈતિક મૂલ્યોનું આધ્યાત્મિક અર્થઘટન કરવું અને લોકોનાં જીવનમાં તેનું સિંચન કરવું તે બંને બાબતોનો સમાવેશ થાય છે. દક્ષિણ આફ્રિકાના પ્રખર વિદ્વાન શ્રી બ્રાયન હચિન્સન લખે છેઃ 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં વ્યક્તિગત અને સામાજિક જીવનમાં નૈતિક મૂલ્યોનું સિંચન અને પવિત્ર વર્તનનું ખૂબ ઊંચું મહત્ત્વ આંકવામાં આવે છે. આ માટે અહીં ગુરુનું ચારિત્ર્ય અને તેમના સાધુઓનું ચારિત્ર્ય શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડીને લોકોને પ્રેરણા આપે છે.'

પ્રમુખસ્વામી મહારાજે સદાચાર-ધર્મનાં મૂલ્યોનું પાલન કરવામાં ક્યારેય બાંધછોડ નથી કરી. સાથે સાથે તેમણે ભક્તોની ક્ષમતા, જાગૃતિ, વચનબદ્ધતાના જુદા જુદા સ્તર અનુસાર તેમને સદાચારના પથ પર ચાલવા માટે માર્ગદર્શન અને બળ પૂરાં પાડ્યાં છે. રોજની ચાલીસ સિગારેટ પીનારાને રોજની બે સિગારેટ પીવાનું કહી તેને ધીમે ધીમે વ્યસન છોડવાની સલાહ તેઓ આપતા. ચાલીસથી બે અને બે પછી શૂન્ય પર આવતાં વ્યસનીને વાર પણ ન લાગે અને તે વ્યસનમુક્ત થઈ જાય. આવું સંતુલન અને આવો વિવેક ફક્ત સાચા ગુરુ પાસે જ હોય છે. કોઈવાર કોઈ ભક્તે સત્સંગના નિયમો કે પંચવર્તમાનનો ભંગ કર્યો હોય તો સ્વામીશ્રી તેની પરિસ્થિતિ સમજીને તેને પ્રાયશ્ચિત્ત કરવા કહે. સરખી ભૂલો કરનાર બે અલગ અલગ વ્યક્તિઓ માટે પ્રાયશ્ચિત્ત એકસરખું ન હોઈ શકે.

એક વાર એક જાણીતા સામાજિક નેતા પ્રમુખસ્વામી મહારાજને મળવા આવ્યા. તેઓ કહે, 'મહારાજ! મને આશીર્વાદ આપો કે મારે સમાજમાં ખૂબ મોટું પરિવર્તન લાવવું છે અને તે માટે હું કાર્ય કરી શકું.' પરંતુ પ્રમુખસ્વામી મહારાજ તો ક્યારેય ખોટી પ્રશંસા કરે જ નહીં. કદાચ તે નેતાને સત્ય કડવું લાગ્યું હશે, પણ તેને નજીક બોલાવીને સ્વામીશ્રી કહે કે, 'તમારા મોઢામાં દારૂ ગંધાય છે, તમે કયા મોઢે પરિવર્તનની વાત કરશો? તમે ખુદનું પરિવર્તન લાવી શકતા નથી તો સમાજમાં શું પરિવર્તન લાવી શકવાના? તમે પહેલાં દારૂનું વ્યસન મૂકો. પછી બીજી બધી વાત કરો.'

તરત જ આગેવાનની આંખો ખૂલી. અંતર્દૃષ્ટિ થઈ અને પોતાની કુટેવ કાઢવાનો સંકલ્પ કર્યો. નિઃસ્વાર્થ ભાવ હોય તો જ સાચી વાત દુઃખ લગાડીને પણ કહી શકે.

જે કોઈ પ્રમુખસ્વામી મહારાજની પાસે આવે, તેઓને તેઓ નિધડકપણે સાચી વાત કરે, પરમહિતની વાત કરે, કેમ કે તેમને આપણી પાસેથી કશું જ જોઈતું નથી.

'બીજાના ભલામાં આપણું ભલું, બીજાના સુખમાં આપણું સુખ અને બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ' આ સૂત્ર પ્રમુખસ્વામી મહારાજે ૯૫ વર્ષ જીવીને સમાજને આપ્યું છે.

આવા ગુણાતીત ગુરુ સમક્ષ હૃદય ખોલીને નિષ્કપટ થનાર ભક્તને ગુરુ દોષોથી પર કરે છે. ગુણાતીત ગુરુ પાસે નિષ્કપટ થવાથી તેને આંતરિક શુદ્ધિનું બળ મળે છે. અંતર્દૃષ્ટિ, ગુરુ સમક્ષ નિષ્કપટપણું અને ગુરુના વચનમાં વિશ્વાસથી ભક્ત સદાચાર-ધર્મના સર્વોચ્ચ શિખરે પહોંચે છે.

*સ્વામીશ્રીએ ક્યારેક ભક્તો સાથે પ્રત્યક્ષ રીતે, ક્યારેક અપ્રત્યક્ષ રીતે કે કોઈવાર અંતરાત્મા સાથે સંધાન સાધીને ભક્તને પ્રેરણા આપી છે. તેના કારણે પુરુષો અને સ્ત્રીઓ ધર્મ-નિયમમાં સવાયાં પુરવાર થયાં છે.*

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છેઃ 'પોતાના મનમાં ભૂંડા ઘાટ થતા હોય તે કહેવા. તે કેને કહેવું તો જેના મનમાં કોઈ દિવસ જગતનો ભૂંડો ઘાટ થતો ન હોય એવો બળિયો હોય તેની આગળ ઘાટ કહેવો. અને એમ ઘાટ ન થાય એવા ઘણા પણ હોય; તેમાંથી પણ એવાને ઘાટ કહેવો જે, તે ઘાટને સાંભળીને તે ઘાટ ઉપર વાત કરે. તે જ્યાં સુધી કહેનારાનો ઘાટ ટળી જાય ત્યાં સુધી બેઠતો, ઊઠતો, ખાતો-પીતો, સર્વ ક્રિયામાં વાત કરે.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૮)

સત્પુરુષ દ્વારા થતું શાસ્ત્રોનું અર્થઘટન પ્રમાણિત કરતાં ભગવાન સ્વામિનારાયણ કહે છેઃ 'શાસ્ત્રમાં જે શબ્દ છે તે એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૬) એટલા માટે જ વચનામૃતમાં તેઓ સત્પુરુષ દ્વારા જ શાસ્ત્રનું શ્રવણ અને અર્થઘટન કરવા માટે ભાર મૂકે છે. (વચનામૃત લોયા પ્રકરણ ૧૨)

આવા ગુરુ ત્રણ રીતે ભક્તોનો આધ્યાત્મિક ઉત્કર્ષ કરે છે. તે સમજાવતાં ગુણાતીતાનંદ સ્વામી એક સુંદર ઉદાહરણ આપે છેઃ 'ત્રણ પ્રકારનાં પંખી છે; તેમાં કેટલાંક પંખી તો વૃત્તિ દ્વારે ઈંડાં સેવે એવાં છે, ને કેટલાંક પંખી દૃષ્ટિ દ્વારે સેવે એવાં છે, ને કેટલાંક પંખી તો પાંખમાં રાખીને સેવે એવાં છે.' (સ્વામીની વાતો, ૩/૩૧)

ગુણાતીત ગુરુ પણ ભક્તોનું આ જ રીતે આધ્યાત્મિક પોષણ કરે છે. સ્વામીશ્રીએ ક્યારેક ભક્તો સાથે પ્રત્યક્ષ રીતે, ક્યારેક અપ્રત્યક્ષ રીતે કે કોઈવાર અંતરાત્મા સાથે સંધાન સાધીને ભક્તને પ્રેરણા આપી છે. પંચવર્તમાનના શ્રીહરિ કથિત નિયમોને કારણે મહિલાઓ ગુણાતીત ગુરુના પ્રત્યક્ષ સંપર્કમાં ન હોવા છતાં, આધ્યાત્મિક પથ પર પુરુષો કરતાં પણ વધારે સવાયાં પુરવાર થયાં છે. અમેરિકા અને ઓસ્ટ્રેલિયા જેવા દૂરના દેશોમાં વસતાં સ્ત્રી-પુરુષ ભક્તોએ પણ ચુસ્તપણે નિયમોનું પાલન કરીને સ્વામીશ્રીની ઉપસ્થિતિ દૈનિક જીવનમાં અનુભવી છે. અમેરિકન સૈન્યમાં ફરજ બજાવતા પ્રકાશ મહેતાને જર્મની અને અન્ય ગ્રામીણ વિસ્તારોમાં જવાનું થયું ત્યારે તેમને શાકાહારી ભોજન મળતું નહોતું, આમ છતાં તેમણે ક્યારેય માંસાહાર કર્યો નહોતો. તેમણે ફળફળાદિ પર મહિનાઓ વીતાવ્યા હતા. એ પણ કેવું આશ્ચર્ય છે કે લંડનમાં રહેતા શ્રી સામાણી 'સેલ્ફરીઝસ'માંથી અત્યંત કિમતી રાડો ઘડિયાળ ખરીદીને ઘરે આવ્યા ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે સેલ્સમેને ભૂલથી એક ઘડિયાળ વધારે આપી છે. તેઓ તરત જ આ વધારાની ઘડિયાળ પરત કરી આવ્યા. અમેરિકાના નીલેશ પટેલ નામના સત્સંગી યુવાનને ૩૦ લાખ ડૉલરની લોટરી મળે તેમ હતી. પરંતુ તેણે તે ઠુકરાવીને જેને મળવા યોગ્ય હતી તે મહિલાને સામે જઈને આપી દીધી. અલગ અલગ વાતાવરણમાં ઊછરતા આ શિક્ષિત યુવાનોને નૈતિકતાના આવા શિખર પર વિરાજવાની પ્રેરણા કેવી રીતે મળે છે? આની પાછળ એક જ જવાબ છેઃ ગુણાતીત ગુરુ. તે પોતાના અંગત જીવનનું ઉદાહરણ પૂરું પાડે છે અનેક જીવોને ઊર્ધ્વગતિ કરાવે છે, એકાંતિક ધર્મની પ્રાપ્તિ કરાવે છે.

## ગુરુની પંચમ ભૂમિકાઃ આધ્યાત્મિક ભૂમિકા

આધ્યાત્મિક ભૂમિકા એ સાચા ગુરુનાં તમામ લક્ષણોનો અર્ક છે. એ એક આધારભૂત સિદ્ધાંત છે. પૂર્વે જોયેલી તેમની બધી જ ભૂમિકાઓમાં આધ્યાત્મિકતાનું તત્ત્વ તો ગર્ભિત છે જ. આધ્યાત્મિકતા વગર કોઈ ગુરુ ફક્ત એક શિક્ષક, નેતા કે સંદેશવાહક બની રહે છે. તે નેતૃત્વ કરી શકે છે, પરંતુ તેમાં કોઈ આધ્યાત્મિક લાભ નથી આપી શકતા. નેતાના કૌશલ્ય, કોઠાસૂઝ, પ્રભાવશાળી વ્યક્તિત્વ અને વ્યાવસાયિક પ્રયાસોથી સંસ્થાનું બાહ્ય વિસ્તરણ અને વિકાસ થાય છે, પરંતુ અંદરથી બધું પોલું હોય છે. કદાચ એવી સંસ્થા વિશાળ પાયે એક કોમર્શિયલ પ્રવૃત્તિ જ બની રહે છે, જે સમયાંતરે શમી જાય છે અને અંતે ત્યાં આધ્યાત્મિકતા ટકી શકતી નથી.

જ્યારે ગુણાતીત ગુરુની આધ્યાત્મિક શક્તિમાં આધ્યાત્મિક અનુભવ કરાવવાની ક્ષમતા હોય છે. એટલે જ, ગુરુની આધ્યાત્મિક ભૂમિકા એ અનુભવયુક્ત છે. તેને

પ્રમુખસ્વામી મહારાજને કોઈ પણ વ્યક્તિ વિના સંકોચે મળી શકે. નાનકડો બાળક પણ તેમને મળી શકે. કિશોરો પોતાની લાગણીનાં ઘોડાપૂર સાથે સ્વામીશ્રી પાસે દોડી આવે અને યુવાનો પણ પોતાની સફળતા કે નિષ્ફળતાની વાત કરવા માટે પહોંચી જાય. સ્વામીશ્રી સૌનું શિરછત્ર બની રહેતા.



સમજવાનું અને તેનું અર્થઘટન કરવાનું અત્યંત કપરું છે. વિખ્યાત નવલકથાકાર, તંત્રી અને 'ગૉડમેન ઑફ ઇન્ડિયા' નામના પુસ્તકના બ્રિટિશ લેખક પીટર બ્રેન્ટ કહે છેઃ 'શિષ્યો ભગવાનમાં શ્રદ્ધા રાખીને ભગવાન પાસેથી જે દિવ્ય અનુભવની અપેક્ષા રાખે છે તે બધું જ માત્ર ગુરુમાં સમાઈ જાય છે.'

ગુરુની આધ્યાત્મિક ભૂમિકા એ અનુભવવાની બાબત છે. તેનો અનુભવ થાય એ જ ગુરુની સર્વોચ્ચ કૃપા છે. શિષ્યોના પુરુષપ્રયત્ન અને બુદ્ધિચાતુર્યથી નહીં, પણ ગુરુના પ્રેમ અને કૃપાથી જ તે અનુભવ પ્રાપ્ત થાય છે. તા. ૨૩ જુલાઈ, ૧૯૨૫ના દિવસે પ્રમુખસ્વામી મહારાજે અમેરિકાની પ્રસિદ્ધ વાબાશ કૉલેજના વિદ્વાન પ્રાધ્યાપક રેમન્ડ વિલિયમ્સને કહ્યું હતું કે 'અન્ય બધી જ પ્રવૃત્તિઓ માત્ર આ આધ્યાત્મિક અનુભવના રસ્તે લઈ જાય છે.'

પ્રૉફેસર વિલિયમ્સે સ્વામીશ્રીને પૂછ્યું હતું : 'આપ શા માટે લોકોને તેમના ધંધા, વ્યવસાય, કારખાનાં, દુકાન અને સંસારની ભૌતિક વસ્તુઓ પ્રાપ્ત થાય તેવા આશીર્વાદ આપો છો? તમને એમ નથી લાગતું કે જો તેમની ઇચ્છાઓ ફળીભૂત થઈ જશે તો તેઓ તેમાં વધુ આસક્ત થઈ જશે?' સ્વામીશ્રીએ પ્રત્યુત્તરમાં કહ્યું હતું : 'જો આ જગતમાં તેમના વ્યવહાર સારા હશે અને સંતની કૃપાથી આ થયું છે તેની તેમને સ્મૃતિ રહેશે, તો તેનાથી તેમને સંત પ્રત્યે પ્રેમ વધશે. આ પ્રેમ તેમને ભૌતિક બાબતોથી પર લઈ જશે અને તેમની શાશ્વત મુક્તિ થશે.''

ગુરુ પ્રત્યેનો પ્રેમ ભગવાનના સાક્ષાત્કાર સુધી લઈ જાય છે. ભગવાન સ્વામિનરાયણ વચનામૃતમાં કહે છેઃ 'સત્પુરુષને વિશે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.' (વચનામૃત વરતાલ પ્રકરણ ૧૧)

જાણે ભગવાન સ્વામિનરાયણની આ અમર વાણી સજીવન કરતા હોય, તેમ સમગ્ર બી.એ.પી.એસ. સંસ્થાના લાખો હરિભક્તોના હૃદયસ્થાને, સૌના પ્રીતિપાત્ર તરીકે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ બિરાજમાન રહ્યા છે. તેમના હૃદયમાં રહેલા ભગવાન સ્વામિ-નારાયણની પ્રતીતિ સૌ હરિભક્તોને થાય છે, જે પ્રતીતિને સમયનું કોઈ બંધન નથી. એથી જ તો સ્વામીશ્રી માટે 'ગુણાતીત સંત', 'પરમ એકાંતિક સંત', 'પરમ ભાગવત સંત', 'સત્પુરુષ', 'મોટા પુરુષ', 'એકાંતિક ભક્ત', 'ભગવાનના અખંડધારક સંત' વગેરે તરીકે તેમનામાં

> આજની તારીખે આ સંપ્રદાય ધબકતો છે તેનું કારણ પણ ગુણાતીત ગુરુહરિ દ્વારા સત્સંગીઓને પ્રાપ્ત થતાં આ ચારે પ્રકારનાં સુખ અને ભગવાન સ્વામિનારાયણનાં થતાં દર્શન છે.

પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે અને પ્રેમથી 'ગુરુહરિ' કહીને વંદના કરે છે.

શ્રીજીમહારાજે કહ્યું છે ને કે '...જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત છે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે ને અનંત જીવના ઉદ્ધારને કરે છે....' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭)

નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છેઃ

'સંત તે સ્વયં હરિ...' અર્થાત્ ભગવાન અને સંતમાં રોમનો પણ ફર્ક નથી.' (નિષ્કુળાનંદ કાવ્યમ્ - ૪૧:૯)

આ ફક્ત એક માન્યતા કે ધારણા જ નથી. સત્સંગીઓને પ્રમુખસ્વામી મહારાજમાં ભગવાન સ્વામિનારાયણનાં દર્શન થયાના અનેક દાખલાઓ મોજૂદ છે. જેમ કે, 'નાર ગામના એક બાઈ હરિભક્તને કોઈએ કહેલું કે શ્રીજીમહારાજનાં વચનામૃતો ૧૦૮ વાર પાઠ કરવાથી ભગવાનનાં સ્વયં દર્શન થાય છે. તેમણે તો શ્રદ્ધાથી ૧૦૮ વાર વાચન કર્યું. પણ ભગવાનનાં દર્શન તો થયાં નહીં. તે સમયે તેમને ખબર પડી કે પ્રમુખસ્વામી મહારાજ નજીકના ગામમાં જ વિચરે છે ત્યારે તેઓ એમના દર્શને ગયાં. અન્ય સૌએ જ્યારે ભગવા વસ્ત્રધારી સ્વામીશ્રીને જોયા ત્યારે આ બાઈ હરિભક્તને તો દિવ્ય વસ્ત્રાલંકારધારી ભગવાન સ્વામિનારાયણ જ પ્રગટ સ્વરૂપે દૃષ્ટિગોચર થયા, સાધુ નહીં!

પ્રખર વિદ્વાન અને પવિત્ર સંત પૂજ્ય સત્યમિત્રાનંદ-ગિરિજી સારંગપુર ખાતે જ્યારે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરવા આવ્યા ત્યારે તેમણે કહ્યું હતું, 'હું જ્યારે પ્રમુખસ્વામીનું જીવન જોઉં છું ત્યારે મને તેમનામાં સાક્ષાત્ મર્યાદા પુરુષોત્તમ શ્રીરામનાં દર્શન થાય છે.'

દિવ્યજીવન સંઘના પૂજ્ય સ્વામી ચિદાનંદજીએ કહ્યું, 'પૂજ્ય પ્રમુખસ્વામીજીનું આગમન થયું એટલે ભારતની તમામ પવિત્ર નદીઓ આવી ગઈ, તમામ તીર્થોનું આગમન થયું કારણ કે પ્રમુખસ્વામી મહારાજનાં ચરણારવિંદ એટલે સાક્ષાત્ નારાયણનું આગમન.'

ડૉ. કલામ સાહેબ વારંવાર જે વાત કહેતા તે વાત આપની સમક્ષ દોહરાવું છું કે 'હું મારા જીવનમાં અનેક મહાપુરુષો પાસેથી અનેક ગુણો શીખ્યો છું. સોક્રેટિસ પાસેથી હું તર્કશક્તિ (reasoning) શીખ્યો છું, ગેલેલિયો પાસેથી હું સત્ય (truth) શીખ્યો, લિંકન પાસેથી હું સમાનતા (Equality) શીખ્યો. ગાંધીજી પાસેથી હું અહિંસા (Non-violence) શીખ્યો છું. બુદ્ધ પાસેથી હું કરુણા (Compassion) શીખ્યો. કોઈ મહાત્મા પાસેથી કૌટુંબિક મૂલ્યો શીખ્યો, સહન કરતાં શીખ્યો, સમર્પણ કરતાં શીખ્યો, પરંતુ જો કોઈની પાસેથી ભગવાનમાં શ્રદ્ધા (Faith in God) રાખવાનું શીખ્યો હોઉં તો તે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પાસેથી, કારણ કે તેમનામાં ભગવાન સ્વયં બિરાજમાન છે.'

જ્યારે પરમ ભક્તરાજ જાગાસ્વામીને શ્રીજીમહારાજ ન મળ્યાની ઉદાસી આવી ત્યારે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ એમને સાંત્વના આપેલી કે, 'ભગવાનનાં ચાર દિવ્ય સુખ છે - દર્શન, પ્રસાદી, વાતું અને મળવું. અમે આ ચારે તમને આપીશું.'

આજની તારીખે આ સંપ્રદાય ધબકતો છે તેનું કારણ પણ ગુણાતીત ગુરુહરિ દ્વારા સત્સંગીઓને પ્રાપ્ત થતાં આ ચારે પ્રકારનાં સુખ અને ભગવાન સ્વામિનારાયણનાં થતાં દર્શન છે. પ્રમુખસ્વામી સ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજમાં લાખોએ એ અનુભૂતિને માણી છે.

## દિવ્ય પાત્રતાપણું

ગુણાતીત ગુરુ સ્વયં જ ભગવાન સ્વામિનારાયણના પ્રગટ સ્વરૂપે વિચરી રહ્યા છે તે દિવ્યભાવની અનુભૂતિ સાથે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ સર્વે સત્સંગીઓનાં મનમંદિરમાં બિરાજી રહ્યા છે. સર્વે તે એક જ ભાવથી તેઓને ભક્તિ-સેવા-પૂજા અર્પણ કરે છે. આ તમામ હરિભક્તો નિરપવાદ રીતે ભગવાન સ્વામિનારાયણનાં વચન પાળે છેઃ '...જેના હૃદયમાં ભગવાનની ભક્તિ હોય...

અને એમ જાણે જે 'એ ભગવાન વિના બીજો કોઈ જગતનો કર્તા છે જ નહિ' અને એમ જાણે જે 'ભગવાન વિના સૂકું પાંદડું પણ ફરવાને સમર્થ નથી...' એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ તેને દુખવતાં થકા મનમાં બીએ છીએ અને તેનાં દર્શનને પણ ઈચ્છીએ છીએ...' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૭)

દરેક સત્સંગી આ સત્યવચનને સંપૂર્ણ શ્રદ્ધાથી શ્રીજીમહારાજના આદેશને શિરોધાર્ય કરી, સ્વજીવન સમર્પિત કરી છૂટે છે.

આ અભૂતપૂર્વ સમર્પણભાવથી પોતાના ગુરુ પ્રત્યે આધ્યાત્મિક એકતા સાધતા સત્સંગીઓને જોઈ અમેરિકાના 'ફિલાડેલ્ફિયા ઈન્કવાયરર'ના રવિપૂર્તિના તંત્રી શ્રી રોનાલ્ડ પટેલ, જગપ્રસિદ્ધ સામયિક 'રીડર્સ ડાઈજેસ્ટ'માં નોંધે છેઃ 'પંચોતેર વર્ષે પહોંચેલા મોટા ભાગના લોકો જ્યારે પોતાની સંપત્તિ-સંતતિ અને માનઅકરામ વાગોળતા હોય ત્યારે પ્રમુખસ્વામી મહારાજ સદા અકિંચન મૂર્તિ છે. તેમણે પ્રાપ્ત કરેલ ભક્તિ અને સંપ્રદાયી-બિનસંપ્રદાયી તમામની શ્રદ્ધારૂપી સંપત્તિ બેજોડ છે, અકલ્પ્ય છે.'

દક્ષિણ ભારતના પ્રસિદ્ધ રામાનુજાચાર્ય પૂજ્ય શ્રી વી. ઈ. જિઅર સ્વામી તો ગદ્ગદ થઈ કહે છે કે 'જો પરમાત્મા પોતાના કૃપાપાત્ર વ્યક્તિઓની યાદી બનાવે તો તે યાદીમાં સર્વપ્રથમ નામ નિર્વિવાદ રીતે પ્રમુખસ્વામી મહારાજનું હોય.'

દિવ્યજીવન સંઘના અધ્યક્ષ અને મહાન સંત પૂજ્ય શ્રી ચિદાનંદ સ્વામીજી કહે છે, 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામીજી તો પરમેશ્વરની પુણ્યપાવકતા, શાંતિ, પ્રેમ અને ગુરુકૃપાના અખંડ પ્રતીક છે, પરમ આદરણીય અને પૂજ્ય છે. એમનું સમગ્ર અંગત જીવન અને રોજિંદો વ્યવહાર પણ અન્ય સાધુ-સંન્યાસીઓ, સંતો-મહાત્માઓ માટે આદર્શ અને અનુકરણીય ઉદાહરણ છે. મેં સ્વયં પ્રમુખસ્વામી મહારાજમાં નૈસર્ગિક સરળતા, વ્યાવહારિક વિનમ્રતા અને માન-અભિમાન, દર્પ-કંદર્પ કે મત્સરરહિત સંપૂર્ણ નિર્માનીપણાનો અનુભવ સાક્ષાત્ કર્યો છે. ભગવાન સ્વામિનારાયણ જ સર્વકર્તા છે અને પોતાના ગુરુશ્રીઓની કૃપાથી જ બધાં કાર્યો થશે જ એ અડગ વિશ્વાસથી પ્રમુખસ્વામી મહારાજ બી.એ.પી.એસ. સંસ્થાની આટઆટલી વિધવિધ પ્રવૃત્તિઓમાં ગળાડૂબ હોવા છતાં તેઓ સંપૂર્ણ ભાર વિના, વિકટ જવાબદારીઓ પણ અદના સેવકભાવે વિનમ્રપણે નભાવે છે.'

સ્વામીશ્રીનું જીવનરહસ્ય જ આ છે. લોકો તેમને 'મહાન સંત', 'જીવનની એક માત્ર આશા', 'આધ્યાત્મિક સર્વોચ્ચ શિખરસ્થ ગુરુ' કે સત્સંગીઓ 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ' તરીકે નિહાળે, પરંતુ સ્વામીશ્રી પોતાને તો 'ભગવાનના તથા ગુરુના' એક 'અદના સેવક' તરીકે જ જુએ.

સ્વામીશ્રીએ ક્યારેય પોતાનો મહિમા વર્ણવતા ભૂતકાળની કાલ્પનિક વાતો કરી નથી, કે નથી ક્યારેય લોકોને પોતાના મોહપાશમાં બાંધવાના પ્રયત્નો કર્યા. એકવાર કોઈએ એમને પૂછ્યું કે 'તમે બાળપણમાં શું કરતા?' જવાબ મળ્યોઃ 'ઢોરાં ચરાવતા.'

અન્ય એક પ્રસંગે એમણે કહેલું, 'મને તો કાંઈ આવડતું નહીં. આ તો બધું ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના પ્રતાપે છે.' આ સંદેશ એમના સમગ્ર જીવનમાં ફેલાયેલ છે. એકવાર એક મુલાકાતી બાળક નિર્દોષભાવે બોલી ગયો, 'આપ ભગવાન સ્વામિનારાયણ છો.' ત્યારે સ્વામીશ્રી કહે, 'અમે તો ભગવાન સ્વામિનારાયણના દાસ છીએ.' બાળકને આપેલા આ જવાબમાં જ સ્વામીશ્રીના જીવનનું પ્રતિબિંબ અને તેમાં જ જીવનનો સૂચક સંદેશ છે.

રીડર્સ ડાઈજેસ્ટ જેને 'દુનિયાની આઠ અજાયબીઓમાંની એક' તરીકે મૂલવે છે તે જગપ્રસિદ્ધ લંડન-નિસ્ડન સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠાવિધિ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે સંપન્ન થયા બાદ તરત જ યુરોપની પ્રખ્યાત ટીવી ચેનલ તેઓનો ઈન્ટરવ્યૂ લે છે. સમગ્ર યુરોપનું આ સર્વપ્રથમ પરંપરાગત શૈલીનું પથ્થરમાંથી નિર્મિત હિન્દુ મંદિર હતું, જેના સમારોહની આશરે ૪૪૦ ટી.વી. ચેનલો તથા ૧૪૫ ભાષાઓમાં નોંધ લેવાઈ હતી. આવા ભવ્યાતિભવ્ય સમારંભ પછી વર્લ્ડવાઈડ સ્ટડીઝ ટી.વી. ચેનલ પ્રમુખસ્વામી મહારાજને પૂછે છેઃ 'લાખો હરિભક્તોના ગુરુ તરીકે આપ શું લાગણી અનુભવો છો?' ત્યારે તરત જ એ ગૌરવવંતી ક્ષણે સ્વામીશ્રી પ્રશ્ન સુધારે છેઃ 'ભગવાન જ આ લાખો લોકોના ગુરુ છે. અમે તો એમના દાસ છીએ અને એમણે ચીંધ્યા રસ્તે, એમના નિયમો પ્રમાણે બધાને ચલાવવા પ્રયત્ન કરીએ છીએ.'

દેશ-વિદેશના રાષ્ટ્રપ્રમુખો અને વડાપ્રધાનોની સાથે પ્રમુખસ્વામી મહારાજની મુલાકાત હોય ત્યારે કે વિદેશની પાર્લામેન્ટોમાં જ્યારે તેઓનું બહુમાન થઈ રહ્યું હોય ત્યારે કે જગવિખ્યાત ધર્મગુરુઓ સાથે વિમર્શ કરતા હોય ત્યારે, કે એવા કોઈપણ પ્રસંગે, સ્વામીશ્રીનું વલણ આધ્યાત્મિક અને અંતર્મુખી જ હોય. પ્રશંસા કે માનઅકરામ-સન્માનોનું સ્વામીશ્રીને મન કોઈ મહત્ત્વ નહોતું. એમને તો કોઈ પણ કાર્યનો માપદંડ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા પોતાના

*હરિભક્તોએ તેમની પાસે વ્યક્ત કરેલી પોતાની મુશ્કેલીઓથી દ્રવિત સ્વામીશ્રી મધ્યરાત્રિએ કે મળસ્કા સુધી પણ તેમના માટે પથારીમાં બેઠાંબેઠાં માળા ફેરવતા, ભગવાનને પ્રાર્થના કરતા જોયા છે.*

ગુરુઓની આજ્ઞા કેટલે અંશે સફળતાથી પાળી શકાઈ તેનો જ રહ્યો છે. સહજ સહજમાં તેઓ ઐશ્વર્ય ખડું કરી શકે એવી સામર્થી હોવા છતાં એમણે ગુરુના એક પણ વચન કે ભગવાન શ્રી સ્વામિનારાયણની એક પણ આજ્ઞાનો સ્વપ્નમાં પણ, ભૂલે ચૂકે કે અજાણતા પણ ક્યારેય નથી ભંગ કર્યો કે નથી અનાદર કર્યો. સંપૂર્ણ, અણિશુદ્ધ જાણપણા સાથે પંચ વર્તમાન - નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માનનું પાલન એ જ એમના જીવનની સાચી ઓળખ છે. સમગ્ર બ્રહ્મચર્યપૂર્ણ જીવનકાળમાં એમણે ક્યારેય પણ, સ્વપ્નમાં પણ ધન કે સ્ત્રીનો મલિન વિચાર પણ આવવા દીધો નથી. સદા અકિંચન સ્વામીશ્રી પાસે પોતાના નામે માલ-મિલકત તો નહોતી જ, પરંતુ જીવનભર તેમણે પૈસાનો સ્પર્શ પણ નથી કર્યો! અહંકારથી હજારો ગાઉ દૂર રહેતા પ્રમુખસ્વામી મહારાજે હંમેશાં દાસના દાસ, દાસાનુદાસ તરીકે જીવન જીવવાનું પસંદ કર્યું છે. મહંત સ્વામી મહારાજ પણ ગુરુ તરીકે નહીં, પરંતુ સતત એક જ ભાવનાથી પળેપળ વીતાવી રહ્યા છે - દાસના દાસ તરીકેની ભાવના.

પ્રમુખસ્વામી મહારાજ માત્ર ૨૮ વર્ષની નાની વયે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના 'પ્રમુખ' બન્યા હતા. તા. ૨૧-૫-૧૯૫૦ના રોજ અમદાવાદમાં આંબલીવાળી પોળમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની ઉપસ્થિતિમાં તેમને વિધિવત્ ચાદર ઓઢાડવાનો પ્રસંગ પૂર્ણ થયો, ત્યારબાદ ભોજન સમારંભ થયો અને સૌ છૂટા પડી રહ્યા હતા અને તે સમયે બધા હરિભક્તોનાં એઠાં વાસણ પ્રમુખસ્વામી મહારાજ સ્વયં એકલા હાથે ઊટકતા હતા!

સંસ્થાના 'પ્રમુખ' બનાવાયા તેના ગણતરીના સમયમાં પણ તેમની વિનમ્રતા અને સેવાભાવનાનાં દર્શન થતાં હતાં. બી.એ.પી.એસ.ની ગળથૂથીમાં જે સેવાભાવના જોવા મળે છે, તેમાં સંસ્થાના 'પ્રમુખ'નું આચરણ જ ઉપદેશ બની જાય છે.

વર્ષો પછી સંતોએ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું કે આપ પ્રમુખ બન્યા અને તરત જ હરિભક્તોનાં એઠાં વાસણો ઊટક્યાં? સ્વામીશ્રી કહે, 'પ્રમુખ બન્યા એટલે સેવક થોડા મટી ગયા!'

પ્રમુખસ્વામી મહારાજને જ્યારે પૂછવામાં આવ્યું કે તમને શું થવું ગમે? ત્યારે તેમણે કહ્યું કે 'સેવક!' અને ખરેખર, પ્રમુખસ્વામી મહારાજ લાખો લોકોના ગુરુ હોવા છતાં, સતત સેવક જ રહ્યા છે.

આવો જ એક પ્રસંગ એક સમયના ગુજરાતના ચીફ જસ્ટિસ બી. જે. દીવાન વર્ણવે છે. ખૂબ જ લબ્ધપ્રતિષ્ઠિત વ્યક્તિ, તેઓ પ્રમુખસ્વામી મહારાજ માટે જાહેરમાં એવું કહેતા હતા કે 'બી.એ.પી.એસ. સંસ્થાના 'પ્રમુખ' બન્યા પછી નાનકડા પ્રમુખસ્વામી મહારાજને મે સારંગપુરમાં ગાર લીપતાં અને છાણાં થાપતાં જોયા છે.' આ ઉપરાંત પણ કેટલાય મહાનુભાવો કહે કે અટલાદરામાં પ્રમુખસ્વામી મહારાજને ચૂનો ગાળતાં, મજૂરની જેમ કામ કરતાં અમે જોયા છે.


મહેસાણાની અંદર પણ મજૂરોની સાથે મજૂરી કરતાં, માથે તબડકાં ઊંચકીને ખાડા પૂરતા પ્રમુખસ્વામી મહારાજને જોયા છે. ભાદરામાં જ્યારે પાઈપ-લાઈન નાખવાની હતી ત્યારે અઠવાડિયા સુધી રાત-દિવસ જોયા વગર, ખાધા-પીધા વગર, કાળ-ઝાળ ગરમીમાં પ્રમુખસ્વામી મહારાજે પાણીની પાઈપો નાખી છે.

આ છે એમની દાસત્વ ભાવના કે સેવક ભાવનાની ઝાંખી.

પ્રમુખસ્વામી મહારાજ કે મહંત સ્વામી મહારાજનું સવારની પૂજા-પ્રાર્થનાસભાથી શરૂ થતું દૈનિક જીવન સાંજની કથા-સભા કે રાત્રિ પ્રાર્થના પછી પણ પૂરું નથી થઈ જતું. દિવસ દરમ્યાન હરિભક્તોએ તેમની પાસે વ્યક્ત કરેલી પોતાની મુશ્કેલીઓથી દ્રવિત સ્વામીશ્રી મધ્યરાત્રિએ કે મળસ્કા સુધી પણ તેમના માટે પથારીમાં બેઠાંબેઠાં માળા ફેરવતા, ભગવાનને પ્રાર્થના કરતા જોયા છે. જેટલો એમનો પોતાના ઈષ્ટદેવમાં અતૂટ વિશ્વાસ છે, શ્રદ્ધા છે એટલી જ હરિભક્તો પ્રત્યે અડગ ભક્તિ છે. **(અનુસંધાન પૃષ્ઠ ૪૫ પર)**

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## નેનપુરમાં પૂજ્ય મહંત સ્વામી મહારાજની અમૃતવર્ષા...

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણના અખંડ ધારક સંત પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પ્રાસાદિક નેનપુર ખાતે શાંતિવનમાં બિરાજી દિવ્ય સત્સંગલાભ આપી રહ્યા છે. ૧૮ માર્ચ ૨૦૨૦થી આજપર્યંત સુધી નેનપુર ખાતે બિરાજેલા સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં નિત્ય ઉત્સવ-પ્રસંગોની પરંપરા વહી રહી છે. આધુનિક પ્રસાર માધ્યમો દ્વારા પ્રગટ ગુરુહરિનું દિવ્ય સાંનિધ્ય દેશ-પરદેશના લાખો હરિભક્તો-ભાવિકોને ઘરે બેઠાં પ્રાપ્ત થઈ રહ્યું છે. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સમયાંતરે પ્રસારિત થતી બાળકો-યુવાનો માટેની સત્સંગ સભાઓ તેમજ વિવિધ વિષયો સાથે યોજાતી રવિ સત્સંગ સભાઓમાં સંતોના પ્રેરણાદાયી પ્રવચનો અને સ્વામીશ્રીના આશીર્વાદ ઉપરાંત સત્સંગ-ભક્તિના અન્ય વિવિધ કાર્યક્રમોનો આસ્વાદ માણતા સૌને અધ્યાત્મ-ઊર્જા પ્રાપ્ત થઈ રહી છે. સદાય પરાભક્તિમાં રત રહેતા સ્વામીશ્રી સૌની સુખાકારી માટે સતત ઠાકોરજીને પ્રાર્થના કરે છે. સ્વહસ્તે પત્રો લખીને તેમજ આશીર્વચનોમાં સૌને કોરોનાની મહામારી સામે તકેદારી રાખવા હાર્દિક અપીલ પણ કરે છે. સાથે સાથે કથાવાર્તા, પ્રશ્નોત્તરીઓ, આધ્યાત્મિક ગોષ્ઠિઓ, ઓડિયો–વીડિયો રેકોર્ડિંગ્સ વગેરે પ્રવૃત્તિઓમાં દિવસ-રાત રત રહેવાની સાથે

સાથે તેઓશ્રી હરિભક્તોના પ્રશ્નો સુણી સૌને રૂડા આશીર્વાદ પાઠવે છે. વળી, સંસ્થાકીય તથા અન્ય વિમર્શોમાં અનેરું માર્ગદર્શન આપે છે. હરિભક્તો પણ ગુરુહરિના નિરામય દીર્ઘાયુ માટે પ્રાર્થનાઓ કરે છે.

સ્વામીશ્રીના નેનપુર ખાતેના નિવાસ દરમ્યાન તાજેતરમાં ઊજવાયેલા કેટલાક ઉત્સવ-પ્રસંગોની એક ઝલક અહીં પ્રસ્તુત છે...

■ તા. ૩-૪-૨૦૨૧: આજે તારીખ પ્રમાણે ભગવાન સ્વામિનારાયણનો પ્રાકટ્યદિન ઊજવાયો હતો. આ અવસરે સ્વામીશ્રીએ ઇષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણનાં ચરણોમાં વિશેષ ભક્તિઅર્ઘ્ય અર્પ્યું હતું.

■ તા. ૬-૪-૨૦૨૧: આજ રોજ સ્વામીશ્રીએ સીડની(ઓસ્ટ્રેલિયા)માં રચાઈ રહેલા નૂતન બી.એ.પી.એસ. મંદિર સંકુલના અગત્યના સોપાનરૂપે રચાનાર હવેલીનો વર્ચ્યુઅલ ટેકનોલોજીના માધ્યમથી ખાતવિધિ કર્યો હતો. વિધિને અનુસરતા સ્વામીશ્રીએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન, નિધિકુંભનું પૂજન, ભૂમિના આધારભૂત છ દેવતાઓનું પૂજન, ઈષ્ટિકાઓનું પૂજન, ઓજારોનું પૂજન કરી નિજહસ્તે નિધિકુંભમાં નવ રત્નો પધરાવ્યાં હતાં. સાથે ઑસ્ટ્રેલિયામાં સેવામાં જોડાયેલા સંતો-હરિભક્તો, એન્જિનિયરો, કારીગરો વગેરે માટેની નાડાછડીઓ પ્રસાદીભૂત કરી હતી. અંતે આરતી ઉતારી વહેલામાં વહેલી તકે નિર્વિઘ્ન રીતે આ પ્રૉજેક્ટ પૂર્ણ થાય તેવા આશિષ અર્પ્યા હતા.


■ તા. ૧૦-૪-૨૦૨૧: આજે સ્વામીશ્રીએ કેનેડાનાં વ્હિટબી નગર (Whitby) અને કેલગરી નગર (Calgary) ખાતે રચાનાર નૂતન બી.એ.પી.એસ. મંદિરના નિધિકુંભ તથા ઈષ્ટિકાઓનું વિધિવત પૂજન કર્યું હતું. આ મંદિરો દ્વારા અનેકને આધ્યાત્મિક લાભ થાય તેવા આશીર્વચન સ્વામીશ્રીએ આપ્યાં હતાં.

## ઘર ઘર શ્રી નીલકંઠવર્ણી

તા. ૧૧-૪-૨૦૨૧ - અમેરિકાના ન્યૂજર્સી રાજ્યના રોબિન્સવિલ નગર ખાતે રચાઈ રહેલા વિશાળ મંદિર પરિસરમાં શ્રી નીલકંઠવર્ણીની ભવ્ય તપોમૂર્તિ પ્રસ્થાપિત થવાની છે. શ્રી નીલકંઠવર્ણીનાં મૂલ્યો ઘરોઘર પહોંચે તે માટે યુ.એસ.એ.ની મહિલા પાંખ દ્વારા 'ઘર ઘર શ્રી નીલકંઠવર્ણી' અભિયાન યોજવામાં આવ્યું છે. આ અભિયાનનો આરંભ કરતાં આજના દિને સ્વામીશ્રીએ નીલકંઠવર્ણીનું પૂજન -અભિષેક, આરતી કરી અભિયાનનો મંગલ પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રસંગોચિત ઉદ્‌બોધનનો લાભ આપ્યો હતો.

અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું: 'પ્રમુખસ્વામી મહારાજે અક્ષરધામનો ભવ્ય સંકલ્પ કર્યો. તે વખતે તો ત્યાં કોઈ મંદિરો નહોતાં ને કાંઈ નહીં. હવે હજારો વરસ સુધી તેમાંથી પ્રેરણા મળશે અને જયજયકાર થશે.' એમ કહી સ્વામીશ્રીએ શ્રી નીલકંઠવર્ણીના જીવનમાંથી મળતી વિવિધ પ્રેરણાઓ - તપ, ત્યાગ, નિઃસ્વાર્થ સેવા, સહનશીલતા, ભક્તિનો મર્મ સમજાવી વિશેષમાં કહ્યું, 'આવી પ્રેરણાઓ સૌને ઘર ઘર મળતી રહે તે માટે 'ઘર ઘર શ્રી નીલકંઠવર્ણી' પ્રોજેક્ટ છે. આનાથી અંતરમાં સુખ-શાંતિ મળશે. કેમ કે ભગવાન આપણી પાસે છે, અંતરમાંય છે અને બહાર પણ. પરંતુ આપણે ભજન-ભક્તિ કરીએ એ રીતે ભગવાન આપણી પાસે રહેશે; અને તો જ અખંડ સુખ-શાંતિ મળશે.'' અંતમાં સ્વામીશ્રીએ શ્રી નીલકંઠવર્ણી પર પુષ્પાભિષેક કર્યો હતો.

■ તા. ૧૧-૪-૨૦૨૧: ગુજરાતના





ગ્રીષ્મ ઋતુમાં સ્વહસ્તે પ્રાણપ્યારા શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને શરીરે ચંદન ચર્ચી સુંદર વાઘા ધારણ કરાવવામાં તલ્લીન મહંત સ્વામી મહારાજે ઈષ્ટભક્તિ અદા કરી હતી તેની વિરલ સ્મૃતિછબિ. (તા. ૨૩-૫-૨૦૨૧)

પ્રસિદ્ધ સંત પૂજ્યપાદ મહામંડલેશ્વર શ્રી વિશ્વંભરભારતી બાપુ આજે બ્રહ્મલીન થયા હતા. તેઓ બી.એ.પી.એસ. સંસ્થા સાથે, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સાથે તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ સાથે ખૂબ જ પ્રેમભાવથી જોડાયેલા હતા. સ્વામીશ્રીની ઇચ્છા અનુસાર અત્યારે તેઓની શ્રદ્ધાંજલિ સભા રાખવામાં આવી હતી. અક્ષરવત્સલદાસ સ્વામી, ભક્તિ-તનયદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી તથા ડૉક્ટર સ્વામીએ ભારતીબાપુના ગુણો-પ્રસંગો સ્મરી હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પી હતી. અંતે, સ્વામીશ્રીએ ભારતીબાપુને ભાવ-અંજલિ અર્પી હતી.

■ તા. ૨૧-૪-૨૦૨૧: આજે ભગવાન સ્વામિનારાયણનો ૨૪૦મો પ્રાકટ્યોત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો. આ સાથે જ નેનપુર ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયેલા વિવિધ ઉત્સવોને આજે એક વર્ષ પૂર્ણ થયું હતું. (જેનો વિશેષ અહેવાલ ગતાંકમાં પ્રકાશિત થઈ ચૂક્યો છે.)

■ તા. ૨૨-૪-૨૦૨૧: બીલીમોરા ખાતે રચાનાર નૂતન બી.એ.પી.એસ. મંદિરની ઈષ્ટિકાઓનું સ્વામીશ્રીએ આજે વિધિવત્ પૂજન કર્યું હતું.

■ તા. ૨૭-૪-૨૦૨૧: કોરોના મહામારીમાં ચાલી રહેલા વેક્સીન અભિયાનમાં જોડાતાં સ્વામીશ્રીએ આજે વેક્સીનનો દ્વિતીય ડોઝ લીધો હતો અને સૌને વેક્સીન લેવા અંગે ભલામણ કરી હતી.

■ તા. ૮-૫-૨૦૨૧: આજે સ્વામીશ્રીની પ્રેરણા અને આશીર્વાદથી યુ.એ.ઈ. સ્થિત બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના નેજા હેઠળ બ્રહ્મવિહારીદાસ સ્વામી, અન્ય સંતો તથા હરિભક્તો, ગુણભાવીઓએ ભારતમાં કોરોનાની દ્વિતીય લહેરમાં ખૂબ મોટી સંખ્યામાં સંક્રમિત થયેલા દર્દીઓને અત્યંત જરૂરી ઑક્સિજન પહોંચાડવાનું એક ભગીરથ કાર્ય હાથ ધર્યું હતું. આ ઉપરાંત યુ.કે., યુ.એસ.એ., આફ્રિકાના બી.એ.પી.એસ. કેન્દ્રો દ્વારા પણ ભારતમાં ઑક્સિજનની ક્ષતિ પૂરી કરવા માટે વિશાળ પાયે વિવિધ કાર્યો હાથ ધરવામાં આવ્યાં હતાં. સ્વામીશ્રીએ તા. ૨૯-૪-૨૦૨૧ના રોજ તેનો મંગલ આરંભ કર્યો હતો. સમયે સમયે તેઓએ બળ-પ્રેરણા અને આશીર્વાદ વરસાવતાં આ કાર્ય ખૂબ જ સફળ રહ્યું હતું.

આજે સ્વામીશ્રીએ આ મશીનો પૈકીના એક ઑક્સિજન કોન્સન્ટ્રેટર મશીનનું અક્ષરપુરુષોત્તમ મહારાજની દૃષ્ટિ કરાવતા પૂજન કર્યું હતું અને સંક્રમિત લોકો જલદી સાજા થાય અને વધુ લોકો સંક્રમણનો ભોગ ન બને તે માટે પ્રાર્થના પણ કરી હતી.

■ તા. ૧૧-૫-૨૦૨૧: આજે તારીખ પ્રમાણે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો ભાગવતી દીક્ષાદિન હતો. સ્વામીશ્રીને ભાગવતી દીક્ષા ગ્રહણ કર્યાને ૬૦ વર્ષ પૂર્ણ થતાં તેની સ્મૃતિમાં એક વિશિષ્ટ સ્મૃતિસભા યોજાઈ હતી. આ પ્રસંગે વરિષ્ઠ સંતોએ સ્વામીશ્રીને હારતોરા વડે વધાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

■ તા. ૨૬-૫-૨૦૨૧: સારંગપુર ખાતે યુવા તાલીમ કેન્દ્રમાં તાલીમ પામેલા યુવકોનો પદવીદાન સમારોહ

સ્વામીશ્રીની નિશ્રામાં આજે યોજાયો હતો. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલા આ પદવીદાન સમારોહમાં તાલીમ પામેલા યુવકોએ વિવિધ રજૂઆતો-પ્રાર્થનાઓ સાથે સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આ અવસરે સ્વામીશ્રીએ સ્વહસ્તે પત્ર લખી સૌને પ્રેરણાબળ પૂરું પાડ્યું હતું. સાથે સાથે યુવકોને આપવામાં આવનાર સર્ટિફિકેટ, સ્મૃતિભેટ વગેરે પ્રસાદીભૂત કર્યાં હતાં.

■ તા. ૨૯-૫-૨૦૨૧: આજે સ્વામીશ્રીએ દક્ષિણ આફ્રિકાના જહોનિસબર્ગ ખાતે રચાનાર નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરની શિલાઓનો વેદોક્ત પૂજનવિધિ કર્યો હતો.

■ તા. ૩૦-૫-૨૦૨૧: આજે રવિવારની સત્સંગસભાના ઉપક્રમે સ્વામીશ્રીએ શ્રી સ્વામિનારાયણ ચરિત્ર એનિમેશન શ્રેણી અંતર્ગત પ્રસ્તુત થયેલા એક વધુ ભાગનું વિધિવત્ ઉદ્‌ઘાટન કર્યું હતું. 'નીલકંઠ અને યોગાતીત રહસ્યો' નામક આ નૂતન ભાગ-૬ને નિહાળી, અત્યંત રાજી થઈ સ્વામીશ્રીએ ઈશ્વરચરણદાસ સ્વામી, શ્રીજીસ્વરૂપદાસ સ્વામીના નેતૃત્વમાં આ એનિમેશન ફિલ્મના નિર્માણમાં સેવા આપનાર, પાર્થભાઈ ગજ્જર અને પરાગભાઈ શાસ્ત્રીને આશીર્વાદ અર્પ્યા હતા.

■ તા. ૩૧-૫-૨૦૨૧: આજે સ્વામીશ્રીએ ન્યૂઝીલેન્ડના પાટનગર વેલિંગ્ટનમાં રચાનાર નૂતન બી.એ.પી.એસ. મંદિરની શિલાઓનું વૈદિક પૂજન કરી નૂતન મંદિરના નિર્માણ માટે શુભાશિષ પાઠવ્યા હતા.

## યોગી જયંતી પર્વ

તા. ૭-૬-૨૦૨૧, વૈશાખ વદ બારસ એટલે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો ૧૨૯મો પ્રાકટ્ય દિન. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના પ્રાકટ્યદિનના ઉપક્રમે 'યોગી જયંતી પર્વ' યોજાયું હતું. તા. ૨ થી ૫ જૂન ૨૦૨૧ દરમ્યાન યોજાયેલા યોગીપર્વે બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંતોએ યોગીજી મહારાજના જીવન આધારિત વિવિધ વિષયો પર મનનીય વ્યક્તવ્ય દ્વારા યોગીજી મહારાજનું સ્મરણગાન કર્યું હતું. જેમાં 'યોગીજી મહારાજની પરાભક્તિ તથા ગુરુભક્તિ', 'આનંદમય બ્રહ્મ યોગીજી મહારાજ', 'યોગીજી મહારાજના પ્રિય સંતવર્ય - પ્રમુખસ્વામી મહારાજ તથા મહંત સ્વામી મહારાજ' અને 'યોગીજી મહારાજની દિવ્ય પ્રતિભા' - વિષયક પ્રવચનોનો લાભ ક્રમશઃ પ્રભુચરણદાસ સ્વામી, પ્રિયવ્રતદાસ સ્વામી, ભક્તિસાગરદાસ સ્વામી અને વરિષ્ઠ સંતવર્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આપ્યો હતો. પ્રત્યેક દિનની સભાના અંતમાં ક્રમશઃ પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી અને પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ યોગીજી મહારાજના દિવ્ય પ્રસંગો વર્ણવી યોગીસ્મૃતિ કરાવી હતી. તા. ૬ જૂનના રોજ રવિ સત્સંગ સભામાં 'યોગીજીને વંદન વારંવાર' પંક્તિને કેન્દ્રમાં રાખી કીર્તન આરાધના યોજાઈ હતી. બી.એ.પી.એસ. સંસ્થાના સંગીતજ્ઞ સંતોએ યોગીજી મહારાજનું મહિમાગાન કરતાં ભક્તિપદોનું ગાન કરી બ્રહ્માનંદ રેલાવ્યો હતો. Sabha.baps.org અને GTPL કથાચેનલ પર રાત્રે ૯ થી ૧૦ વાગ્યા દરમ્યાન પ્રસારિત થયેલા 'યોગી જયંતી પર્વ'ના દિવ્ય સત્સંગનો લાભ દેશ-પરદેશના લાખો હરિભક્તોએ ઘરે બેઠાં પ્રાપ્ત કર્યો હતો.

તા. ૭ જૂનના રોજ સવારે ૬:૦૦ થી ૮:૩૦ વાગ્યા દરમ્યાન પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં પ્રાતઃપૂજા દર્શન તથા યોગીજી મહારાજના પ્રાકટ્યદિનની મુખ્ય ઉત્સવ સભા યોજાઈ હતી. live.baps.org પરથી પ્રસારિત થયેલી આ ઉત્સવ સભામાં સંતોનાં મુખેથી યોગીજી મહારાજનાં મહિમાવચનો અને સ્વામીશ્રીના આશીર્વચનમાં યોગીજી મહારાજના દિવ્ય પ્રસંગોનો આસ્વાદ માણવા મળ્યો હતો.

## પ્રમુખવરણી દિન

તા. ૧૪-૬-૨૦૨૧, જેઠ સુદ ચતુર્થીના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખપદે વરણી થઈ તેનો ૭૧મો ઐતિહાસિક દિન હતો. આજના દિને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં પ્રાતઃપૂજા દર્શન તથા વિશિષ્ટ સભાનો લાભ લાખો હરિભક્તોને પ્રાપ્ત થયો હતો. જેમાં પ્રમુખસ્વામી મહારાજે વરણી દિને ગુરુદેવ તથા ઈષ્ટદેવ સમક્ષ કરેલી પ્રતિજ્ઞાના મધ્યવર્તી વિચાર સાથે વિવિધ પ્રેરક કાર્યક્રમો તેમજ વરિષ્ઠ સંતોનાં પ્રેરણાવચનો તથા સભાના અંતમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં આશીર્વચનનો લાભ પ્રાપ્ત થયો હતો. ઉપરાંત ૧૩ જૂનના રોજ યોજાયેલી રવિ સત્સંગ સભા પ્રમુખવરણી દિન નિમિત્તેની વિશિષ્ટ સ્મૃતિસભા બની રહી હતી. જેમાં પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિવિધ પ્રસંગો દ્વારા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો અપ્રતીમ મહિમા કહ્યો હતો.





# પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા અમદાવાદ ખાતે દ્વિતીય શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરનો શિલાપૂજન વિધિ

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયથી ગુજરાતના મહાનગર અમદાવાદમાં સ્વામિનારાયણીય સત્સંગની એક અનોખી આભા પ્રકાશતી રહી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે અમદાવાદમાં કરેલી લીલાઓનો એક દિવ્ય અને દીર્ઘ ઈતિહાસ છે. અહીંના ભક્તોના પ્રેમને લઈને ભગવાન શ્રી સ્વામિનારાયણે સન ૧૮૨૨માં સ્વામિનારાયણ સંપ્રદાયનું સર્વપ્રથમ શિખરબદ્ધ મંદિર અમદાવાદ ખાતે રચ્યું હતું. આ જ મંદિરમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણની સર્વોપરિતાના પડઘમ ગુંજાવ્યા હતા. ‘આ જાય તે અક્ષર છે...’ એમ ઉચ્ચારતા ભગતજી મહારાજે અહીં અક્ષરબ્રહ્મના મહિમાનો ઉદ્‌ઘોષ કર્યો હતો. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પણ અમદાવાદને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં અનેક યશસ્વી કાર્યોનું કેન્દ્ર બનાવ્યું હતું. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આ શહેરને સન ૧૯૬૨માં શિખરબદ્ધ મંદિરની ભેટ આપી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અપાર જહેમત લઈને ઘરોઘર ઘૂમીને, ભવ્ય આંતર- રાષ્ટ્રીય મહોત્સવો ઊજવીને, નિકટમાં જ અક્ષરધામની રચના કરીને અહીંના સત્સંગને અનેકઘણો વિકસાવ્યો. ફળસ્વરૂપે હજારો હરિભક્તોનો વિરાટ સમુદાય સતત સત્સંગની હરિયાળી માણે છે. વિકસતા જતા શહેર અને વિકસતી જતી સત્સંગની ક્ષિતિજોને પહોંચી વળવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી આ શહેરને એક વધુ શિખરબદ્ધ મંદિરની ભેટ મળી રહી છે - પશ્ચિમ અમદાવાદમાં જગતપુર-ગોતા ખાતે.

વિ.સં. ૨૦૭૭, ચૈત્ર સુદ પડવો (ગુડી પડવો), તા. ૧૩-૪-૨૦૨૧ના પવિત્ર દિને નેનપુર ખાતે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના પુનિત હસ્તે અમદાવાદના ઉપનગર જગતપુર ખાતે રચાનાર નૂતન દ્વિતીય શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરનો શિલાન્યાસ વિધિ યોજાયો હતો. આ પ્રસંગે સ્વામીશ્રી વતી આત્મસ્વરૂપદાસ સ્વામીએ ‘પૂર્વવિધિ’ સંપન્ન કર્યો હતો. સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં અમદાવાદના સંગીતજ્ઞ સંતોએ શ્રીજીમહારાજથી






લઈને સમગ્ર ગુરુપરંપરાના અમદાવાદ સાથેના પ્રસંગો વણી લેતાં સુંદર કીર્તનોનું ગાન કર્યું હતું.

વિધિના પ્રારંભમાં અક્ષરવત્સલદાસ સ્વામીએ જણાવ્યું, ''શાસ્ત્રીજી મહારાજે અમદાવાદમાં મંદિર કરવા માટે ઘણી જમીનો જોઈ હતી. તેમાં પશ્ચિમ અમદાવાદમાં પણ વારંવાર જમીનો જોઈ હતી. તેઓનો સંકલ્પ હતો કે 'પશ્ચિમ અમદાવાદમાં પણ મંદિર કરવું' તે સંકલ્પ હવે સાકાર થવા જઈ રહ્યો છે.''

શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ વિધિના પ્રારંભમાં આજના મુહૂર્તની વિશેષતા જણાવતાં સ્વામીશ્રીના વરદ હસ્તે શિલાપૂજન વિધિ કરાવ્યો હતો.

સ્વામીશ્રીએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, ત્રણેય નિધિકુંભો તથા ભૂમિના દેવતાઓનું પૂજન કર્યું. ત્રણેય ખંડોની મુખ્ય શિલાઓ - ધરણી શિલાઓનું પૂજન કર્યું. અક્ષરપુરુષોત્તમ મહારાજ, નિધિકુંભો તથા શિલાઓની આરતી ઉતારી, મંત્રપુષ્પાંજલિનું અર્ઘ્ય અર્પણ કર્યું. હરિભક્તોને આપવાનાં રક્ષાસૂત્રો તથા અક્ષત પ્રસાદીભૂત કરી વિધિ સંપન્ન કર્યો હતો.


શિલાન્યાસ વિધિના ભાગરૂપે અમદાવાદના બી.એ.પી.એસ. મંદિરના મહંત પૂજ્ય ડૉક્ટર સ્વામીએ સારંગપુરથી સ્વામીશ્રીને હાર પહેરાવીને વધાવ્યા. જમીન સંપાદનમાં અમદાવાદના પૂર્વ કોઠારી અક્ષરનિવાસી પૂજ્ય સત્સંગિજીવનદાસ સ્વામી અને પૂજ્ય પુનીતચરણદાસ સ્વામીએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે ખાસ તેમની સ્મૃતિ કરવામાં આવી. આ મંદિર જેમના માર્ગદર્શન નીચે રચાવાનું છે તેવા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનનો લાભ આપ્યો હતો.

અંતમાં સ્વામીશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવતાં જણાવ્યું, ''બહુ સરસ, સુંદર જગ્યા મળી છે. મંદિર જલદીથી થઈ જાય, હરિભક્તો લાભ લેતા થઈ જાય, ભજન-ભક્તિનો મારો થઈ જાય અને મહારાજ-સ્વામી વિરાજે છે એમને લીધે બધો સત્સંગ વિસ્તરે છે. શિખરબદ્ધ મંદિર જલદી થશે. સારું થશે. ભવ્ય થશે.''

આમ, આજે પરમ પૂજ્ય સ્વામીશ્રીએ પશ્ચિમ અમદાવાદના હરિભક્તોને શિખરબદ્ધ મંદિર ભેટ આપવાની નેમ સાથે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સંકલ્પને સાકાર કરવા તરફ મંડાણ કર્યાં હતાં. હજારો હરિભક્તોએ તેમાં ઓનલાઈન ભાગ લઈને ધન્યતા અનુભવી હતી.

# પ્રસંગ-પરિમલ...

નેનપુર ખાતે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિત્ય વિચરણ-નોંધમાંથી કેટલાક પ્રેરક પ્રસંગોના દિવ્ય પરિમલને માણીએ...



**તા. ૧-૩-૨૦૨૧, નેનપુર**

આજની કથામાં સ્વામીશ્રીએ નિર્દોષભાવ-દિવ્યભાવની જબરજસ્ત વાતો કરી હતી. તેના સંદર્ભમાં અહીં ઉપસ્થિત ડૉ. મહેન્દ્રભાઈ કહે: ''લગભગ ૨૦૧૩ની વાત છે. સારંગપુરમાં અમે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરવા આવ્યા હતા. ત્યારે મહંત સ્વામી મહારાજે અમારી પાસે આવીને સતત ૪૦ મિનીટ સુધી નિર્દોષભાવ અને દિવ્યભાવની વાતો કરી હતી, ઊભાં ઊભાં!!''

સ્વામીશ્રીએ સમીપ આવતા એક એક સંત-હરિભક્તને આ એકડો ઘૂંટાવ્યો છે!

•

**તા. ૨-૩-૨૦૨૧, નેનપુર**

અહીં ઉપસ્થિત સૌ પર પ્રેમવર્ષા કરી સ્વામીશ્રી શય્યા પર પોઢ્યા. ત્યાં કોઈ પણ સંદર્ભ વગર સ્વતઃ કહેવા લાગ્યા: ''સંપમાં જતું કરવું પડે. ખેંચીને પોતાની બાજુ લાવવું નહીં, પણ જતું કરવું પડે. અને પ્રેમથી, અને પોતાનાં મોટાં ભાગ્ય માનીને જતું કરવું પડે. તો સંપ કહેવાય.''

કોઈ સંદર્ભ વિના આમ વાત કરી એટલે સેવકોએ જિજ્ઞાસાથી પૂછ્યું: ''એમનેમ વિચાર આવ્યો આ સ્વામી?''

સ્મિત રેલાવતાં સ્વામીશ્રી કહે: ''હા... એમનેમ!''

વર્ષોનાં મનન-ચિંતન પછી પણ જે વિચારો ન આવે તે સ્વામીશ્રીને એમનેમ આવે છે, કારણ કે તે તેઓના જીવનમાં સંપની ભાવના સાકાર થયેલી છે.

•

**તા. ૪-૩-૨૦૨૧, નેનપુર**

આજે સ્વામીશ્રી સાથે એક પ્રશ્નોત્તરીનું આયોજન હતું. સૌના પ્રતિનિધિ રૂપે આનંદનયનદાસ સ્વામીએ રોબિન્સવિલથી સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી કરી:

**પ્રશ્ન:** ''આપ નવરાશના સમયે શું કરવાનું પસંદ કરો?''

**સ્વામીશ્રી:** ''ગ્રંથ વાંચન.''

તરત પુછાયું: ''કયો ગ્રંથ વાંચવાનું વિશેષ પસંદ કરો?''

સ્વામીશ્રી થોડું સ્મિત રેલાવતાં કહેઃ ''અત્યારે તો પુરુષોત્તમ બોલ્યા પ્રીતે... એ બધી સ્વામિનારાયણ ભગવાનની જ વાણી છે.''

**પ્રશ્નઃ** ''હરિભક્તોને રાજી કરવા આપ કઈ સેવા કરવાનું વધારે પસંદ કરો? પધરામણી, વ્યક્તિગત સંપર્ક, મહાપૂજા કે કથા-વાર્તા (સભા)?''

**સ્વામીશ્રીઃ** ''વ્યક્તિગત સંપર્ક.''

**પ્રશ્નઃ** ''વર્તમાન સમયે આપનો અતિશય કુરાજીપો શેમાં છે? અભાવ-અવગુણ, વાણીવિવેકનો અભાવ, ક્રોધી સ્વભાવ કે માન?''

**સ્વામીશ્રીઃ** ''અભાવ-અવગુણ... મોટ્ટામાં મોટ્ટી ચોકડી. મહારાજ અને બધા ગુણાતીત ગુરુઓને એની સાથે વેર છે. એ બધું જ તમારું નાશ કરે ને બીજા, જે તમારા સંબંધમાં હોય એ પણ નાશ પામે. માટે અભાવ-અવગુણમાં પડવું નહીં. મહારાજના ખોળામાં પડવું.''

**પ્રશ્નઃ** ''હરિભક્તોએ હરિમંદિરમાં ઠાકોરજી સમક્ષ પ્રતિદિન, ઓછામાં ઓછા કેટલા દંડવત્ પ્રણામ કરવા જોઈએ? ૫, ૧૧, ૨૧ કે અન્ય?''

**સ્વામીશ્રીઃ** ''૧૧ કરવા.''

**પ્રશ્નઃ** ''હરિભક્તોએ શિખરબદ્ધ મંદિરમાં દરેક ખંડમાં, પ્રતિદિન ઓછામાં ઓછા કેટલા દંડવત્ પ્રણામ કરવા જોઈએ? ૫, ૧૧, ૨૧ કે અન્ય?''

**સ્વામીશ્રીઃ** ''દરેક ખંડમાં ૫ કરવા. એટલે ૫×૩ = ૧૫ થાય!''

**પ્રશ્નઃ** ''હરિભક્તોએ હરિમંદિરમાં તથા શિખરબદ્ધ મંદિરમાં, પ્રતિદિન ઠાકોરજીની ઓછામાં ઓછી કેટલી પ્રદક્ષિણા કરવી જોઈએ? ૫, ૧૧, ૨૧ કે અન્ય?''

**સ્વામીશ્રીઃ** ''અનુકૂળતા મુજબ. સમયની અનુકૂળતા હોય તો પાંચ. બધા પ્રદક્ષિણા ફરતા હોય એટલે પાંચ બરાબર છે. મહારાજ તે માન્ય કરી લે.''

**પ્રશ્નઃ** ''હરિભક્તોએ પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્રના વાંચન માટે રોજ, ઓછામાં ઓછો કેટલો સમય ફાળવવો? ૧૫ મિનીટ, ૨૦ મિનીટ, ૩૦ મિનીટ કે અન્ય?''

**સ્વામીશ્રીઃ** ''૧૫ મિનીટ તો ખરું જ; પછી અનુકૂળતા હોય તો, રુચિ હોય તો આગળ વાંચવું.''

**પ્રશ્નઃ** ''હરિભક્તોએ રોજ ઓછામાં ઓછી કેટલી મિનીટ નિત્યપૂજા કરવી? ૨૦ મિનીટ, ૩૦ મિનીટ, ૪૦ મિનીટ, ૫૦ મિનીટ કે અન્ય?''

**સ્વામીશ્રીઃ** ''ઓછામાં ઓછી ૨૦ મિનિટ પૂજા કરે તે બરાબર છે.''

**પ્રશ્નઃ** ''વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે પાંચ અનાદિ ભેદની વાત કરી છે, તેમાં આપ કયા સ્થાને વિરાજમાન છો? જીવ, ઈશ્વર, માયા બ્રહ્મ કે પરબ્રહ્મ?''

સ્વામીશ્રીએ તરત જ કહ્યુંઃ ''બ્રહ્મ!''

•

સ્વામીશ્રી અલ્પાહાર કરવા માટે પધાર્યા ત્યારે સામે લૉનમાં બેઠેલા સૌને મહિમાથી હાથ જોડી કહેઃ ''અક્ષરધામના મુક્તો છે...''

''સાધકો?'' સેવકે પૂછ્યું.

સ્વામીશ્રી કહેઃ ''બધા જ...''

•

**તા. ૬-૩-૨૦૨૧, નેનપુર**

વાર્તાલાપ દરમ્યાન ગુરુમનનદાસ સ્વામીએ કહ્યુંઃ ''સ્વામી! આજે છઠ્ઠી માર્ચ. આજની જ તારીખે પ્રમુખસ્વામી મહારાજે આપને પત્રલેખનની જવાબદારી સોંપી હતી... તો જ્યારથી તે આજ્ઞા કરી તે ઘડીથી આજ સુધી કયો વિચાર રાખીને આપે પત્રલેખન કર્યું છે?''

સ્વામીશ્રી કહેઃ ''હા, બસ સેવા. દિવ્ય સેવા!''

પાંચ શબ્દોમાં સ્વામીશ્રીએ સેવાનું હાર્દ બતાવી દીધું.

•

આજે ચેષ્ટાગાન તથા અષ્ટકગાન બાદ ગુરુમનનદાસ સ્વામીએ એક પ્રશ્ન સ્વામીશ્રીને પૂછ્યોઃ ''આપણે સેવાકાર્યો કરતા હોઈએ તેમાં અમુક વાર વડીલ સંતો પણ માર્ગદર્શન આપે કે 'અમુક લોકોની પ્રકૃતિ સમજી રાખવી પડે, તો સેવા સારી થાય, સરળતાથી થાય'... તો એ વખતે જે તે વ્યક્તિની પ્રકૃતિ થોડી જોવી પડે, તે વખતે શી સમજણ રાખવી? કારણ કે આપણે દોષ તો નથી જોવા હોતા...''

સ્વામીશ્રી કહેઃ ''દોષ છે, પણ વ્યક્તિના દોષ નથી. વ્યક્તિ અને દોષ જુદા પાડવા. વ્યક્તિમાં આપણે દોષ પરઠવાનો નથી, એના સ્વભાવમાં દોષ પરઠવાનો છે.''

બ્રહ્મવત્સલદાસ સ્વામીએ પૂછ્યુંઃ ''એટલે જે જાણપણું રાખવાનું છે, જેનાથી આપણે દૂર રહેવાનું છે એ જે તે વ્યક્તિના સ્વભાવ છે, તે વ્યક્તિ નહીં!?''

સ્વામીશ્રી કહેઃ ''હા... નહીંતર તો આપણું ભૂંડું થાય. માટે વ્યક્તિમાં દોષ પરઠવો નહીં. એના સ્વભાવમાં... સ્વભાવ અને વ્યક્તિ જુદા પાડે તો ક્યાં પ્રશ્ન છે? You have to deal with prakruti (તમારે તેની પ્રકૃતિ સાથે વ્યવહાર કરવાનો છે) અને વ્યક્તિ તો નિર્દોષ છે.''

સંતોએ પ્રાર્થના કરીઃ 'સ્વામી!

દૃષ્ટિ કરજો તો એવું થાય, અઘરું છે.'

સ્વામીશ્રી કહેઃ ''અઘરું છે... અઘરું છે. આપણે તરત જ ધડાકો કરીએ કે 'આ આવો જ છે, આ આવો જ છે, આ આવો જ છે.' પણ એ એવો નથી, એ વ્યક્તિ જુદી છે.''

સુંદર માર્ગદર્શન આપી સ્વામીશ્રીએ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્રનું શ્રવણ કર્યું.

●

**તા. ૯-૩-૨૦૨૧, નેનપુર**

આજે એકાદશીના દિવસે સ્વામીશ્રી સાથે ગોષ્ઠિ ચાલી રહી હતી. આત્મસ્વરૂપદાસ સ્વામીએ અક્ષરનિવાસી થયેલા યોગીસ્વરૂપદાસ સ્વામીના કેટલાક વિશેષ ગુણો અને મહિમાપ્રેરક પ્રસંગો યાદ કર્યા. ત્યારપછી 'ગુણ ગ્રહણ'ના સંદર્ભે સ્વામીશ્રી કહેઃ ''આપણે ત્યાં તો બધામાં ગુણ છે, કોઈ દંભ-ડોળ નથી. જે ગુણગાન ગવાય તે સાચું જ હોય.''

આત્મસ્વરૂપદાસ સ્વામી કહેઃ ''હા સ્વામી! યોગીસ્વરૂપદાસ સ્વામી જેવા સંતોના ગુણ ગવાય તો આપણો સાક્ષી કબૂલ કરે કે હા, એ ખરેખર એવા હતા...!''

સ્વામીશ્રીએ પૂર્ણ અનુમોદન આપ્યું.

●

**તા. ૧૦-૩-૨૦૨૧, નેનપુર**

સત્સંગદીક્ષા ગ્રંથનો મુખપાઠ કરનાર બાળકોના પ્રસંગોની અને મહિમાની ગોષ્ઠિ આરંભાઈ.

મુખપાઠ કરનાર લગભગ બધાના સ્વભાવમાં સકારાત્મક પરિવર્તન આવ્યું તે સંદર્ભે સ્વામીશ્રી કહેઃ ''સત્સંગદીક્ષામાં શ્રીજીમહારાજ જ વસેલા છે.''

પછી વાર્તાલાપ દરમ્યાન આગળ બોલતાં સ્વામીશ્રી કહેઃ ''ખરેખર, જેણે સત્સંગદીક્ષા મુખપાઠ કરવાનો સંકલ્પ કર્યો એનામાં શ્રીજીમહારાજ પ્રવેશ કરે અને એને બળ, હિંમત આપે; તો જ થાય. નહીં તો આ થવું મુશ્કેલ છે. આટલી નાની ઉંમર! અને એ બધાને સંસ્કૃત અને ગુજરાતીનું કોઈ જ્ઞાન નહીં, મોટા ભાગે બધા ઇંગ્લિશ મીડિયમમાં ભણવાવાળા. એટલે મહારાજનો જ પ્રવેશ હોય... અને શ્રીજીમહારાજનો પ્રવેશ થયો એટલે બધું થાય. 'નો'તી દીઠી, નો'તી સાંભળી' એવું થયું છે.''

આત્મસ્વરૂપદાસ સ્વામી કહેઃ ''સ્વામી! આ સૌને એક જ પ્રેરકબળ છે - રાજીપો.''

''હા, બીજો કોઈ ફોર્સ નથી. લૌકિક પ્રલોભન મૂકીને મુખપાઠ કરે છે!''

સ્વામીશ્રીએ વાર્તાલાપ દરમ્યાન મુખપાઠ કરનાર સૌ કોઈ પર પોતાની અંતરની પ્રસન્નતા વરસાવી.

●

**તા. ૧૧-૩-૨૦૨૧, નેનપુર**

આજે પુનઃ સ્વામીશ્રી સાથે સંતોની ઓનલાઈન પ્રશ્નોત્તરી થઈ. સૌના વતી શિકાગોથી સ્નેહમુનિદાસ સ્વામીએ સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી કરી.

**પ્રશ્નઃ** ''યોગીજી મહારાજ આપને સ્વપ્નમાં દર્શન દે તો આપ શું કરો? દંડવત્, દર્શન, પ્રાર્થના કે ભેટો?''

**સ્વામીશ્રીઃ** ''ના, દંડવત્ કરીએ.''

**પ્રશ્નઃ** ''યોગીબાપાની કઈ સેવા કરવી આપને સૌથી વધારે ગમતી? ટેકો આપવો, પત્રલેખન, સ્નાન કરાવવું કે ઊંચકવા?''

અહીં સ્વામીશ્રીએ 'તેઓને યોગીબાપાએ પચાસેક વાર ઊંચકવાનું સુખ આપ્યું હતું' તે વાત વર્ણવી.

**પ્રશ્નઃ** ''યોગીબાપાના મુખે કઈ બોધકથા સાંભળવી આપને ગમતી? ધોતાં ગઈ, ભાઈ! ધોતાં ગઈ... બાપુનો હોકો... અંધારું કાઢ્યું... કે લીંડિયો...?''

**સ્વામીશ્રી** (હસીને)**:** ''લીંડિયો.''

**પ્રશ્નઃ** ''યોગીબાપાના મુખે કયું કીર્તન સાંભળવું આપને સૌથી વધારે ગમતું? અનુભવી આનંદમાં... મન માન કહ્યું'તું મારું... ધીર ધુરંધરા... કે હાંજી ભલા સાધુ...?''

**સ્વામીશ્રીઃ** ''મન માન કહ્યું'તું મારું, તેં કામ બગાડ્યું તારું...''

**પ્રશ્નઃ** ''યોગીબાપા સાથે સેવા કરવાની તક મળી હોય તેમાંથી આપની સૌથી યાદગાર સેવા કઈ? વાસણ ઊટકવાં, ઠાકોરજીની સેવા, હાર બનાવવા કે અન્ય?''


**સ્વામીશ્રીઃ** ''હાર બનાવવા.''

**પ્રશ્નઃ** ''યોગીબાપાના મુખે કયા અંગ્રેજી શબ્દ સાંભળવા આપને ગમતા? Today fast... I am blessing you... Thank you... કે બીજા કોઈ?''

**સ્વામીશ્રી** (સ્મૃતિમાં સરી પડતાં હસીને કહે)**:** ''Gunatit! don't doze... એ રોજ આવતું.''

**પ્રશ્નઃ** ''અંગ્રેજીમાં બોલવા માટે યોગીબાપા સૌથી વધુ કોને ઊભા કરતા? આપને, ત્યાગવલ્લભ સ્વામીને, વિવેકસાગર સ્વામીને કે બીજા કોઈને?''

**સ્વામીશ્રીએ જણાવ્યુંઃ** ''યોગીબાપા જનકભાઈ દવેને ઊભા કરતા. યોગીબાપા તે સાંભળવામાં લીન થઈ જતા. જોઈ જ રહે... એમને બહુ મજા આવે. જનકભાઈનો જે ફોર્સ, ઉત્સાહ આવતો તે બધું યોગીબાપાને ગમતું.''



**પ્રશ્નઃ** ''યોગીબાપાએ આપને સ્ટેપ બાય સ્ટેપ, જાતે શિખવાડી હોય એવી કઈ વસ્તુ છે?''

**સ્વામીશ્રીઃ** ''હા છે ને!'' પછી તેઓએ 'ચચાણા ગામમાં યોગીબાપાએ જાતે, ચોકામાં ગાર કરવાનું શીખવ્યું હતું' તે પ્રસંગ વર્ણવ્યો.

**પ્રશ્નઃ** ''આજે યોગીબાપા સત્સંગદીક્ષા ગ્રંથ વાંચે તો શું બોલે?''

પ્રશ્ન સાંભળતાં જ યોગીબાપા જેવા ઉત્સાહથી સ્વામીશ્રી કહેઃ ''ઓ... હો...હો...! બધું જ આવી ગયું છે. મહારાજ, સ્વામી અને સિદ્ધાંત બધું જ આવી ગયું છે.' એવું બોલે.''

સરસ પ્રશ્નોત્તરી થઈ.

●

**તા. ૧૪-૩-૨૦૨૧, નેનપુર**

રાત્રે જાગીને સ્વામીશ્રીએ સૌની સુખાકારી માટે કુલ ૩ કલાક ને ૨૨ મિનિટ માળા ફેરવી હતી. આવું પૂર્વે પણ ઘણીવાર થયું છે. ક્યાકેય ક્યારેક તો સ્વામીશ્રી આખી આખી રાત જાગીને પ્રાર્થના કરતા રહ્યા છે. આત્મતૃપ્તદાસ સ્વામીએ આજની રવિવારની સત્સંગસભામાં તેનો નિર્દેશ કર્યો.

વળી તેમણે એમ પણ ઉલ્લેખ કર્યો કે ''મહંત સ્વામી મહારાજે કેટલું બધું વિચરણ કર્યું છે! છતાં પણ તેના કોઈ ફોટા મળતા નથી.''

''ક્યાં જરૂર છે?'' સ્વામીશ્રી સહજ નિર્લેપતાથી બોલી ઊઠ્યા.

આખી રાત જાગી જાગીને ભક્તો માટે પ્રાર્થના કરવાના સંદર્ભમાં સ્વામીશ્રી કહેઃ ''क्या सोना? હરિભક્તોનાં સુખ-દુઃખમાં પ્રાર્થના કરીએ એમાં જ મજા છે.''

ઉત્તમયોગીદાસ સ્વામીએ પૂછ્યુંઃ ''આપ સૂતા હો ત્યારે પણ ભક્તો અને ભગવાનના જ વિચારોમાં લીન હો છો?''

સ્વામીશ્રી કહેઃ ''હા. બીજું કાંઈ છે જ નહીં.''

આટલી વાત પછી સ્વામીશ્રીએ જ પૂર્વે કરેલી એક કથાના ભાગનું રેકોર્ડિંગ સેવકોએ સંભળાવ્યું.

રમૂજ ખાતર પૂછ્યુંઃ ''આ કયા સમયનો આપનો અવાજ છે સ્વામી!?... આપ તે સમયે સદ્‌ગુરુ છો કે ગુરુ છો?''

''દાસના દાસ.'' સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ-પત્રો પરથી સંકલિત) ◆

# તાઉતે વાવાઝોડાથી અસરગ્રસ્ત ગામોમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા રાહતકાર્ય



'સેવા પરમો ધર્મ'ની ભારતીય ઉક્તિ મુજબ સતત અને સર્વત્ર સેવા-ભાવનાની સુવાસ પ્રસરાવતી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, એપ્રિલ-મે-જૂન મહિનાઓમાં એક તરફ વિરાટ પાયે કોરોના મહામારીમાં સેવાની ભાગીરથી વહાવી રહી હતી, ઠેર ઠેર ઑક્સિજનનો પ્રવાહ પહોંચાડવા માટે સતત પ્રયત્નશીલ હતી, તો બીજી તરફ અચાનક આવી પડેલી તાઉતે વાવાઝોડાની અસર હેઠળ આવેલા લોકોની સેવામાં પણ દોડી ગઈ.

સમાજ પર જ્યારે જ્યારે કુદરતી આફતો આવી પડે છે ત્યારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા અસરગ્રસ્તોની વહારે દોડી જાય છે અને રાહતકાર્યો હાથ ધરે છે.

તાજેતરમાં અરબી સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલું તાઉતે વાવાઝોડું તા. ૧૮-૫-૨૦૨૧ના રોજ રાત્રે ૯-૩૦ વાગ્યે ગુજરાતના દક્ષિણ દરિયાકાંઠે ૧૩૩ કિ.મી.ની ઝડપે ટકરાયું હતું. જેથી દરિયાકાંઠાના અનેક જિલ્લામાં ભારે વરસાદ સાથે અતિ ઝડપથી પવન ફૂંકાયો હતો. આ આપત્તિમાં અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર જિલ્લાના દીવ, જાફરાબાદ, મહુવા વિસ્તાર સૌથી વધુ અસરગ્રસ્ત થયા હતા. કમોસમી વરસાદ સાથે પવન ફૂંકાતા ધરતીપુત્રોને વધારે નુકસાન ભોગવવું પડ્યું હતું. બીજા દિવસે પણ આ વાવાઝોડાએ ગુજરાતના અનેક જિલ્લાઓમાં તાંડવ મચાવીને રાજસ્થાન તરફ ફંટાઈને નબળું પડી ગયું હતું.

કોરોના મહામારી વચ્ચે તાઉતે વાવાઝોડું અનેક લોકો માટે આફતરૂપ બન્યું હતું. તાઉતે વાવાઝોડાથી તારાજીથી અસરગ્રસ્ત થયેલા લોકો માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી મહુવા, ભાવનગર, ગઢડા, જામનગર, રાજકોટ, અમદાવાદ વગેરે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં તાત્કાલિક ધોરણે રાહતસામગ્રી અર્થે ફૂડપેકેટ્સ તૈયાર કરવામાં આવ્યા હતા.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સેવાભાવી પુરુષ-મહિલા સ્વયંસેવકોએ કોરોનાના જરૂરી પ્રોટોકોલ વચ્ચે ફૂડપેકેટ મંદિરમાં તૈયાર કરીને અનેરી સેવાભક્તિ અદા કરી હતી. પૂરી, સૂકીભાજી, મરચાં સહિતનાં ૧૫,૨૫૦થી વધુ ફૂડપેકેટ સ્વયંસેવકોએ ઘરે ઘરે જઈને અસરગ્રસ્તોને હાથોહાથ અર્પણ કર્યા હતા. તેમજ બુંદી, પાપડી, ગાંઠિયા, ચવાણું સહિતની ખાદ્યસામગ્રીનાં



ફૂડપેકેટ્સ પણ વિતરીત કરવામાં આવ્યાં હતાં. ઘણાં કેન્દ્રોમાં ગરમ ભોજન પણ તાત્કાલિક ધોરણે પહોંચાડવામાં આવ્યું હતું.

આ ઉપરાંત અસરગ્રસ્તો માટે જીવનજરૂરિયાતની વસ્તુઓ સાથે સંસ્થા દ્વારા રાશનકીટ પણ તૈયાર કરવામાં આવી હતી. ઘઉંનો લોટ, ચોખા, દાળ, તેલ, મસાલા, શાકભાજી વગેરે સામગ્રી સહિતની કુલ ૫,૦૦૦થી વધુ રાશનકીટનું સંસ્થાના સ્વયંસેવકોએ અસરગ્રસ્ત ગામોમાં વિષમ પરિસ્થિતિમાં પહોંચીને ઘર ઘર વિતરણ કર્યું હતું. જ્યાં કોઈ નહોતું પહોંચ્યું એવા અંતરિયાળ ગામોમાં પહોંચીને આ સ્વયંસેવકોએ એ ગરીબ પ્રજાને હાથોહાથ રાશન સામગ્રી આપી ત્યારે તેમની આંખોમાં આભારની લાગણી છલકાઈ આવી હતી.

સેવા માટે સદૈવ તત્પર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ



સંસ્થાએ સમાંતરપણે ચાલી રહેલી અનેક સેવાપ્રવૃત્તિઓની સાથે સાથે વાવાઝોડામાં પણ અસરગ્રસ્તોને સહાય કરીને સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

ગુજરાતની પ્રજાએ દુઃખની ઘડીમાં ટાણાની સહાય કરવા બદલ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. ◆

---

**(અનુસંધાન પૃષ્ઠ ૩૩ પરથી)** તેથી જ તો ગુરુપદે હોવા છતાં પણ તેમની ભક્તિ અને દાસત્વ ભક્તિનો રંગ અનન્ય અનુભવાય છે. શિષ્યને બ્રહ્મરૂપ કરવા માટે પુષ્પદલ પાથરનાર ગુરુ સ્વયં તો કંટકપથે ચાલીને એના રાહબર બને તે જ સાચા ગુરુ છે !

લોકો તેમને પ્રથમ સ્થાને બેસાડે છે; તો તેઓ પોતાને આખરી સ્થાને ગણે છે. ભક્તો તેમને ગુરુપદે સ્થાપે છે, પૂજે છે; તો તેઓ પોતાને દાસાનુદાસ ગણે છે. ભક્તગણ તેમને પ્રગટબ્રહ્મ સ્વરૂપે સ્વીકારે છે; તો તેઓ પોતાને અદના સેવક ગણે છે. લોકો એમને સર્વકર્તા, સર્વજ્ઞ માને છે; તો તેઓ પોતાને સામાન્ય જ ગણે છે. આટલી સહજ નમ્રતા, ભગવાનના સર્વકર્તાપણામાં અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ તથા તેની સાથે સતત અનુસંધાન આ બધું જ પ્રમુખસ્વામીને સાચા અર્થમાં પ્રમુખપદે સ્થાપે છે, મહંત સ્વામી મહારાજને સાચા અર્થમાં મહંત પદે સ્થાપે છે. માટે જ, જે કોઈ સાચી ભાવનાથી તેમની સમીપ આવે છે અને આવ્યા છે, તે દરેકને ભગવાનની નજીક જઈ રહ્યાનો અનુભવ ચોક્કસ થાય છે. ◆

# દક્ષિણ આફ્રિકાના મહાનગર જહોનિસબર્ગ ખાતે રચાનાર શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો શિલાપૂજન વિધિ




આજથી લગભગ એક સદી પહેલાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ લઈને વ્યવસાય અર્થે ગુજરાતથી આફ્રિકા જવા નીકળેલા ભક્તરાજ શ્રી હરમાનભાઈ પટેલ, ત્રિભુવનભાઈ પટેલ વગેરે હરિભક્તોને કદાચ અંદાજ પણ નહોતો કે તેમની આ યાત્રા સ્વામિનારાયણીય સત્સંગને સાગર પાર પહોંચાડી રહી હતી. આ હરિભક્તોની સેવાથી, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી પૂર્વ આફ્રિકામાં સન ૧૯૪૫માં અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ સાથે નૈરોબીમાં પ્રથમ સ્વામિનારાયણ મંદિર સ્થપાયું. ત્યારે કદાચ કોઈને કલ્પના નહોતી કે આ નાના એવા મંદિરની મૂર્તિઓમાંથી આફ્રિકા ખંડના અનેક શહેરોમાં સનાતન હિન્દુ ધર્મની વૈદિક પરંપરાના અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરોનું તેજવર્તુળ વિસ્તરતું જશે અને લાખો ભક્તો તેમાંથી ભક્તિ અને સત્સંગની પ્રેરણાઓ મેળવશે.

તાજેતરમાં તેની પ્રતીતિ કરાવતી એક વધુ ધાર્મિકવિધિ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા સંપન્ન થઈ. એ વિધિ હતી - દક્ષિણ આફ્રિકાની ભૂમિ પર જહોનિસબર્ગ મહાનગરમાં રચાઈ રહેલા ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો શિલાપૂજન વિધિ.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સંકલ્પ અનુસાર અને ગુણાતીત ગુરુવર્યોના આશીર્વાદથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની સત્સંગ પ્રવૃત્તિઓનો વ્યાપ આફ્રિકા ખંડમાં સવિશેષ થઈ રહ્યો છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી સદ્‌ગુરુ

નિર્ગુણદાસ સ્વામીની પત્રધારાઓથી અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજના વિચરણથી સમગ્ર આફ્રિકાખંડમાં કેન્યા, ટાન્ઝાનિયા, ઝામ્બિયા, યુગાન્ડા, બોટ્સ્વાના, સાઉથ આફ્રિકા વગેરે દેશોમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગની સુવાસ પ્રસરી રહી છે. તેના એક ફળસ્વરૂપે સાઉથ આફ્રિકા દેશના જહોનિસબર્ગ મહાનગર ખાતે, તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે એક નૂતન કલાત્મક પંચશિખરયુક્ત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના નિર્માણનો પ્રારંભ કર્યો છે.

તા. ૨૯ મે, ૨૦૨૧ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે શિખરબદ્ધ મંદિર માટે પાયાની શિલાનું પૂજન કરીને નિર્માણકાર્યની મંગલ શરૂઆત કરાવી હતી. ગુજરાતમાં નેનપુર ખાતે વિરાજમાન સ્વામીશ્રીની સંન્નિધિમાં સવારે ૧૧:૦૦ વાગ્યે (દક્ષિણ આફ્રિકામાં સવારે ૭:૩૦ વાગ્યે) પથ્થરોની પ્રારંભિક વૈદિક મહાપૂજાવિધિ આરંભાઈ હતી. વૈદિક મહાપૂજાવિધિ કરીને સ્વામીશ્રીએ મંદિરના પાયામાં સ્થાપિત થનાર શિલાઓ, યંત્રો અને બાંધકામના સાધનોનું પૂજન કર્યું હતું.

આ સમગ્ર શિલાપૂજન વિધિનું વૈશ્વિક સ્તરે જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. ઓનલાઈન પ્રસારિત આ મહત્વપૂર્ણ પ્રસંગમાં જોડાવા માટે પૂર્વ આયોજન પ્રમાણે દક્ષિણ આફ્રિકામાં સેંકડો પરિવારોના ઘરે પૂજા-સામગ્રી અને બે શિલા પહોંચાડવામાં આવી હતી. સ્વામીશ્રીની સાથે સાથે એ સેંકડો પરિવારોએ શિલાપૂજન ઘરેબેઠાં કર્યું હતું. પ્રત્યેક પરિવાર આ મહાપૂજામાં પૂજિત શિલાઓ મંદિરની સાઈટ પર નૂતન મંદિરના પાયામાં પધરાવશે. સ્વામીશ્રીએ પૂજનવિધિ સંપન્ન કરી. ત્યારબાદ દક્ષિણ આફ્રિકાના હરિભક્તો વતી સ્થાનિક વરિષ્ઠ ભક્તોએ સ્વામીશ્રીને શિલાની પ્રતિકૃતિઓથી બનાવેલી વિશેષ માળા અર્પીને વંદન કર્યાં હતાં. સ્વામીશ્રીએ ઐતિહાસિક પ્રોજેક્ટ માટે તમામ હરિભક્તો પર આશીર્વાદ વરસાવ્યા હતા. તેમજ સમારોહ બાદ સૌ પર પ્રસન્નતાનો વિશેષ પત્ર પણ પાઠવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૨૫ માર્ચ, ૨૦૧૭ના મહંત સ્વામી મહારાજે જહોનિસબર્ગ મંદિર પરિસરમાં નિર્માણ પામનાર હવેલીનો શિલાન્યાસ કર્યો. ત્યારથી નિર્માણકાર્ય સતત પ્રગતિ કરી રહ્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના આશીર્વાદ, સૌની અનન્ય શ્રદ્ધા, નિષ્ઠા અને સેવા-ભાવનાના પરિપાકરૂપે જહોનિસબર્ગ શહેરને ટૂંક સમયમાં જ આ નૂતન પંચશિખરીય કલાત્મક મંદિરનું નજરાણું પ્રાપ્ત થઈ જશે. ◆



### ભક્તરાજ શ્રી શંભુસિંહજી ઘનશ્યામસિંહજી જાડેજા, જાયવા, ઉં.વ. ૮૫, અક્ષરવાસ તા. ૨૪-૪-૨૦૨૧



ધ્રોલ તાલુકાના જાયવા ગામના વતની ભક્તરાજ શ્રી શંભુસિંહજી જાડેજાનો જન્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીથી પ્રસાદીભૂત પરિવારમાં થયો હતો. સત્સંગનાં પીયૂષ તેમણે વારસામાંથી જ પીધાં હતાં. વળી, ભક્તરાજ દાજીબાપુના પરિવારના જમાઈ સાહેબ હોવાથી તેમને બંને પક્ષે સત્સંગનો વિશેષ લાભ મળ્યો હતો. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો યોગ બાળપણથી જ હોવાથી તેઓ યોગીજી મહારાજના ખૂબ કૃપાપાત્ર બન્યા હતા. યોગીજી મહારાજની સેવા અને સત્સંગની મોજ તેમણે હૃદયપૂર્વક માણી હતી. યોગીજી મહારાજની આજ્ઞાથી સન ૧૯૬૫થી એક પણ રવિ સત્સંગસભા ચૂક્યા નથી પછી તે તેમના સ્વજનનો અક્ષરવાસ હોય કે પુત્ર-પુત્રીનાં લગ્ન હોય. ચોખ્ખો દશાંશ ધર્માદો ઠાકોરજીને ચરણે અર્પણ કરવામાં તેમણે જીવનપર્યંત ચૂક પડવા દીધી નહોતી. આરતી, ચેષ્ટા, કથાવાર્તામાં નિયમિતતાની સાથે સાથે ઘરસભા પણ છેલ્લા ૫૦ વર્ષથી કરતા હતા. રવિ સત્સંગસભામાં હરિભક્તોના સંકલ્પપૂર્તિની ધૂનની શરૂઆત પણ તેઓએ જ કરી હતી. તેઓએ સંસ્થાના ભવ્ય મહોત્સવો, રાજકોટની સત્સંગપ્રવૃત્તિ, રજપૂતપરાના હરિમંદિર, કાલાવડ રોડના શિખરબદ્ધ મંદિરમાં અનેકવિધ સેવાઓ કરીને પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ તેમજ સંતોનો ખૂબ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. હંમેશાં કથાવાર્તા દ્વારા અનેકને સત્સંગ કરાવતા તેમજ નિખાલસ, સ્પષ્ટ વક્તા, સંસ્થા-સત્પુરુષ-સિદ્ધાંતનો શિર સાટે પક્ષ રાખતા આ ભક્તરાજે વર્ષોથી એકધારી રહેણી-કરણી દ્વારા એક આદર્શ ભક્તનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. તેમની વિદાયથી સંસ્થાને ખૂબ મોટી ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### ભક્તરાજ શ્રી અરવિંદભાઈ હર્ષદભાઈ દવે, મુંબઈ, ઉં.વ. ૭૫, અક્ષરવાસ તા. ૯-૬-૨૦૨૧



શ્રી અરવિંદભાઈ એટલે મુંબઈના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગના એક પાયાના સમર્પિત ભક્તરાજ. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના વિશ્વાસપાત્ર, કૃપાપાત્ર, મૂક સેવક. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના 'વ્યાસ' તરીકે જેમણે અનેક પ્રદાનો આપ્યાં છે એવા મહાન ભક્તરાજ શ્રી હર્ષદભાઈ દવેના તેઓ સુપુત્ર. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વરિષ્ઠ સદ્ગુરુવર્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના પૂર્વાશ્રમના લઘુબંધુ. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો બાળવયે જ લાભ પામેલા શ્રી અરવિંદભાઈને ગળથૂથીમાંથી જ અક્ષરપુરુષોત્તમ ઉપાસના અને નિષ્ઠાનાં અમૃત ઘૂંટાવાયાં હતાં. પ્રખર જ્ઞાની શ્રી હર્ષદભાઈ દવેએ પુત્ર તરીકે નહીં, પરંતુ મુક્ત તરીકે કથાવાર્તા દ્વારા તેમનું જીવનઘડતર કર્યું હતું. એટલે મહિમાની ખુમારી, ઊંડી સમજણ, સૌ પ્રત્યે આત્મીયતા અને સેવાનિષ્ઠા તેમને વારસામાં મળી હતી. મુંબઈ સત્સંગ મંડળ અને સંસ્થાના એક અગ્રણી હરિભક્ત હોવા છતાં જેમતેમ જ્યાં ત્યાં જેવી સગવડ મળે જેવા ઉતારા મળે એમાં રાજી રહીને તેમણે વિનમ્રભાવે અનેકવિધ સેવાઓ કરી છે. તેઓએ વર્ષો સુધી સંસ્થાની મહિમાપૂર્વક ખૂબ સેવા કરીને ગુરુવર્યોનો ખૂબ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સરળ, સદા દાસ, નમ્રસેવક શ્રી અરવિંદભાઈને ઠાકોરજી પ્રત્યે, મંદિર પ્રત્યે તેમજ પ્રગટ સત્પુરુષ પ્રત્યે અનન્ય ભક્તિ અને મમત્વ. સૌની સાથે હળીમળીને સેવા કરવાની તેમની ભાવના સૌને પ્રેરણા આપતી હતી. સદા હસતા, હસાવતા, આનંદ કરતા-કરાવતા આ ભક્તરાજ સંસ્થાના નાના-મોટા અનેક પ્રસંગોમાં, ઉત્સવ સમૈયાઓમાં, સંસ્થાના વિકાસના પ્રત્યક્ષ સાક્ષી હતા. એક સિતારા સમાન આ અગ્રણી ભક્તરાજના ધામગમનથી બી.એ.પી.એસ. સંસ્થાને અપૂરણીય ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### ભક્તરાજ શ્રી પ્રો. મોતીભાઈ શનાભાઈ પટેલ, નાપાડ, ઉં.વ. ૯૮, અક્ષરવાસ તા. ૧૭-૫-૨૦૨૧



મૂળ નાપાડના વતની અને વર્ષોથી સત્સંગમાં સેવા કરનાર ભક્તરાજ શ્રી મોતીભાઈને બાળપણમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનાં દર્શનનો લાભ મળ્યો હતો. તેઓ સન ૧૯૪૨માં બોરસદમાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયા હતા. એમ.એસસી. એગ્રિકલ્ચર થયા પછી આણંદમાં ખેતીવાડીમાં બી.એ. એગ્રીકલ્ચર કોલેજમાં સન ૧૯૫૫ થી ૧૯૮૨ સુધી અધ્યાપક તરીકે શિક્ષણ સેવા કરી હતી. તે અધ્યાપનકાળમાં શ્રી વિનુભાઈ (પૂજ્ય મહંત સ્વામી મહારાજ) તેમના વિદ્યાર્થી હતા. સન ૧૯૬૩માં બ્રહ્મસ્વરૂપ યોગીજી

મહારાજના હસ્તે કંઠી ધારણ કરીને તેઓ સત્સંગમાં જોડાયા. તે દિવસથી ઘરમંદિરમાં નિત્ય આરતી, થાળ અને ઘરસભા કરતા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બે વર્ષ વહેલી નિવૃત્તિ લઈને ગોંડલ ગુરુકુળમાં વ્યવસ્થાપક તરીકે ૧૦ વર્ષ સુધી સેવા કરી હતી. નાપાડ અને ખેતીવાડી મંદિરના નિર્માણમાં પણ તેમની વિશેષ સેવાઓ હતી. સન ૧૯૯૧ થી ૨૦૧૮ સુધી વિદ્યાનગર છાત્રાલયમાં અક્ષરપીઠના પુસ્તકભંડારમાં તેમણે ખંતપૂર્વક સેવાઓ આપી. એક સંનિષ્ઠ અને અગ્રણી ભક્તરાજ હોવા છતાં તેઓ છાત્રાલયમાં એક વિદ્યાર્થીની જેમ જ ફી ભરીને સમૂહમાં રહેતા અને હૃદયપૂર્વક સેવા કરતા. અને દરેક એકાદશીએ નિર્જળ ઉપવાસ કરતા. તેઓનું સ્વાવલંબી, સમર્પિત, સેવામય અને સત્સંગપ્રધાન જીવન યુવાન વિદ્યાર્થીઓ અને હરિભક્તો માટે પ્રેરણાદાયી હતું. બાકરોલ અને ગોંડલ વિદ્યામંદિરમાં તથા વિદ્યાનગરમાં છાત્રાલયમાં વિદ્યાસહાયની પણ તેમની કાયમી સેવાઓ હતી. જીવનના છેલ્લાં ત્રણ વર્ષ સુપુત્ર ડૉ. અશોકભાઈ સાથે રહેતા ત્યારે પણ દરરોજ આણંદ મંદિરે દર્શને આવીને પ્રાતઃકથાનો લાભ લેતા, પરાસભા અને રવિસભામાં જૈફ વયે આવીને સત્સંગનો લાભ લેતા હતા. તેમણે પરિવારમાં સત્સંગનું સિંચન કરીને સૌને નિષ્ઠાવાન સમર્પિત ભક્ત બનાવ્યા અને પૌત્રને (પૂજ્ય બાલમુકુન્દદાસ) સત્સંગની સેવામાં સમર્પિત થવા પ્રેરણા આપી હતી. શ્રી મોતીભાઈએ સત્સંગની અનેકવિધ સેવાઓ કરીને ગુણાતીત ગુરુવર્યોનો અપાર રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આવા સેવામય ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### ભક્તરાજ શ્રી કાંતિભાઈ મોહનભાઈ માધાણી, જામનગર, ઉં.વ. ૮૬, અક્ષરવાસ તા. ૨૧-૪-૨૦૨૧



મૂળ જામનગરના અને ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય પમા કડિયાના વંશજ શ્રી કાંતિભાઈ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના એક વિનમ્ર સેવામય કલાકાર ભક્તરાજ હતા. આરસના આલેખન, નકશી તથા મંદિર બાંધકામના નિષ્ણાત શ્રી મોહનભાઈ જેઠાભાઈ માધાણીના જ્યેષ્ઠ સુપુત્ર શ્રી કાંતિભાઈને સન ૧૯૫૫માં જેતપુરમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં પ્રથમ દર્શન થયાં હતાં. ત્યારબાદ પત્ર લખીને યોગીજી મહારાજે બોચાસણ મંદિરમાં બોલાવીને તેમને મંદિરમાં આરસ પાથરવાનું કાર્ય સોંપ્યું હતું. સાથે સાથે કલાત્મક દરવાજાનું કામ પણ તેઓએ ખૂબ ઉત્સાહથી વર્ષો સુધી કર્યું હતું. ત્યારબાદ સારંગપુર, ગોંડલ, અટલાદરા, અમદાવાદ, મુંબઈ, સુરત અને ગાંધીનગરના મંદિરોમાં પણ કલાત્મક આરસકાર્ય કરીને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની ખૂબ જ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. સંતોની આજ્ઞા થાય એટલે તેઓ ઉત્સાહ અને ઉમંગથી સેવામાં જોડાઈ જતા. સારંગપુર મંદિરના રંગમંડપમાં ગાલીચા અને થાંભલાનું કાર્ય, ગોંડલ અક્ષરદેરીમાં આરસનું કાર્ય, ગોંડલમાં ઠાકોરજીના ભંડકિયાની દીવાલથી સીડી કરવાનું જટિલકાર્ય પણ તેમણે કર્યું હતું. આ દરેક કાર્યો બદલ યોગીજી મહારાજે તેઓના પર અપાર રાજીપો વરસાવીને આશીર્વાદ આપ્યા હતા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પણ તેઓને અનેક મંદિરના કાર્યમાં સાથે રાખીને ખૂબ જ હેત વરસાવ્યું હતું. આમ આજીવન સેવા, ભક્તિ અને સત્સંગમય જીવન જીવનારા શ્રી કાંતિભાઈના અક્ષરવાસથી એક સેવાનિષ્ઠ ભક્તરાજની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### ભક્તરાજ શ્રી કનુભાઈ શનાભાઈ સિંધા, ધુવારણ (રાવપુરા), ઉં.વ. ૫૭, અક્ષરવાસ તા. ૧૦-૫-૨૦૨૧



મૂળ ધુવારણ(રાવપુરા)ના વતની શ્રી કનુભાઈ સિંધા સન ૧૯૯૧-૯૨માં ધંધાર્થે ગાંધીનગર સ્થાયી થયા હતા. પરિવારમાં વર્ષો જૂનો દૃઢ સત્સંગ હોવાથી સત્સંગની પાકી નિષ્ઠા તેમના જીવમાં પણ વણાયેલી હતી. સન ૧૯૯૨માં ગાંધીનગર અક્ષરધામમાં મહોત્સવમાં મહિનાઓ સુધી સેવાઓ કરીને પ્રમુખસ્વામી મહારાજનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. વર્ષો સુધી પેથાપુર સત્સંગમંડળમાં ખૂબ સેવાઓ કરીને, કુટુંબમાં પણ સત્સંગનિષ્ઠા દૃઢાવી હતી. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, અટલાદરા, વડોદરા — પ્રવેશ અંગે

અટલાદરા સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલયમાં જૂન ૨૦૨૧થી શરૂ થતાં નવા સત્રમાં કોલેજના કોઈપણ અભ્યાસક્રમનાં વિદ્યાર્થીઓને પ્રવેશ મળી શકશે. પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ઓફિસ સમયમાં પિતા/વાલી સાથે રૂબરૂ મળવાનું રહેશે.

**ઓફિસ સમય**: સવારે ૯-૦૦ થી ૧૨-૦૦, સાંજે ૪-૦૦ થી ૬-૦૦

**સરનામું**: બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, શાસ્ત્રીજી મહારાજ હૉસ્પિટલની બાજુમાં, શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ માર્ગ, અટલાદરા, વડોદરા. **મો.** ૯૯૯૮૯૯૧૦૩૬.

# સર્વાંગાસન




**યોગ, વ્યક્તિને ભગવાનમાં જોડવાની એક પ્રક્રિયા છે. જેનું એક મહત્ત્વનું પગથિયું છે - આસન, જે શરીરને સ્થિરતા આપે, મનને શાંતિ આપે, સ્વાસ્થ્યની વૃદ્ધિ અને તન-મનની સ્ફૂર્તિ આપે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પણ નિયમિત યોગ-પ્રાણાયામ કરીને પ્રેરણા આપતા. સાધુ અક્ષરજીવનદાસ દ્વારા લિખિત 'યોગ દ્વારા આરોગ્ય' પુસ્તકના આધારે 'પ્રકાશ'માં દરેક અંકે માણતા રહીશું યોગની કેટલીક રજૂઆતો.**

**પ્રભાવ :**

● આ આસનથી કટિ વિકાર, નાડી વિકાર અને સ્નાયુદોષ દૂર થાય છે. કબજિયાત, ઘૂંટણના વાની પીડા, આમવાત, આંતરડાંની દુર્બળતા તેમજ કમજોરી દૂર થાય છે. કંઠની થાઈરોઈડ ગ્રંથિની ક્રિયાશીલતા વધે છે. રક્તસંચાર ઝડપી અને સંપૂર્ણ થાય છે. લીવર અને બરોળના રોગો દૂર થાય છે. ચહેરો તેજસ્વી બને છે. આંતરડાં અને બીજાં અંગો સ્વસ્થ ને સ્થિર બને છે.

● આ આસન પાચનતંત્રનાં દર્દોમાં લાભપ્રદ છે. આંતરડાં તથા પેટનાં લાંબા સમયનાં દર્દો પણ આ આસનના અભ્યાસથી દૂર થાય છે.

● આ આસનના સતત અભ્યાસથી કાયમી શરદી તથા નાકના અન્ય રોગો દૂર થઈ શકે છે. જઠરાગ્નિ સતેજ બને છે. વાયુ-પિત્ત-કફ ત્રણે શાંત થાય છે. મેધાશક્તિ વધે છે અને યૌવન જળવાય છે.



**પ્રયોગ :**

● પ્રથમ જમીન પર પાથરેલ શેતરંજી પર ચત્તા સૂઈ જાઓ. બન્ને નાસા-છિદ્રો દ્વારા શુદ્ધ પ્રાણવાયુ ફેફસાંમાં ભરી લો.

● પછી બન્ને પગ એક સાથે જોડીને તેને થાપા અને કમર સહિત ઊંચા કરી ઉપર છત તરફ લઈ જાઓ.


● બન્ને હાથની હથેળીઓ વડે પીઠને એવી રીતે ટેકો આપો કે જેથી શરીરનું સમગ્ર વજન માથું અને કોણીઓ ઉપર રહે. બન્ને પગ, પેટ, છાતી એક સીધી રેખામાં રહે અને પગના પંજા - અંગૂઠા બહારની દિશામાં વધુ ખેંચાયેલા રહે. હડપચીને કંઠમૂળમાં લગાવી દો.

● શરીર સ્થિર અને સીધું રાખી, નજર પગના અંગૂઠા પર સ્થિર રાખો.

● સહજભાવે ધીમે ધીમે શ્વાસોચ્છ્વાસ લેતા રહો.


● આરામથી શ્વાસ ભરી રાખીને પછી શ્વાસ અટકાવી રાખો અને નાક મારફતે ધીરે ધીરે શ્વાસ છોડો. આ સ્થિતિમાં તમારી દાઢી છાતી સાથે અડાડી દેશો એટલે જાલંધરબંધ થશે. એક-બે મિનિટ પછી ધીમે ધીમે બન્ને પગ એક સાથે નીચે લાવીને આરામ કરો.

● શરૂમાં આ આસન સવાર-સાંજ બે વાર કરવું. આસન કર્યા પછી મત્સ્યાસન કરવું, જેથી પીઠનું દર્દ દૂર થશે. પોતાની અનુકૂળતા મુજબ આ આસન ૨ મિનિટથી ૩૦ મિનિટ સુધી કરી શકાય. ◆







પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં નિર્માણાધીન મંદિરોની વિવિધ વિધિઓની અવિરત શૃંખલા વહેતી રહે છે. તાજેતરમાં સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા નેનપુર ખાતે મોરબીના શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરના પ્રથમ સ્તંભનું પૂજન થયું તેમજ ન્યૂઝીલેન્ડની રાજધાની વૅલિંગ્ટનમાં રચાનારા બી.એ.પી.એસ. મંદિરનું શિલાપૂજન થયું તેની છબિસ્મૃતિઓ...



Swaminarayan Prakash Gujarati, July-2021 Printed & Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.





**તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણીના પૂજન દ્વારા સ્વામીશ્રીએ આરંભ કરાવ્યો 'ઘર ઘર નીલકંઠ વર્ણી' અભિયાનનો...**

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે અમેરિકા ખાતે અક્ષરધામનું નિર્માણકાર્ય ચાલી રહ્યું છે. આ પરિસરમાં ટૂંક સમય પછી સ્થપાનાર શ્રી નીલકંઠ વર્ણીની ભવ્ય મૂર્તિના પૂર્વ આયોજન રૂપે, યુ.એસ.એ. ખાતે બી.એ.પી.એસ. મહિલાપ્રવૃત્તિ દ્વારા 'ઘર ઘર નીલકંઠ વર્ણી' અભિયાન યોજવામાં આવ્યું હતું. તા. ૧૧-૪-૨૦૨૧ના રોજ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે વેદોક્ત વિધિપૂર્વક તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણીનું પૂજન કરીને આ અભિયાનનો મંગલ પ્રારંભ કરાવ્યો હતો. શ્રી નીલકંઠ વર્ણીની પૂજા વિધિ કરીને સ્વામીશ્રીએ આશીર્વચનોમાં જણાવ્યું હતું કે 'શ્રી નીલકંઠ વર્ણીના દિવ્ય ગુણોનું સ્મરણ, મનન અને અનુસરણ આપણને શાંતિ અને સુખ આપશે...'



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas